અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ એપ્રિલ ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૫ | અંક : ૨૬૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ: ૨૧ શ્રમિકોના મોત

## ફટાકડાની ફેક્ટરીમાં પ્રચંડ બ્લાસ્ટ થયા બાદ આગ ફેલાઇ હતી, બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે ગોડાઉન ધરાશાયી થઈ ગયું અને કામ કરી રહેલા શ્રમિકોના શરીરના ટુકડા થઈ ગયા



**મૃતકોને ૪-૪ લાખની સહાય જાહેર**

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧ ।

બનાસકાંઠાના ડીસામાં પર ફટાકડાની ફેક્ટરીમાં ભીષણ બ્લાસ્ટ અને આગના કારણે અનેક શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. ૧૮ શ્રમિકો બાદ વધુ ૩ શ્રમિકોના મૃતદેહ મળી આવતા મૃત્યુઆંક ૨૧ પર પહોંચ્યો છે. ફટાકડાની ફેક્ટરીમાં પ્રચંડ બ્લાસ્ટ થયા બાદ આગ ફેલાઈ હતી. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે ગોડાઉન ધરાશાયી થઈ ગયું અને કામ કરી રહેલા શ્રમિકોના શરીરના ટુકડા થઈ ગયા હતા. મૃત્યુઆંક હજુ પણ વધવાની આશંકા છે. ડીસા દુર્ઘટનામાં SITની રચના કરવામાં આવી છે. જેમાં ડીવાયએસપીની આગેવાનીમાં બે પોલીસ ઈન્સ્પેક્ટર અને બે પોલીસ સબ ઈન્સ્પેક્ટરને સામેલ કરાયા છે.

ડીવાયએસપી સી.એલ. સોલંકી, પીઆઈ વી.જી. પ્રજાપતિ, પીઆઈ એ.જી. રબારી, પીએસઆઈ એસ.બી. રાજગોર અને પીએસઆઈ એન.વી. રહેવારને SITમાં સામેલ કરાયા છે. બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અને મંત્રી બળવંત સિંહ રાજપૂત સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. સિવિલ હોસ્પિટલ ખાતે મંત્રીઓ અને અધિકારીઓને બેઠક યોજાઈ હતી.

બીજી તરફ ફેક્ટરીમાં કામ કરતા એક યુવાનની પૂછપરછ કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, ડીસામાં ઢુંવા રોડ પર આવેલી ફટાકડાની ફેક્ટરીમાં વહેલી સવારે ભીષણ આગ લાગી હતી. ટૂંક જ સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘટનાની જાણ થતાં તુરંત ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે શ્રમિકોના અંગના ટુકડા દૂર દૂર સુધી ફેંકાયા હતા. ૨૦૦ મીટર સુધી ફેક્ટરીનો કાટમાળ ફેલાયો હતો, જે હટાવવા માટે JCBની મદદ લેવાઈ હતી. વિસ્ફોટના કારણે ગોડાઉનની છત પણ ધરાશાયી થઈ ગઈ હતી. પાંચ જેટલા શ્રમિકોને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

તમામ મૃતકો મધ્ય પ્રદેશના રહેવાસી હોવાનું અનુમાન છે. મળતી માહિતી પ્રમાણે આ શ્રમિકો હાલમાં જ પૈસા કમાવવા માટે અહીં જોડાયા હતા અને મજૂરી કરતાં. મૃતકોની ઓળખ માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું છે, કે 'આજે સવારે અમને ડીસાના ઔદ્યોગિક ક્ષેત્રમાં ભયાનક વિસ્ફોટની જાણકારી મળી. ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. ઈજાગ્રસ્ત શ્રમિકોને હોસ્પિટલ લઈ જવાયા છે. વિસ્ફોટના કારણે ફેક્ટરીનો સ્લેબ ધરાશાયી થયો હતો.' રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડીસાની ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે 'X' પર લખ્યું છે કે, ડીસામાં ફટાકડાના ગોડાઉનમાં વિસ્ફોટ થવાથી આગ લાગવાના લીધે અને સ્લેબ ધરાશાયી થવાના લીધે શ્રમિકોના મૃત્યુની ઘટના હૃદયદ્રાવક છે. દુઃખની આ ઘડીમાં મારી આત્મીય સંવેદના મૃતકોના સ્વજનોની સાથે છે. આ દુર્ઘટનામાં રાહત-બચાવ અને સારવારની કામગીરીને લઈને હું વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં છું.'

### રાજકોટ પછીની આ બીજી ગોઝારી ઘટના બની છે

**સાંસદ ગેનીબેન ઠાકોરે મીડિયા સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, 'નિર્દોષ લોકોને શાંતિ મળે એવી પ્રાર્થના કરુ છું. રાજકોટ પછીની આ બીજી ગોઝારી ઘટના બની છે. વહીવટી તંત્રની મોટી ચૂક છે. મંજૂરી આપતી વખતે શું ધ્યાન રાખ્યું એ પણ તપાસનો વિષય છે. નિર્દોષ લોકોના મોત થયા છે એમના પરિવારજનોને ન્યાય મળે એ માટે કાર્યવાહી કરવા ઉચ્ચ કમિટી બનાવવા માટે પણ હું રજૂઆત કરીશ. રાજ્ય સરકારે જો રાજકોટ બાદ યોગ્ય કાર્યવાહી કરી હોત તો કદાચ આ દુર્ઘટના ન બની હોત. હું અપેક્ષા રાખું કે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.' કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ અને કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે આ અંગે પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, 'અતિશય દુઃખદ સમાચાર મળ્યા કે, બનાસકાંઠાના ડીસામાં ફટાકડાના ગોડાઉનમાં ભીષણ આગ લાગવાના કારણે ૧૭ વ્યક્તિઓના દુઃખદ મૃત્યુ થયા. ગુજરાતમાં વારંવાર આવી ઘટનાઓ બને છે. સુરતનું તક્ષશિલા હોય કે રાજકોટનો અગ્નિકાંડ હોય, કેટલાય લોકોએ જીવ ગુમાવ્યા. તેમ છતાં સરકારને કોઈ ચિંતા જ નથી, એ વાતનું દુઃખ.' જાણકારી અનુસાર ગોડાઉન માત્ર ફટાકડાનો સ્ટોક કરવાની જ મંજૂરી હતી છતાં ત્યાં ફટાકડા બનાવવાની ફેક્ટરી શરૂ કરી દેવાઈ હતી. એવામાં હવે કોની બેદરકારીના કારણે શ્રમિકોએ જીવ ગુમાવ્યો તેની તપાસ જરૂરી છે.**

## ન્યૂઝ બ્રિફ

### યુપીમાં બુલડોઝર એક્શન પર સુપ્રીમ કોર્ટે સરકારને ઝાટકી

। (એજન્સી) લખનૌ, તા.૧ ।

સુપ્રીમ કોર્ટે પ્રયાગરાજમાં ૨૦૨૧માં થયેલા બુલડોઝર એક્શન પર મંગળવાર (૧ એપ્રિલે) નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઓથોરિટીએ ૫ અરજીકર્તાઓએ ૧૦-૧૦ લાખ રૂપિયા વળતર આપવાનો આદેશ આપ્યો છે. આ વળતર ૬ અઠવાડિયાની અંદર આપવામાં આવશે. કોર્ટે એ પણ કહ્યું કે નોટિસ મળ્યાના ૨૪ કલાકની અંદર મકાન પાડવાનું ખોટું હતું અને તેને ગેરકાયદેસર માન્યું છે. કોર્ટે કહ્યું કે આ વળતર એટલા માટે પણ જરૂરી છે કે જેથી ભવિષ્યમાં સરકાર યોગ્ય પ્રક્રિયા વિના લોકોના મકાન પાડવાનું ટાળે.

### રાજકોટમાં વધુ એક ફેક્ટરી ભીષણ આગની જ્વાળાઓમાં લપેટાઇ

। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

રાજકોટમાં વધુ એક ફેક્ટરી ભીષણ આગની જ્વાળાઓમાં લપેટાઈ ગઈ હતી. જેમાં રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલ રૂડા ટ્રાન્સપોર્ટ વિસ્તારની બાજુમાં આવેલ દિવેલીયા વિસ્તારમાં આવેલી શેમ્પુ બનાવતી ફેક્ટરીમાં બપોરના ૧૨ વાગ્યે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે.

### વક્ફ બિલ પર TDPનો મળ્યો સાથ

## 'લોકસભામાં તમામ સાંસદ હાજર રહે', ભાજપે જાહેર કર્યું વ્હિપ

### પ્રશ્નકાળ બાદ બિલ પર ચર્ચા શરૂ થશે, ચર્ચા બાદ આજે જ બિલ પસાર કરવા અંગે પણ નિર્ણય લેવાઈ શકે છે

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧ ।

વક્ફ સંશોધન બિલ બીજી એપ્રિલે લોકસભામાં રજૂ કરવામાં આવશે. બિલ પર ચર્ચા માટે ૧૨ કલાકના સમયની માંગ કરવામાં આવી હતી, જોકે છેવટે ચર્ચા માટે ૮ કલાકનો સમય નક્કી કરવામાં આવ્યો છે. પ્રશ્નકાળ બાદ બિલ પર ચર્ચા શરૂ થશે. ચર્ચા બાદ આવતીકાલે જ બિલ પસાર કરવા અંગે પણ નિર્ણય લેવાઈ શકે છે. આ માટે ભારતીય જનતા પાર્ટી એ તેના તમામ લોકસભા સાંસદોને ૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ સંસદમાં હાજર રહેવા માટે વ્હિપ જાહેર કર્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ જોતાં કોંગ્રેસે હજુ સુધી એ નક્કી નથી કર્યું કે પ્રિયંકા ગાંધી કે રાહુલ ગાંધી આવતીકાલે લોકસભામાં વક્ફ ચર્ચા પર બોલશે કે નહીંતેલુગુ દેશમ પાર્ટી દ્વારા



સૂચવવામાં આવેલા ત્રણેય સુધારાને વક્ફ (સુધારા) બિલમાં સ્વીકારવામાં આવ્યા છે. આ સાથે ટીડીપીએ બિલને સંપૂર્ણ સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. આવતીકાલે પાર્ટી લોકસભામાં બિલના સમર્થનમાં મતદાન કરશે. આ સાથે જેડીયુના પ્રસ્તાવનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. તેથી હવે એવું માનવામાં આવી રહ્યું છે કે નીતીશ કુમારની પાર્ટી પણ લોકસભામાં વક્ફ સંશોધન બિલને સમર્થન આપી શકે છે. ટીડીપી દ્વારા સૂચવવામાં આવેલા ત્રણેય સુધારામાં 'વક્ફ બાય યુઝર' સંબંધિત જોગવાઈમાં સુધારો કરવાની દરખાસ્ત કરી હતી, જે મુજબ, 'વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ના અમલમાં આવતા પહેલા જે પણ વક્ફ દ્વારા યુઝર પ્રોપર્ટીની નોંધણી કરવામાં આવી છે, તે વક્ફ પ્રોપર્ટી તરીકે ચાલુ રહેશે, સિવાય કે મિલકત વિવાદિત હોય અથવા સરકારી મિલકત હોય.' આ સુધારો બિલમાં સામેલ કરવામાં આવ્યો છે.


તેમજ ટીડીપીએ એવી પણ દરખાસ્ત કરી હતી કે વકફના મામલામાં કલેક્ટરને અંતિમ સત્તા તરીકે ધ્યાનમાં લેવાને બદલે, રાજ્ય સરકાર કલેક્ટર કરતાં ઉચ્ચ અધિકારીની નિમણૂક કરતું જાહેરનામું બહાર પાડી શકે છે, જે કાયદા મુજબ તપાસ કરશે. હવે આ સુધારો પણ બિલનો ભાગ બની ગયો છે.

### પોલીસની સૂચના અવગણવાને લઈને ફરિયાદ દાખલ

## કેરળમાં સાંસદ પ્રિયંકા ગાંધીના કાફલાને રોકનાર યુટ્યુબરની ધરપકડ કરવામાં આવી

। (એજન્સી) કોચિન, તા.૧ ।

કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી અને સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના કાફલાને રોકવાના પ્રયાસ બદલ એક યુટ્યુબરની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ મન્નુથી પોલીસે આ ઘટનાના સંદર્ભમાં એલાનાડુના રહેવાસી અનીશ અબ્રાહમની ધરપકડ કરી છે અને પછી તેને પોલીસ સ્ટેશનમાંથી જામીન પર છોડવામાં આવ્યો છે. જોકે તેની કાર જપ્ત કરી લેવામાં આવી છે. પોલીસ સૂત્રોના કહેવા મુજબ, આ ઘટના શનિવારે રાત્રે ૯:૩૦ કલાકે મન્નુથી બાયપાસ જંક્શન પર બની હતી. પ્રિયંકા ગાંધી વાડ્રા પોતાના સંસદીય મતવિસ્તાર અને મલપ્પુરમ જિલ્લાના કેટલાક કાર્યક્રમોમાં



સામેલ થયા પછી વંદૂર, મલપ્પુરમથી કોચિન એરપોર્ટ તરફની યાત્રા કરી રહી હતા ત્યારે આરોપીએ તેની કાર કાફલાની સામે રોકી દીધી હતી. પોલીસ સૂત્રોએ ઉમેર્યું કે, આરોપી વાયનાડ સાંસદના પાયલટ વાહનના હોર્નથી નારાજ હતો. એક પોલીસ ટીમે અવરોધ હટાવવાનો પ્રયાસ કર્યો હતો તો તેણે (યુટ્યુબરે) પોલીસ સામે બાથ ભીડી દીધી હતી.

### હમાસે બંધકોને ન છોડતાં હવે યુદ્ધ વધુ ભીષણ બનવાના એંધાણ

## ઇઝરાયેલનો ગાઝાના લોકોને રાફા ખાલી કરવા આદેશ: ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કરશે

। (એજન્સી) ડેર અલ-બલાહ, તા.૧ ।

યુદ્ધવિરામ સમાપ્ત થયા પછી ઈઝરાયેલ હમાસ વિરુદ્ધ સતત હુમલાઓ કરી રહ્યું છે. ઈઝરાયેલ દ્વારા ગાઝા પટ્ટી પર બોમ્બમારો કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન ઈઝરાયલી સેનાએ ગાઝા પટ્ટીના લોકોને દક્ષિણ શહેર રાફાનો મોટાભાગનો વિસ્તાર ખાલી કરવા આદેશ કર્યો હતો. જે દર્શાવે છે કે તે ટૂંક સમયમાં ગાઝા પટ્ટીના દક્ષિણી શહેરમાં વધુ એક મોટું ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કરી શકે છે.ઈઝરાયેલી સૈન્યે પેલેસ્ટિનિયનોને મુવાસી તરફ જવાનો આદેશ આપ્યો છે જે દરિયાકિનારે તંબુ કેમ્પોનો વિસ્તાર છે. આ આદેશ ઈદ અલ-ફિત્રની દિવસે આવ્યો હતો. જેમાં આખા શહેર અને નજીકના વિસ્તારો આવરી લેવાયા છે. ઈઝરાયેલે મે ૨૦૨૪માં ઈજિપ્તની સરહદ પર આવેલા રફાહમાં એક મોટું ઓપરેશન શરૂ કર્યું હતું, જેના કારણે તેનો મોટો ભાગ ખંડેર બની ગયો હતો. ઈઝરાયેલે હમાસ આતંકવાદી જૂથ સાથેનો યુદ્ધવિરામ સમાપ્ત કરીને આ મહિનાની શરૂઆતમાં હવાઈ અને જમીન યુદ્ધ ફરી શરૂ કર્યું હતું. માર્ચની શરૂઆતમાં ઈઝરાયેલે હમાસ પર યુદ્ધવિરામ કરારમાં ફેરફારો સ્વીકારવા દબાણ કરવા માટે પ્રદેશના આશરે ૨ મિલિયન પેલેસ્ટિનિયનોને ખોરાક, બળતણ, દવા સહિતની સહાયનો તમામ પુરવઠો આપવાનું બંધ કરી દીધું હતું.

### ભારતીય ઇમિગ્રન્ટ્સને ફાયદો થશે

## ૧ એપ્રિલથી કેનેડામાં લઘુત્તમ વેતન વધારીને $17.30 કરાયું

। (એજન્સી) કેનેડા, તા.૧ ।

કેનેડામાં ૧ એપ્રિલથી લઘુત્તમ વેતન વધારીને $17.30 કરવામાં આવ્યું છે. જેને કારણે ભારતીય ઈમિગ્રન્ટ્સને ફાયદો થશે. આજથી, ૧ એપ્રિલ, ૨૦૨૫ થી, કેનેડાભરના કામદારોને ફેડરલ અને પ્રાંતીય લઘુત્તમ વેતનમાં વધારો થતાં તેમના પગારમાં વધારો જોવા મળશે.કેનેડિયન સરકારે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, ફેડરલ લઘુત્તમ વેતન $17.30 થી વધીને $17.75 પ્રતિ કલાક થયું છે – જે ૨.૪% નો વધારો છે. આ તે લોકોને લાગુ પડે છે જેઓ ફેડરલ રીતે નિયંત્રિત ખાનગી ક્ષેત્રોમાં કામ કરે છે, જેમાં બેંકો, પોસ્ટલ અને કુરિયર સેવાઓ, ટેલિકોમ્યુનિકેશન અને હવાઈ, રેલ, માર્ગ અને દરિયાઈ પરિવહનનો સમાવેશ થાય છે. આ ફેરફાર કેનેડિયન નાગરિકો તેમજ આ ક્ષેત્રોમાં ઈમિગ્રન્ટ્સને લાગુ પડશે.

### ભારત પાસેથી વધુ પ્રોડક્ટ્સ ખરીદવા દર્શાવી તૈયારી

## ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિ વચ્ચે ચીનની નજર એશિયાઈ દેશો પર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આકરી ટેરિફ નીતિના કારણે ચીન ભારત સાથે દ્વિપક્ષીય વેપાર સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. બેઈજિંગના એમ્બેસેડરે દાવો કર્યો છે કે, ચીન વેપારને સંતુલિત કરવા અમેરિકાના સ્થાને ભારત પાસેથી વધુ ચીજોની આયાત કરશે. ચીને જાપાન અને દક્ષિણ કોરિયા સાથે મળી અમેરિકાના ટેરિફનો જવાબ આપવાની તૈયારી પણ કરી છે. અમેરિકા દ્વારા ટેરિફની જાહેરાતના પગલે અમે ભારત સાથે વેપાર અને અન્ય ક્ષેત્રોમાં સંબંધોને વધુ મજબૂત બનાવવા તેમજ સહકાર સ્થાપિત કરવા પ્રયાસો કરી રહ્યા છીએ. ચીનના બજારમાં ભારતીય પ્રોડક્ટ્સની વધુને વધુ આયાત કરવામાં આવશે. ભારત અને ચીન વચ્ચેના સંબંધો ભલે કડવાશભર્યા હોય પરંતુ દ્વિપક્ષીય વેપાર સંબંધો મજબૂત છે. દેશના વેપાર મંત્રાલયના ડેટા અનુસાર, ૨૦૨૩-૨૪માં બંને દેશો વચ્ચે ૧૦૧.૭ અબજ ડોલરનો વેપાર થયો હતો. ભારતે પેટ્રોલિયમ ઓઈલ, આયર્ન ઓર, મરિન પ્રોડક્ટ્સ, અને વેજિટેબલ ઓઈલ સહિતની મુખ્ય આયાત જ કુલ ૧૬.૬ અબજ ડોલરની નોંધાઈ હતી. ટ્રમ્પે બીજી એપ્રિલથી રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરી છે.

### કોંગ્રેસે ખાનગી કોલેજોમાં પણ અનામત આપવાની માગ કરી

## ખાનગી કોલેજોમાં SC, ST, OBCને મળવી જોઈએ અનામત: કોંગ્રેસની માગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

કોંગ્રેસે ખાનગી કોલેજોમાં પણ અનામત આપવાની માગ કરી છે. કોંગ્રેસની કોમ્યુનિકેશન સેલના પ્રમુખ જયરામ રમેશે સોમવારે આ ડિમાન્ડ કરી. તેમણે સંસદીય સમિતિની ભલામણનું સમર્થન કરતાં આ માગ કરી જેમાં કહેવામાં આવ્યું છે કે બંધારણના આર્ટિકલ ૧૫(૫) હેઠળ ખાનગી કોલેજોમાં પણ ઓબીસી, એસસી અને એસટી વર્ગને અનામત આપવામાં આવે. રસપ્રદ વાત એ છે કે લગભગ ૨૦ વર્ષ પહેલા જ આ મામલો આવ્યો હતો અને બંધારણમાં સુધારા બાદ પણ તત્કાલીન યુપીએ-૧ સરકાર આનાથી પાછળ હટી ગઈ હતી. આ સરકારનું નેતૃત્વ કોંગ્રેસ તરફથી જ કરવામાં આવી રહ્યું હતું. યુપીએ સરકારના સમયમાં જ બંધારણમાં ૯૩મો સુધારો થયો હતો, જેમાં આર્ટિકલ ૧૫(૫) લાવવામાં આવ્યું હતું. યુપીએ સરકારે ૨૦૦૬માં આ જોગવાઈ હેઠળ સેન્ટ્રલ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂશન્સ એક્ટ પસાર કર્યો હતો. તેના દ્વારા સરકારી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અનામત લાગુ કરવામાં આવી હતી પરંતુ ખાનગી કોલેજો અને યુનિવર્સિટીઓ માટે આવી કોઈ જોગવાની નહોતી.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી આવી વિવાદમાં

## અંગ્રેજી ભવનમાં શોર્ટ ટર્મ કોર્સમાં ગેરરીતિનો આરોપ

। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગમાં રાષ્ટ્રીય સ્તરનો ટૂંકા ગાળાનો કોર્ષ યોજવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ આ યોજનામાં ૧.૫૦ લાખ રૂપિયા આપ્યા હતા. રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નું અંગ્રેજી ભવન ફરી એકવાર વિવાદમાં સપડાયું છે.જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. નિદત બારોટે કુલપતિ ડૉ. ઉત્પલ જોશીને લેખિતમાં વિનંતી કરી છે. આ સંદર્ભમાં, ભવનના અધ્યક્ષનું કહેવું છે કે સતત ત્રીજા વર્ષે બરોડાની NGO સાથે મળીને કામ કરી રહી છે. જેમાં લગભગ ૬૦ વિદ્યાર્થીઓએ બરોડા NGOના ખાતામાં પૈસા જમા કરાવ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગમાં રાષ્ટ્રીય સ્તરનો ટૂંકા ગાળાનો કોર્ષ યોજવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ આ યોજનામાં ૧.૫૦ લાખ રૂપિયા આપ્યા હતા. આ કાર્યક્રમ બળવંત પારેખ સેન્ટર-બરોડાના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ સંયોજક પ્રોફેસર કમલ મહેતાએ ૭૦૦ રૂપિયા એકઠા કર્યા અને તે લેવાનું નક્કી કર્યું.

### ગેરકાયદેસર ગેમઝોન સામે કાર્યવાહી!

## ગોધરામાં ગેરકાયદેસર ચાલતા ગેમઝોન પર પોલીસે પાડ્યા દરોડા

। (એજન્સી) પંચમહાલ, તા.૧ ।

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં દડી કોલોની વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર ગેમઝોન પર એ ડિવિઝન પોલીસે દરોડા પાડી કાર્યવાહી હાથ ધરી હતી. ગોધરા પોલીસની પેટ્રોલિંગ દરમિયાન આ ગેમઝોન શંકાસ્પદ લાગ્યું હતું. જેથી તપાસમાં જાણવા મળ્યું કે ગેમઝોના સંચાલક અતૂલ કૃપાશંકર શર્મા પાસે કોઈ કાયદેસરનો પરવાનો નથી. આ ઉપરાંત ફાયર સેફ્ટીના સાધનો પણ અપૂરતા હતા. જેથી તેઓની સામે કાર્યવાહી હાથ ધરી હતી. ગોધરા શહેરમાં આવેલા જાણીતા દડી કોલોની વિસ્તારમાં પોલીસના દરોડામાં સંચાલક પાસે લાયસન્સ અને ફાયર સેફ્ટીના અપૂરતા સાધનો ન હોવાથી સંચાલક સામે પોલીસે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના નિયમ ૩૩(૧), BNS અધિનિયમની કલમ ૧૨૫ અને જી.પી.એક્ટ કલમ ૧૩૧ હેઠળ કાર્યવાહી કરી છે. પોલીસના જણાવ્યા મુજબ, આવા ગેરકાયદે ગેમઝોન લોકોના જીવન માટે જોખમરૂપ છે. રાજકોટના ગેમઝોન ઘટના બાદ સમગ્ર ગુજરાતમાં આવા સ્થળોની તપાસ થઈ રહી છે.

ન્યૂઝ બ્રિફ

## સુરતની પ્રાજ્ઞિકા વાંકા લક્ષ્મી બની ચેસ વર્લ્ડ ચેમ્પિયન

। (એજન્સી) સુરત, તા.૧ ।

ગુજરાતની માત્ર ૭ વર્ષની ચેસ ખેલાડી વાકા લક્ષ્મી પ્રજ્ઞિકાએ ઈતિહાસ રચી દીધો છે. લક્ષ્મીએ સર્બિયાના વૃન્જાકા બાંજામાં યોજાયેલી ફિડે વર્લ્ડ સ્કૂલ્સ ચેસ ચેમ્પિયનશિપ -૨૦૨૫માં અંડર-૭ ગર્લ્સ કેટેગરીમાં વર્લ્ડ ચેસ ચેમ્પિયનનો ખિતાબ જીત્યો છે. સુરતની પહેલાં ધોરણમાં અભ્યાસ કરતી ખેલાડીએ ચેસની દુનિયામાં વૈશ્વિક સ્તરે જબરજસ્ત સફળતા મેળવતા તમામ નવ રાઉન્ડ જીતી લીધા હતા અને નવ પોઈન્ટ સાથે ટાઈટલ પોતાના નામે કર્યું હતું. પ્રજ્ઞિકાના પિતા વાકા રામનાધે જણાવ્યું કે, હું વર્ષ ૨૦૦૦થી સુરતમાં સ્થાયી થયો છું. મારી મોટી દીકરી વરેણ્યા ચેસ રમે છે અને તેને જોઈને નાનકડી પ્રજ્ઞિકાએ પણ ચેસમાં રસ લેવાનું શરુ કર્યું હતું. તેણે હજુ દોઢ વર્ષથી જ ચેસ રમવાનું શરુ કર્યું હતું. પંદર મહિનામાં ત્રણ વખત તો પ્રજ્ઞિકા સ્ટેટ ચેમ્પિયન રહી ચૂકી છે અને ચાલુ વર્ષે જ આંધ્રપ્રદેશના રમાયેલી નેશનલ સ્કૂલ ચેસ ચેમ્પિયનશિપ અંડર-૭માં ગર્લ્સ કેટેગરીમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું. ત્યારબાદ તેની પસંદગી ભારતીય ટીમમાં થઈ હતી. વર્ષ ૨૦૧૮માં સુરતમાં જન્મેલી પ્રજ્ઞિકા સુરતના વાસુમાં એસડી જૈન મોર્ડન સ્કૂલમાં પહેલાં ધોરણમાં અભ્યાસ કરે છે. પ્રજ્ઞિકા અને વરેણ્યા બંનેને સ્પોટ્ર્સ ઓથોરિટી ઑફ ગુજરાતના બિન-રહેણાંક સેન્ટર ઑફ એક્સલન્સ હેઠળ આવરી લેવાયા છે અને ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશનના ભાવેશ પટેલ સહિતના હોદ્દેદારોએ તેની પ્રતિભાને આગળ ધપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેના હાલના કોચ રોહન જુલ્કા છે.

## વડોદરામાં લો-પ્રેસર આઈકલોનિકના કારણે હવામાનમાં આવ્યો પલટો

। (એજન્સી) વડોદરા, તા.૧ ।

લો પ્રેસર આઈકલોનિકના કારણે તા.૧થી ૪ ફેબ્રુઆરી દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં કમોસમી વરસાદ અથવા વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. જે અંતર્ગત આજે વડોદરાના હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો અને આકાશ વાદળોથી ઢંકાઈ ગયું હતું. લો પ્રેસર આઈકલોનિકના કારણે આગામી ચાર દિવસ રાજ્યના વિવિધ વિસ્તાર પૈકી મધ્ય ગુજરાતમાં પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, વડોદરા તથા દક્ષિણ ગુજરાતના ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી વગેરે જગ્યાએ છુટા છવાયા સ્થળોએ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે થન્ડરસ્ટોમની વોર્નિંગ પણ આપવામાં આવી છે. ચાર દિવસ દરમિયાન વરસાદની આગાહી અંતર્ગત આજે વડોદરા શહેરમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને બપોરના સમયે આકાશમાં વાદળોની ફોજ જોવા મળી હતી. જેના કારણે સૂરજ દેવના દર્શન બંધ થતા તડકાની અસર ઓછી થઈ હતી. ગરમીમાં સામાન્ય ઘટાડો થવાની સાથો સાથ બફારાનું સામ્રાજ્ય શહેરીજનોએ અનુભવ્યું હતું. રાજ્યમાં કમોસમી માવઠું થાય છે તો તેના કારણે ઉનાળુ પાક ઘઉં તેમજ કેરીના ઉત્પાદનને વ્યાપક અસર થવાની શક્યતા વર્તાઈ રહી છે.

ચાઇલ્ડ ડેવલોપમેન્ટ સેન્ટરમાં બનેલી ઘટનાના સીસીટીવીમાં દૃશ્યો કેદ

# વડોદરામાં બાળક સાથે ક્રુરતાપૂર્વક વર્તન કરનાર મહિલા સામે ફરિયાદ

### આ ચકચારી કિસ્સામાં બાળકની માતાએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી

। (એજન્સી) વડોદરા, તા.૧ ।

વડોદરાના પ્રતાપનગર વિસ્તારમાં આવેલા ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સેન્ટરમાં ચાર વર્ષના બાળક સાથે ક્રૂરતાપૂર્વક વર્તન આચરનાર સેન્ટરના મહિલા કર્મચારી સામે પોલીસ ફરિયાદ થઈ છે. સીસીટીવીમાં કેદ થયેલા દ્રશ્યો મુજબ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટરમાં જતા ચાર વર્ષના બાળકના પગ પર મેડમ બેસી ગયા હતા અને ડરાવ્યો હતો.

આ ચકચારી કિસ્સામાં બાળકની માતાએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. વડોદરાના એક વેપારીનો૪ વર્ષનો દીકરો ઓછું બોલતો હતો. તેની ઉંમરના બાળકો સાથે તે યોગ્ય રીતે વાતચીત અને દોસ્તી પણ કરતો નહતો. જેથી, તેને ૨૫ ફેબ્રુઆરીએ પ્રતાપનગર પોલીસ હેડ ક્વાટર્સની સામે આવેલા ન્યૂ હોરિઝોન્સ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટરમાં મૂકાયો હતો. જે સેન્ટરના હેડ મીરાબેન છે. ગત ૧૫એ તેના માતા-પિતા પુત્રને સેન્ટર પર મૂકવા ગયા ત્યારે તે ખૂબ જ રડતો હતો. પરંતુ, રૂમમાં અંદર ગયા પછી થોડીવારમાં તે ચૂપ થઈ ગયો હતો.

ક્લાસ પૂરો થયા પછી પુત્રને લઈને માતા-પિતા કારમાં પરત જતા હતા. તે સમયે દીકરાએ માતાને કહ્યું કે, 'મેડમ બહોત ગુસ્સે મેં થી ઔર મુજે મારા.' જેથી, માતાએ મીરા મેડમને પૂછ્યું તો તેમણે આવું કંઈ થયું હોવાની ના પાડી હતી. માતાએ સીસીટીવી કેમેરા જોવાનું કહેતા મેડમે એવો જવાબ આપીને વાત ટાળી દીધી કે, તેનું એક્સેસ મુંબઈ હેડ ઓફિસમાં છે એટલે બેથી ત્રણ દિવસ લાગશે.ત્રણ દિવસ પછી માતા-પિતાએ સીસીટીવી જોતા તેઓ ચોંકી ગયા હતા.મીરા મેડમે તેમના દીકરાને પટકારીને ખૂણામાં બેસાડી દીધો હતો. ત્યારબાદ તેઓ બાળકના પગ પર બેસી ગયા હતા અને તેના મોંઢા પાસે જઈ ડરાવી ધમકાવ્યો હતો. તેમજ તેમનો બાળક જ્યારે રૂમમાં ગયો ત્યારે પૂજા મેડમ ઝૂલા ઝૂલતા હતા. પરંતુ, તેમણે કોઈ ધ્યાન નહતું આપ્યું. ઉપરોક્ત આક્ષેપ કરતી ફરિયાદના આધારે મકરપુરા પોલીસે આ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં માતાએ એવો પણ આક્ષેપ કર્યો છે કે, પુત્રે અચાનક રૂમમાં ગયા પછી રડવાનું બંધ કરી દીધું હતું. ક્લાસ પૂરો થવાના દસ મિનિટ પહેલા મીરા મેડમે માતા-પિતાને ફિડબેક માટે તેમને રૂમમાં બોલાવ્યા હતા. માતા-પિતાએ મેડમને પૂછ્યું કે, તમે એવો તો શું મેજીક કર્યો કે, બાળક ચૂપ થઈ ગયો. ત્યારે મેડમે એવો જવાબ આપ્યો કે, 'મૈને ઉસકો એસા બોલા કિ મમ્મી પાપા કે પાસ જાના હૈ તો ચૂપચાપ એક્ટિવિટી કરો. એટલે તે ચૂપ થઈ ગયો.'

નોકરી અપાવવાની લાલચે છેતરપિંડી થયાની ઘટના

## ફિલ્મોમાં ડાન્સ કોરિયોગ્રાફીમાં નોકરી અપાવવાની લાલચે ઠગાઈ

। અમદાવાદ, તા.૧ ।

અમદાવાદમાં ફિલ્મોમાં નોકરી અપાવવાની લાલચે છેતરપિંડી થયાની ઘટના સામે આવી છે. એક શખ્સે યુવક પાસેથી ડાન્સ કોરિયાગ્રાફીમાં નોકરી કરવી હોય તો રજીસ્ટ્રેશન કરાવું પડશે તેમ કહી રુપિયા પડાવ્યા. આ યુવક પાસેથી કામ અપાવવાના બહાને ફલાઈટની ટિકિટના પૈસા લીધા હતા. પરંતુ કયાંય સુધી કોઈપણ જાતની આગળ કામગીરી ના થતાં યુવકને છેતરપિંડી થઈ હોવાનું લાગતા ફરિયાદ નોંધાવી. શહેરમાં એક યુવકને એક્ટર વિક્રમ ઠાકોરનાં નાના ભાઈનો રોલ આપીશું અને સાથેસાથે કાયમી આવક મળી રહે માટે ડાન્સ કોરિયાગ્રાફરની નોકરી પણ આપીશું તેમ કહી પૈસા પડાવ્યા. ફિલ્મોમાં આવા કામ માટે રજીસ્ટ્રેશન કરાવવું પડે છે તેમ કહી યુવક પાસેથી પૈસા લીધા. અને તમારે જલદી કામ મેળવવું હોય તો અમે તમને ફલાઈટ બુક કરાવી આપીશું તેમ ઠગબાજે કહ્યું. યુવક પાસેથી ફલાઈટની ટિકિટના પૈસા સહિત ૧૭૫૦૦ રૂપિયા ઠગબાજે મેળવ્યા. નોકરીની રાહ જોતો યુવક ફલાઈટની ટિકીટ આવવાની રાહ જોતો રહ્યો. ટિકિટ પણ ના આવી અને નોકરીનો ઓર્ડર પણ ના આવ્યો. જેના બાદ યુવકે શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં પ્રદિપ પંડ્યા નામનાં યુવક સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી. આજે યુવાનો મોટી નોકરી મેળવવાની લાલચમાં ફ્રોડનો શિકાર થઈ રહ્યા છે. યુવાનો બેંક મેનેજર, એકાઉન્ટન્ટ જેવી ચીલાચાલુ નોકરીના સ્થાને ડાન્સ કોરિયાગ્રાફર જેવી નોકરી પણ કરવા લાગ્યા છે. ફિલ્મોમાં હિરો-હિરોઈનની સાથે તેમની સાથે ડાન્સ કરતાં તેમના સપોર્ટ સ્ટાફને ડાન્સ કોરિયોગ્રાફર દ્વારા ખાસ તાલીમ અપાય છે.

## વડોદરામાં ઓછું બોલતા બાળકની ડોક્ટરે કરી ડરામણી 'ટ્રીટમેન્ટ'

। (એજન્સી) વડોદરા, તા.૧ ।

વડોદરાના એક વેપારીએ પોતાના ૪ વર્ષના બાળકને, જે માંડ માંડ બોલી શકતો હતો, તેને પ્રતાપનગર સ્થિત ન્યૂ હોરાઈઝન્સ ડેવલપમેન્ટ સેન્ટરમાં મૂક્યો હતો. જ્યાં ડો. મીરા મેડમે બાળકને ડરાવીને એક ખૂણામાં બેસાડી દીધો અને તેના પગ પર પગ મૂકીને ધમકી આપી. આ વાતની જાણ થતાં, વેપારી અને તેમની પત્નીએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. સેન્ટરના ડો. મીરા અને પૂજા મેડમ વિરુદ્ધ કિશોર ન્યાય અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ ઘટના અંગે મકરપુરા પોલીસના જણાવ્યા અનુસાર, શહેરના એક વેપારીનો ૪ વર્ષનો પુત્ર ઓછો બોલતો હતો અને તેની ઉંમરના બાળકો સાથે યોગ્ય રીતે વાતચીત કરતો કે મિત્રતા કરતો નહોતો. તેથી વેપારી ફેબ્રુઆરીમાં પ્રતાપ નગર પોલીસ સ્ટેશનની સામે ઈન્ફિનિટી આર્કેડના ત્રીજા માળે સ્થિત ન્યૂ હોરાઈઝન્સ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટરમાં તેના પુત્રને મુક્યો હતો. વેપારીએ આરોપ લગાવ્યો છે કે ૧૫ માર્ચ, ૨૦૨૫ ના રોજ બપોરે ૧:૩૦ થી ૨:૧૫ વાગ્યાની વચ્ચે, સેન્ટરના ડિરેક્ટર ડો. મીરા મેડમ રૂમમાં ગયા હતા. રૂમમાં પ્રવેશ્યા પછી, તેમણે તેમના પુત્રનો હાથ પકડીને તેને એક ખૂણામાં બેસાડ્યો. ડો. મીરા બાળકના પગ પર પગ રાખીને બેસી ગયા. તે બાળકના ચહેરાની નજીક ગઈ અને તેને ધમકાવવા લાગી.

લગ્નના નામે છેતરપિંડી

## મહેસાણામાં લૂટેરી દુલ્હને લગ્ન કરવાની લાલચ આપી ૬ લાખ રૂપિયા પડાવ્યા

। (એજન્સી) મહેસાણા, તા.૧ ।

મહેસાણામાં એક મોટી છેતરપિંડીની ઘટના સામે આવી છે. જેમાં એક મહિલાએ લગ્નનું વચન આપીને એક યુવકને છેતરીને પૈસા લઈને ભાગી ગઈ છે. હવે આ યુવતી સામે કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.મુંબઈની યુવતી ધારા વોરા અને આ યુવક એક પાર્ટનર એપ દ્વારા મળ્યા હતા. મહેસાણાના આ યુવકને મુંબઈની ધારા ગમે છે, તેથી તેણે લગ્નનો મામલો આગળ વધાર્યો. અને ધારાએ આ યુવક પાસેથી લગ્નની લાલચ આપીને પૈસા માંગ્યા.

જ્યારે આ દુલ્હન લગ્નના નામે છેતરપિંડી કરીને ભાગી ગઈ, ત્યારે હવે મહેસાણા એ-ડિવિઝન પોલીસે યુવતી સામે કેસ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.મહેસાણાના માનવ આશ્રમ ચોકડી વિસ્તારમાં રહેતા યુવકનો પરિચય મુંબઈના ધારા વોરા સાથે લગ્ન માટે ભાગીદાર તરીકે થયો હતો. જ્યાં ધારાએ આ યુવકને કહ્યું કે તેના બે વાર છૂટાછેડા થઈ ગયા છે. બંને વચ્ચે વાતચીત આગળ વધતાં મામલો લગ્ન સુધી પહોંચ્યો અને મહેસાણાના આ યુવકે ધારા સાથે લગ્ન કરવા સંમતિ આપી.

લગ્ન માટે સંમતિ આપતાં પહેલાં ધારાએ આ યુવક પાસેથી પૈસા માંગ્યા.ધારાએ યુવક પાસેથી ૫ લાખ રૂપિયા માંગ્યા અને કહ્યું કે આ યુવક સાથે લગ્ન કરતા પહેલાં, તેના બે વાર છૂટાછેડા થઈ ચૂક્યા છે અને તેણે લોન ચૂકવવાની છે. જ્યારે આ મામલો અટક્યો નહીં, ત્યારે ધારા લગ્નની ખરીદીના બહાને મહેસાણા આવી અને યુવક પાસેથી ઓનલાઈન લગ્નની ખરીદી માટે ૪ લાખ રૂપિયા વધુ માંગ્યા અને યુવકે ધારાને ૪ લાખ રૂપિયા રોકડા પણ આપ્યા. એટલુજ નહો આ યુવક પાસેથી કુલ ૬ લાખ રૂપિયા લીધા પછી, જ્યારે યુવકે કહ્યું કે લગ્નની તારીખ ૨૩ માર્ચે આવી ગઈ છે, ત્યારે ધારાએ આ યુવક પાસેથી બીજી લોન ચૂકવવા માટે બીજા ૫ લાખ રૂપિયા માંગ્યા. પરંતુ ધારાએ ૫ લાખ રૂપિયા આપવાનો ઈનકાર કરી દેતાં આ યુવકે લગ્ન કરવાનો ઈનકાર કર્યો. અને અંતે કંટાળીને યુવકે લગ્ન કરવાનું વચન આપ્યું હતું પણ લગ્ન ન કર્યા અને મહેસાણા પોલીસ સ્ટેશનમાં ૬ લાખ રૂપિયાની છેતરપિંડી થયાની ફરિયાદ કરી છે અને મહેસાણા એ-ડિવિઝન પોલીસે યુવતી સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## ઉંઝામાં રિક્ષા ગેંગે મુસાફરોને બેસાડી ચોરી કરી તરખાટ મચાવ્યો

। (એજન્સી) મહેસાણા, તા.૧ ।

મહેસાણાના ઉંઝામાં રિક્ષા ગેંગે મુસાફરોને બેસાડી ચોરી કરી તરખાટ મચાવ્યો હતો. એક જ દિવસમાં ઉંઝામાં ત્રણ ત્રણ જગ્યાએથી પેસેન્જર બેસાડી સોનાના દાગીના સેરવી લેવાની ફરિયાદો નોંધાઈ હતી. જે ઘટના બનતા જ પોલીસ દોડતી થઈ અને રીક્ષા ગેંગના ૩ ઈસમોને પકડી જેલ હવાલે કરી દીધા છે. અવાર નવાર રીક્ષામાં મુસાફરી તમે કરતા હોય તો જરા ચેતી જજો. એમાંય ખાસ કરીને મહિલાઓ કે જે સોનાના દાગીના પહેરી અને બજારમાં કોઈ કામ અર્થે રીક્ષામાં જતા આવતા હોય તે ખાસ ચેતજો. મહેસાણા ઊંઝામાં એક એવી રીક્ષા ગેંગ કે જેણે એક જ દિવસમાં ત્રણ ત્રણ જગ્યાએ મુસાફરો બેસાડી ગેંગના વ્યક્તિઓ પણ મુસાફરો બની સોનાના દાગીના સરકાવી ગઈ હતી. જે ઘટનામાં ત્રણ અલગ અલગ ફરિયાદો નોંધાતા જ ઊંઝા પોલીસ અને મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે સીસીટીવી સહિત તપાસ હાથ ધરી હતી, જેમાં રિક્ષામાં રીક્ષા ચાલક અને મુસાફરના સ્વાંગમાં બેઠેલી તેમના જ ગેંગની વ્યક્તિની પોલીસે તપાસ કરતા આ ગેંગના બે શખ્સો ઝડપાઈ ગયા છે.

## ધોરાજીમાં આવેલા ખોડીયાર મંદિરે જવાનો રસ્તો બિસ્માર હાલતમા

। (એજન્સી) ધોરાજી, તા.૧ ।

સામાન્ય રીતે રાજ્ય સરકાર હોય કે કોઈ સામાજિક સંસ્થાઓ કે ધાર્મિક સંસ્થાઓ ધાર્મિક સ્થળો અને ભક્તોને કોઈ પણ પ્રકારની તકલીફો ન પડે અને સરળતાથી ભક્તો દર્શન કરી શકે તે માટે ધાર્મિક સ્થળો કે મંદિરોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે અને લોકોમાં દરેક મંદિરમાં બેસેલા ભગવાન કે માતાજીમાં આસ્થા દિન પ્રતિદિન વધતી જાય છે ભક્તો તેમની માનતા કરી હોય કે દર્શન માટે ભક્તો જે તે મંદિરમાં જતાં હોય છે પણ ધોરાજી તાલુકાના વેગડી ગામ નજીક આવેલું અને વર્ષોથી આસ્થાનું પ્રતિક અને કેન્દ્ર બિંદુ ખોડીયાર માતાજીનું મંદિર છે, જે વેગડીથી બે અઢી કિલોમીટર દૂર આવેલું આ ખોડીયાર માતાજીનું મંદિર આવેલું છે, ત્યારે આ માતાજીના મંદિરે ભાવી ભક્તો દર્શન માટે કે મનોકામનાઓ પૂર્ણ થાય અને પગપાળા ચાલીને કે પછી વાહનો લઈને કે પછી ત્યાં મંદિરના આજુબાજુના વિસ્તારના ખેડૂતો રોજ બરોજ દર્શન કરવા માટે આવતાં હોય છે. ઘણા વર્ષો વિતી ગયા પહેલા ધારાસભ્ય અને સાંસદ એવા વિઠ્ઠલભાઈ રાદડીયાના કાર્યકાળ દરમ્યાન આ મંદિરનો મુખ્ય માર્ગ કે રસ્તો મંજૂર કરી અને ખુબ સરસ રસ્તો બનાવી આપ્યો હતો પણ તે પછી ૨૦ કે ૨૫ વર્ષ થયા કોઈ આગેવાન કે પછી રાજકીય માણસોએ રસ્તા કે માર્ગ સારો કરવા માટે કોઈએ પાછળ વળીને જોયું નથી અને આ ખોડીયાર માતાજી મંદિર કે રસ્તાનો વિકાસ કરવામાં માટે પગલાં લેવામાં આવ્યા નથી અને ભક્તો કે ખેડૂતો કે બહાર ગામથી આવતા દર્શનાર્થીઓ ખરાબ રસ્તા પરથી ચાલીને નિકળવું પડે છે.

## જસદણના આંબરડીની હોસ્ટેલમાં વિદ્યાર્થી સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય

। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના આંબરડીમાં આવેલી હોસ્ટેલમાં વિદ્યાર્થીના જાતીય શોષણની ઘટના સામે આવી છે. હોસ્ટેલના ગૃહપતિ કિશનભાઈ ગાંગળિયા અને આચાર્ય રત્ના રાઘવાણીએ ૧૪ વર્ષના સગીર વિદ્યાર્થી સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે બંને આરોપી વિરુદ્ધ પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.ગૃહપતિ કિશનભાઈ તેને હોસ્ટેલના એક જર્જરિત રૂમમાં લઈ જતા હતા અને ત્યાં તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરતા હતા. વિદ્યાર્થીએ આ અંગે આચાર્ય રત્ના રાઘવાણીને ફરિયાદ કરી તો તેમણે ગૃહપતિને રોકવાના બદલે પોતે પણ વિદ્યાર્થીનું શોષણ કર્યું હતું. પીડિત વિદ્યાર્થીએ આ સમગ્ર ઘટનાની જાણ પોતાના પરિવારને કરતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા અને તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે વિદ્યાર્થીનું નિવેદન નોંધીને બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.વિદ્યાર્થીના પરિવારે હોસ્ટેલ પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમના જણાવ્યા અનુસાર, હોસ્ટેલમાં ૫-૬ વિદ્યાર્થીઓને અલગ રૂમમાં રાખવામાં આવે છે, જ્યાં ગૃહપતિ રાત્રે ૧૦ વાગ્યા પછી તેમની સાથે અભદ્ર વર્તન કરે છે. વિદ્યાર્થીઓને જબરદસ્તીથી પાન-મસાલા ખવડાવવામાં આવે છે અને ઈનકાર કરનારને માર મારવામાં આવે છે.

વિશેષ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા 'વન અર્થ, વન સન વન ગ્રીડ'નો મંત્ર આપ્યો

# નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના દેગામ સ્થિત વારી એનર્જીસ ખાતે નવા સોલર સેલ મેનુફેક્ચરીંગ યુનિટનું ઉદઘાટન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। (માહિતી) નવસારી ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, 'ઝીરો ઈફેક્ટ, ઝીરો ડિફેક્ટ' મંત્ર સાથે ગુજરાતના ગ્રીન ગ્રોથમાં વારી કંપની જેવી અનેક કંપનીઓનું યોગદાન રહેલું છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે નવસારી જિલ્લાના દેગામ ખાતે આવેલી વારી કંપનીના ૪.૫ ગીગાવોટ સોલાર સેલ મેન્યુફેક્ચરિંગ યુનિટના ઉદ્ઘાટન વેળાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે 'વન અર્થ, વન સન વન ગ્રીડ'નો મંત્ર આપ્યો છે. તેમના વિઝનને સાકાર કરતો આ પ્રોજેક્ટ છે. વારી એનર્જી દ્વારા ભારતના સૌથી મોટા ૫.૪ ગીગા વોટની ક્ષમતાના સોલર સેલ મેન્યુફેક્ચરીંગ યુનિટનું ઉદઘાટન થયું છે. નવસારી જિલ્લામાં ૧૫૦ એકરમાં ફેલાયેલો આ સોલર સેલ પ્લાન્ટ નવીનીકરણીય ઊર્જા માં ઐતિહાસિક સીમાચિહ્નરૂપ બનશે. જે ભારતની નવીનીકરણીય ઊર્જા યાત્રામાં એક મહત્વપૂર્ણ પગલું છે. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે કહ્યુ કે, વડાપ્રધાનશ્રીના વિઝન અને મિશન અંતર્ગત ગુજરાતમાં નવા વેપાર-ઉદ્યોગ વિકસે, મુડી



રોકાણ વધે તે માટે વાઈબ્રન્ટ ગુજરાતની મુહિમ શરૂ કરવામાં આવી હતી. મેન્યુફેક્ચરીંગ તથા ઈનોવેશન અને નવી ઈન્ડસ્ટ્રીઝ માટેનુ પ્લેટફોર્મ વાઈબ્રન્ટ સમીટે આપ્યુ છે. તેના કારણે ગુજરાત ડેવલપમેન્ટ મોડેલ અને પોલીસી ડ્રિવન રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયું છે. 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ના કારણે ગુજરાત રોકાણકારો માટે પસંદગીનું રાજ્ય બન્યું છે અને કક્ષાની કંપનીઓએ પોતાના યુનિટ્સ શરૂ કર્યા છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, દેશ અને દુનિયા જ્યારે રીન્યુએબલ એનર્જી, ગ્રીન અને કલીન એનર્જીની વાતો કરતી હતી ત્યારે ગુજરાતમાં સૂર્ય ઊર્જા ના પ્લાન્ટ પ્રસ્થાપિત થઈ ચૂક્યા હતા. આજનો સમય સોલર, વિન્ડ અને હાઈડ્રો એનર્જી, અને ગ્રીન એનર્જીથી ગ્રીન ગ્રોથનો છે. ગુજરાત આ દિશામા સક્રિય રીતે કામ કરી રહ્યું છે. આપણી રીન્યુએબલ એનર્જી કેપેસીટી દેશની કુલ કેપેસીટીના ૧૫ ટકા એટલે કે, ૩૨,૯૨૪ મેગા વોટ થઈ છે. કેન્દ્ર સરકારે શરુ કરેલી વિવિધ યોજનાઓમાં પીએમ સૂર્યશક્તિ મફત વીજળી ઘર યોજનામાં લગભગ ૪૨ ટકાના યોગદાન સાથે ગુજરાત અગ્રિમ સ્થાને છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના વિઝન હેઠળ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગા વોટ ગ્રીન એનર્જીનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ ટાર્ગેટ સમય કરતાં પહેલાં પૂરો થશે એવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે ગુજરાત ગ્રીન, ક્લીન એનર્જીને પ્રોત્સાહન આપીને લીડ લેવા સજ્જ છે. આ સાથે 'ઝીરો ઈફેક્ટ, ઝીરો ડિફેક્ટ' મંત્ર સાથે ગુજરાતના ગ્રીન ગ્રોથમાં વારી કંપની જેવી અનેક કંપનીઓ ગુજરાતના વિકાસમાં યોગદાન આપશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ભારત રિન્યુએબલ એનર્જી ઈક્વિપમેન્ટના ઉત્પાદનમાં વિશ્વના ત્રીજા નંબરનો સૌથી મોટો દેશ છે એમ કેન્દ્રીય ન્યુ અને રિન્યુએબલ એનર્જી મંત્રી પ્રહલાદ જોશીએ વારી એનર્જીસના દેશના સૌથી મોટા ૫.૪ ગીગાવોટ સોલાર સેલ મેન્યુફેકચરિંગ પ્લાન્ટના ઉદઘાટન પ્રસંગે જણાવ્યું હતું. રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, ૨૦૧૪ પહેલા દેશમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં નામ પુરતુ જ કામ થયું હતું. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કારણે વિશ્વમાં દેશની વિશ્વનિયતામાં વધારો થયો છે તેના કારણે રિન્યુએબલ એનર્જી એસોસિએશનનું વડુંમથક ભારતમાં બન્યું છે. આ એસોસિએશન મારફત દુનિયાની જે દેશો પાસે ટેક્નોલોજી નથી, રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં હજૂ ઘણું કરવાનું બાકી છે એવા દેશોમાં પણ ભારત આજે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે કામ કરી રહ્યું છે એમ તેમણે વધુમાં કહ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આગામી ૨૦૩૦ના વર્ષ સુધીમાં મોડયુઅલ મેન્યુફેકચરિંગ ૧૨૫ ગીગાવોટને પાર કરી જશે એમ કહી પોલિસિલિકોનથી લઈને સોલાર પેનલ સુધીની દરેક વસ્તુ ભારતમાં જ ઉત્પાદન થાય એ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે એમ ઉમેર્યુ હતું. ભારત રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રિન્યુએબલ એનર્જી હબ બનવા જઈ રહ્યું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે ચિલી પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિક ફોન્ટને મળ્યા.

### આદિત્યનાથે જાહેર સ્થળોએ નમાજ પઢવા પર પ્રતિબંધ મૂકવાની વાત કરી

# નમાઝ પઢવા માટે ઇદગાહ-મસ્જિદ છે, રસ્તો નહીં: યોગી આદિત્યનાથ

### તેમણે વકફ (સુધારા) બિલને ટેકો આપ્યો, વકફ મિલકતોના દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી



। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૧ ।

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સ્પષ્ટપણે કહ્યું છે કે, રસ્તા પર નમાજ પઢવી શક્ય નથી. આ સાથે, તેમણે રસ્તાઓ પરથી પસાર થતી કાવડ યાત્રા અંગે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આ ઉપરાંત, વકફ (સુધારા) બિલનો વિરોધ કરનારાઓની આકરી ટીકા કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ કહ્યું છે કે, વકફ મિલકત થોડા લોકોના કબજામાં છે અને આ મિલકતો દ્વારા કોઈ ગરીબ મુસ્લિમને ફાયદો થયો નથી. સમાચાર એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે રસ્તાઓ પર નમાજ અદા કરવા અંગે કહ્યું, 'રસ્તાઓ ચાલવા માટે છે અને જે લોકો રસ્તા પર નમાજ પઢવાની તરફેણ કરી રહ્યાં છે, તેમણે હિન્દુઓ પાસેથી શિસ્ત શીખવી જોઈએ.' પ્રયાગરાજમાં ૬૬ કરોડ લોકો આવ્યા. ક્યાંય લૂંટફાટ નહોતી, ક્યાંય આગચંપી નહોતી, ક્યાંય છેડતી નહોતી, ક્યાંય તોડફોડ નહોતી, ક્યાંય અપહરણ નહોતું, આ શિસ્ત છે, આ ધાર્મિક શિસ્ત છે. તેઓ શ્રદ્ધા સાથે આવ્યા, 'મહાસ્નાન'માં ભાગ લીધો અને પછી તેમના ગંતવ્ય સ્થાન તરફ આગળ વધ્યા. તહેવારો અને ઉજવણીઓ અથવા આવા કોઈ પણ કાર્યક્રમો અપમાનનું માધ્યમ ન બનવું જોઈએ. જો તમને સગવડ જોઈતી હોય, તો તે શિસ્તનું પણ પાલન કરવાનું શીખો. મુખ્યમંત્રીએ કહ્યું, 'કાવડ યાત્રા સાથે સરખામણી કરવામાં આવી રહી છે, કાવડ યાત્રા હરિદ્વારથી ગાઝિયાબાદ અને NCR વિસ્તારોમાં જાય છે.' તે ફક્ત રસ્તા પર જ ચાલશે. શું આપણે ક્યારેય પરંપરાગત મુસ્લિમ સરઘસો બંધ કર્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### ઉત્તરાખંડમાં ૧૭ સ્થળોના નામ બદલાયા, CM પુષ્કર સિંહ ધામીએ મંજૂરી આપી



। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૧ ।

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ હરિદ્વાર, દહેરાદૂન, નૈનિતાલ અને ઉધમ સિંહ નગર જિલ્લામાં સ્થિત વિવિધ સ્થળોના નામો બદલવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે આ નામકરણ લોકોની ભાવના અને ભારતીય સંસ્કૃતિ અને વારસા અનુસાર કરવામાં આવી રહ્યા છે. આનાથી લોકો ભારતીય સંસ્કૃતિ અને તેના સંરક્ષણમાં યોગદાન આપનારા મહાપુરુષો પાસેથી પ્રેરણા લઈ શકશે. હરિદ્વાર જિલ્લો, ઔરંગઝેબપુર - શિવાજી નગર, ગાઝીવાલી - આર્ય નગર, ચાંદપુર- જ્યોતિબા ફૂલે નગર, મોહમ્મદપુર જાટ - મોહનપુર જાટ, ખાનપુર કુરસાલી - આંબેડકર નગર, ઈદ્રીશપુર- નંદપુર, ખાનપુર - શ્રી કૃષ્ણપુર, અકબરપુર ફાજલપુર - વિજય નગર. દેહરાદૂન જિલ્લો : મિયાંવાલા - રામજીવાલા, પીરવાલા - કેસરી નગર, ચાંદપુર ખુર્દ - પૃથ્વીરાજ નગર, અબ્દુલ્લાહપુર-દક્ષનગર. નૈનિતાલ જિલ્લો: નવાબી રોડ - અટલ માર્ગ, પવનચક્કીથી આઈટીઆઈ રોડ - ગુરુ ગોવલકર રોડ, ઉધમ સિંહ નગર જિલ્લો, મ્યુનિસિપલ કાઉન્સિલ સુલતાનપુર પટ્ટી- કૌશલ્યા પુરી. મુખ્યમંત્રીએ તેમના X હેન્ડલ પર પોસ્ટ કર્યું લિસ્ટ, સીએમ ધામીએ તેમના X હેન્ડલ પરથી આ લિસ્ટ પોસ્ટ કર્યુ છે. લિસ્ટમાં જોઈ શકાય છે કે કયા સ્થળોના નામ બદલવામાં આવ્યા છે.

### બરહેટમાં કોલસા ભરેલી બે માલગાડીઓ એકબીજા સાથે અથડાતાં ૨નાં મોત



। (એજન્સી) ઝારખંડ, તા.૧ ।

ઝારખંડના બરહેટમાં કોલસા ભરેલી બે માલગાડીઓ એકબીજા સાથે અથડાઈ હોવાની માહિતી સામે આવી છે. ફરક્કાથી લાલમતિયા જતી માલગાડી બરહેતમાં ઉભી હતી ત્યારે કોલસા ભરીને જતી માલગાડી ત્યાંથી પસાર થતાં અથડાઈ હતી પરિણામે દુર્ઘટના સર્જાઈ હતી. બે ટ્રેન એટલી જોરથી અથડાઈ કે બંને એન્જિનન કચ્ચરઘાણ નીકળી ગયો અને તેમાં આગ લાગી ગઈ. આગ લાગતા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી. ફાયર બ્રિગેડે ઘટનાસ્થળે પહોંચીને આગ બુઝાવી દીધી હતી. હાલમાં એક મૃતદેહને હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમમાં મોકલવામાં આવ્યો છે, જ્યારે બીજો મૃતદેહ હજુ પણ એન્જિનમાં ફસાયેલો છે. આ દુર્ઘટના સવારે લગભગ ૩.૩૦ વાગ્યે બની હતી. આ લાઈન પર માલગાડીઓ નું સંચાલન બંધ થઈ ગયું છે. રાબેતા મુજબ ટ્રેન શરૂ કરવામાં બે થી ત્રણ દિવસ લાગી શકે છે.બે મહિના અગાઉ ઉત્તર પ્રદેશના ફતેહપુરમાં આજે એક ભયંકર ટ્રેન અકસ્માત થયો હતો. રેડ સિગ્નલ પર ઉભેલી માલગાડીને સામેથી બીજી માલગાડી એ ટક્કર મારી. ટક્કર થતાં જ ટ્રેનનું એન્જિન પાટા પરથી ઉતરી ગયું અને ઝાડીઓમાં પડી ગયું. આ અકસ્માતમાં બંને ટ્રેનના લોકો પાયલોટ ગંભીર રીતે ઘાયલ થયા હતા. લોકોની મદદથી તેમને બચાવી લેવામાં આવ્યા હતા અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# જાતીય સતામણીના કેસમાં સ્વયં-ઘોષિત યેશુ-ઈસુ પાદરી બજિંદરને આજીવન કેદ

### આ કેસમાં પીડિતાએ નિર્ણય પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'તે (બજિંદર) એક મનોરોગી છે અને જેલમાંથી બહાર આવ્યા પછી પણ તે જ ગુનો કરશે



। (એજન્સી) મોહાલી, તા.૧ ।

મોહાલીની પોક્સો કોર્ટે સ્વ-ઘોષિત પાદરી બજિંદરને આજીવન કેદની સજા ફટકારી છે. ગયા અઠવાડિયે, કોર્ટે પાદરી બજિન્દર સિંહને ૨૦૧૮ના જાતીય સતામણી કેસમાં દોષિત ઠેરવ્યા હતા. આ કેસમાં પીડિતાએ નિર્ણય પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'તે (બજિંદર) એક મનોરોગી છે અને જેલમાંથી બહાર આવ્યા પછી પણ તે જ ગુનો કરશે, તેથી હું ઈચ્છું છું કે તે જેલમાં જ રહે. આજે ઘણી છોકરીઓ (પીડિતાઓ) જીતી ગઈ છે. હું પંજાબના ડીજીપીને અમારી સુરક્ષા સુનિશ્ચિત કરવા વિનંતી કરું છું કારણ કે અમારા પર હુમલાની સંભાવના છે. પીડિતાના પતિએ કોર્ટના નિર્ણયને આવકાર્યો છે. તેણે કહ્યું, 'અમે સાત વર્ષ સુધી આ કેસ લડ્યા. તેણે (દોષિત) કોર્ટને ગેરમાર્ગે દોર્યો અને વિદેશ પ્રવાસો કર્યો, તેમ છતાં કોર્ટના આદેશોએ તેને આમ કરવાની મંજૂરી આપી ન હતી. મારી વિરુદ્ધ નકલી એફઆઈઆર દાખલ કરવામાં આવી, અમારા પર હુમલો કરવામાં આવ્યો, મેં છ મહિના જેલમાં વિતાવ્યા અને પછી હું તેને સજા કરવા મક્કમ હતો. અમને ન્યાયતંત્રમાં વિશ્વાસ હતો. હું ઈચ્છતો હતો કે તેને સખત સજા મળે. છ આરોપી હતા, તેમાંથી ૫ સામેનો કેસ ફગાવી દેવામાં આવ્યો છે અને પાદરી બજિન્દરને દોષિત ઠેરવવામાં આવ્યા છે. અમે કોર્ટના નિર્ણયને આવકારીએ છીએ. પીડિતાના વકીલ અનિલ સાગરે કેસની છેલ્લી સુનાવણીના દિવસે કોર્ટમાં બજિંદરને કડક સજાની માંગ કરી હતી. તેણે કહ્યું હતું કે, 'કેસની પરિસ્થિતિઓના આધારે, બળાત્કારના ગુના માટે ૧૦ થી ૨૦ વર્ષની સજા છે. આ મામલામાં હું ગુનેગાર બજિન્દર માટે કોર્ટ પાસે સર્વોચ્ચ સજાની માંગ કરું છું, કારણ કે આ વ્યક્તિ ધર્મના નામે લોકોને ગેરમાર્ગે દોરતો હતો. તેને કડક સજા આપવી જરૂરી છે. મને આશા છે કે આ પછી આવા ગુનાઓનો સામનો કરી રહેલી છોકરીઓ આગળ આવશે અને અત્યાચાર વિશે જણાવશે.

### દિલ્હી રમખાણો કેસ

## કોર્ટે ભાજપ નેતા કપિલ મિશ્રા વિરુદ્ધ આપ્યા તપાસના આદેશ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હીના કાયદા મંત્રી કપિલ મિશ્રા વિરુદ્ધ ઉત્તર પૂર્વ દિલ્હી રમખાણોમાં તેમની કથિત ભૂમિકાના સંદર્ભમાં વધુ તપાસનો આદેશ આપ્યો છે. કોર્ટે મિશ્રા વિરુદ્ધ FIR નોંધવાની અરજી સ્વીકારી લીધી. કોર્ટે કહ્યું કે, દિલ્હી પોલીસ દ્વારા રજૂ કરાયેલી સામગ્રીના આધારે, તેમની હાજરી કર્દમ પુરી વિસ્તારમાં હતી અને એક કોગ્નિઝેબલ ગુનો મળી આવ્યો હતો જેની તપાસ કરવાની જરૂર છે. દિલ્હીના કાયદા મંત્રી કપિલ મિશ્રાને મોટો ઝટકો લાગ્યો છે. દિલ્હી રમખાણો સંબંધિત કેસમાં કોર્ટે કપિલ મિશ્રા વિરુદ્ધ તપાસનો આદેશ આપ્યો છે. રાઉઝ એવન્યુ કોર્ટે મંગળવારે આ આદેશ ૨૦૨૦માં ઉત્તર પૂર્વ દિલ્હીમાં થયેલા સાંપ્રદાયિક રમખાણોમાં કપિલ મિશ્રાની ભૂમિકાની તપાસની માંગ કરતી અરજી પર આપ્યો હતો. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ ઉત્તર-પૂર્વ દિલ્હીમાં રમખાણો ફાટી નીકળ્યા હતા, જેમાં ૫૩ લોકો માર્યા ગયા હતા અને ઘણા ઘાયલ થયા હતા. રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હીના કાયદા મંત્રી કપિલ મિશ્રા વિરુદ્ધ ઉત્તર પૂર્વ દિલ્હી રમખાણોમાં તેમની કથિત ભૂમિકાના સંદર્ભમાં વધુ તપાસનો આદેશ આપ્યો છે. કોર્ટે મિશ્રા વિરુદ્ધ FIR નોંધવાની અરજી સ્વીકારી લીધી.

### બેંગ્લુરુંમાં રહેવું મોંઘુ થયું

## સરકારે ઘન કચરા પર પણ ટેક્સ વસૂલવાની કરી શરૂઆત



। (એજન્સી) બેંગ્લુરું, તા.૧ ।

આજથી દેશમાં ઘણાબધા સેક્ટરોમાં વધારો અને ઘટાડો થયાના સમાચાર સામે આવ્યા છે. હવે આજે એટલે કે, ૧ એપ્રિલ ૨૦૨૫થી બેંગલુરુમાં રહેવું પણ મોંઘુ થઈ ગયુ છે. આજથી ઘરેલું કચરાના સંગ્રહ અને નિકાલના શુલ્ક પણ હાલના મિલકત વેરા બિલ પર વસૂલવામાં આવશે. કર્ણાટક સરકાર દ્વારા કચરાના નિકાલ માટે ગ્રાહક ફી મંજૂર કરવામાં આવી છે. બેંગલુરુ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ લિમિટેડ એ ગયા વર્ષે નવેમ્બરમાં ફીનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારના નેતૃત્વ હેઠળના શહેરી વિકાસ વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. બ્રુહત બેંગલુરુ મહાનગર પાલિકે એ કચરો ઉપકર લાગુ કર્યો છે. આ અંતર્ગત, બેંગલુરુના રહેવાસીઓએ ૧ એપ્રિલથી ઘન કચરા વ્યવસ્થાપન વપરાશકર્તા ફી ચૂકવવી પડશે. દૂધ, વીજળીના દરમાં વધારો કર્યા પછી, BBMP એ હવે નવો કર લાદવાનો નિર્ણય લીધો છે. BBMP એ દર મહિને કચરા અને નિકાલનો ખર્ચ વધારવાનો નિર્ણય લીધો છે અને આજથી બેંગલુરુમાં કચરા સેસ લાગુ કરવામાં આવી રહ્યો છે. આ ફીમાં લોકોના ઘરેથી દરરોજ કચરો એકઠો કરવાનો અને પછી તેનો નિકાલ કરવાનો ખર્ચ સામેલ છે.

### એક પરિવાર આગળ આવ્યો અને તેમની આપવીતી જણાવી

## જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં આતંકીઓ બળજબરીથી એક પરિવારના ઘરમાં ઘૂસ્યા



। (એજન્સી) જમ્મુ કાશ્મીર, તા.૧ ।

જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં સેના અને આતંકવાદીઓ વચ્ચે ચાલી રહેલ અથડામણ નિર્ણાયક તબક્કે છે. દરમિયાન, મંગળવારે એક પરિવાર આગળ આવ્યો અને તેમની આપવીતી જણાવી હતી. આ આતંકવાદીઓ કઠુઆમાં આ પરિવારના ઘરમાં બળજબરીથી ઘૂસ્યા હતા. આતંકવાદીઓ ખૂબ ભૂખ્યા હતા. પાણી માંગવાના બહાને ત્રણેય આતંકીઓએ ઘરનો દરવાજો ખખડાવ્યો હતા. ત્યારબાદ તેઓ બળજબરીથી અંદર ઘૂસ્યા અને હથિયારોની મદદથી બધાને કાબૂમાં લીધા બાદ રસોડામાં હાજર ખોરાક પર તૂટી પડ્યા હતા. કોઈક રીતે આ પરિવાર પોતાનો જીવ બચાવવા માટે પોતાના જ ઘરમાંથી ભાગવામાં સફળ રહ્યો હતો. પરિવારે સુરક્ષા દળોને જણાવ્યું કે ગઈકાલે સાંજે ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓ તેમના ઘરમાં ઘૂસ્યા હતા. ત્રણેય ભૂખ્યા અને તરસ્યા હતા. તે પહેલા ઘરની બહાર પહોંચ્યા અને પાણી માંગ્યું, પછી બળજબરીથી રસોડામાં ઘૂસી ગયો. પરિવારની મહિલા સભ્યએ કહ્યું કે તે મને પૈસા આપતો હતો પણ મેં લીધા નથી. આ પછી, તે રસોડામાં ગયો અને શાકભાજી અને રોટલી જાતે જ ખાવા લાગ્યો. અમે તેને ઘણી વાર કહ્યું કે અમારા ઘરની અંદર ન જાવ પણ તે માન્યા નહીં. મહિલાના કહેવા પ્રમાણે તે ૫૦૦-૫૦૦ રૂપિયાની ભારતીય ચલણી નોટો આપતો હતો. તેની પાસે ભારે બેગ હતી અને તેણે કાળા કપડા પહેર્યા હતા. અમે ડરીને ઘર છોડીને ભાગ્યા. લગભગ એક કલાક પછી તેણે રસોડામાં જે મળ્યું તે ખાઈ લીધું અને ચાલ્યા ગયા હતા. સોમવારે મોડી રાતથી કઠુઆમાં ભારતીય સેના અને આતંકીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. સુરક્ષા દળોએ એક આતંકીને ઠાર કર્યો છે. બાકીની શોધખોળ ચાલુ છે. માનવામાં આવે છે કે જંગલોમાં કુલ ત્રણથી ચાર આતંકીઓ હોઈ શકે છે. સુરક્ષા દળોનો દાવો છે કે છેલ્લા ૮ દિવસમાં આતંકીઓ સાથે આ તેમની ત્રીજી અથડામણ છે. આ પરિવારના ઘરમાં બળજબરીથી ખોરાક લીધા બાદ સુરક્ષા દળોએ તેમની શોધમાં આસપાસના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન આતંકીઓ તરફથી ફાયરિંગ પણ થયું હતું. તપાસ ટીમે કહ્યું કે રામકોટ બેલ્ટના પંજતીર્થી વિસ્તારમાં હજુ પણ ઓપરેશન ચાલુ છે.



પ્રધાનમંત્રી અને ચિલી પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ શ્રી ગેબ્રિયલ બોરિક ફોન્ટ નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે ભારત અને ચિલી વચ્ચેના એમઓયુના વિનિમયના સાક્ષી બન્યા હતાં.

### જાવેદ મલિકે જણાવ્યું કે, સિલિગુડીમાં ગંગા-બંગાળ ફોલ્ટ છે

## ભારતમાં મ્યાનમાર જેવા ભૂકંપનું જોખમ, IIT કાનપુરના વિજ્ઞાનીએ આપી ચેતવણી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

મ્યાનમાર અને બેંગકોકમાં ભૂકંપના કારણે તબાહીનો માહોલ સર્જાયો હતો. આ ભૂકંપનું કારણ સગાઈંગ ફોલ્ટ હતું. ફોલ્ટને ઈન્ટરનેટ પર મેપના માધ્યમથી સરળતાથી જોઈ શકાય છે. આઈઆઈટી કાનપુરના અર્થ સાયન્સિસ ડિપાર્ટમેન્ટના પ્રોફેસર જાવેદ મલિકે સગાઈંગ ફોલ્ટને અત્યંત જોખમી ગણાવતાં ભારતમાં પણ આ પ્રકારનો ભૂકંપ આવવાની આગાહી કરી છે. જાવેદ મલિકે જણાવ્યું કે, સિલિગુડીમાં ગંગા-બંગાળ ફોલ્ટ છે. આ બંને ફોલ્ટની વચ્ચે અન્ય ઘણી ફોલ્ટલાઈન છે. જેમાં એક ફોલ્ટ સક્રિય થવા પર બીજી ફોલ્ટ તુરંત સક્રિય થઈ શકે છે. સગાઈંગ અત્યંત જૂની ફોલ્ટ છે. તે ઉત્તર-પૂર્વના શિયર ઝોન અરાકાનથી અંદમાન અને સુમાત્રા સુધીના સબડક્શન ઝોનનો હિસ્સો છે. જે જમીનની ઉપર દેખાય છે. જાપાન અને યુરોપિયન નિષ્ણાતોએ સગાઈંગ પર કામ કર્યું છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, અહીં ભૂકંપોની આવૃત્તિ ૧૫૦-૨૦૦ વર્ષની છે. અર્થાત આટલા વર્ષોમાં એક વાર મોટો ભૂકંપ આવે છે.

# તંત્રી લેખ...

## બાંગ્લાદેશનું સમુદ્ર-બંદરો પર અંકુશ જમાવવા ચીનને નોંતરું

બાંગ્લાદેશમાં લશ્કરના બળવાની ભીતિ વચ્ચે વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસ માટે સત્તા ટકાવવાનું અઘરું બન્યું છે. ઘર આંગણે આર્થિક બેહાલી અને ભૂખમરા ની સ્થિતિ વિકટ બની રહી હોવાથી યુનુસની હાલત પણ પૂર્વ વડાપ્રધાન શેખ હસીના જેવી થવાની આશંકાઓ છે. ચારે તરફથી સંકટોમાં ઘેરાયેલા યુનુસે ચીનના ખોળે માથુ નમાવી દીધું છે. બાંગ્લાદેશના સમુદ્ર અને જમીન પર વિસ્તાર અંકુશ જમાવવા યુનુસે ચીનને ખુલ્લુ આમંત્રણ આપ્યું છે. સત્તા ટકાવી રાખવા ગમે તે હદે જવાની તૈયારી દર્શાવતા યુનુસે ચીનની આંગળી પકડી બાંગ્લાદેશના અર્થતંત્રને ધબકતું કરવાના સપના બતાવ્યા છે. આ સાથે તેમણે ભારતની મુશ્કેલીમાં મૂકવાના બદઈરાદા પણ જાહેર કર્યા છે. બાંગ્લાદેશને ચીનનું ખંડિયું રાષ્ટ્ર બનાવવાની સત્તાવાર જાહેરાત જ બાકી રાખી હોય તેમ યુનુસે કહ્યું હતું કે, ભારતના સાત ઉત્તરપૂર્વી રાજ્યો લેન્ડલોક્ડ (જમીન પ્રદેશ) છે. દરિયા સુધી પહોંચવાનો રસ્તો તેમની પાસે નથી. દરિયો બાંગ્લાદેશ પાસે છે અને આ વિસ્તારના દરિયાનું રક્ષક માત્ર બાંગ્લાદેશ છે. તેથી આ પ્રદેશ સુધી ચીન પોતાના અર્થતંત્રનો વિસ્તાર વધારી શકે છે. ઈમારતોના નિર્માણ, ઉત્પાદન એકમો બનાવીને ચીન પૂરી દુનિયાના બજાર સુધી પહોંચી શકે છે. ચીનની ચાર દિવસની મુલાકાતે ગયેલા યુનુસના વીડિયોએ સોશિયલ મીડિયા પર ચકચાર જગાવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આર્થિક સલાહકાર સમિતીના સભ્ય સંજીવ સાન્યાલે યુનુસના આ વીડિયો અંગે પ્રતિક્રિયા આપતાં એક્સ પોસ્ટમાં જણાવ્યુ હતું કે, ભારતના ૭ રાજ્ય લેન્ડ-લોક્ડ હોવાનું કારણ દર્શાવી યુનુસે ચીનને જાહેર અપીલ કરી છે. બાંગ્લાદેશમાં ચીન રોકાણ કરે તે આવકાર્ય હોઈ શકે, પરંતુ ભારતના ૭ રાજ્યોના ઉલ્લેખનું મહત્ત્વ શું છે? ભૂખમરા અને રાજકીય અનિશ્ચિતતામાંથી પસાર થઈ રહેલા બાંગ્લાદેશને લોલિપોપ આપવા ચીને નાણાં કોથળી ખુલ્લી મૂકી છે. બાંગ્લાદેશને ૯૦૦ મિલિયન ડોલરની સહાય જાહેર કરાઈ છે.

## સ્કાઉટ એન્ડ ગાઈડના બાળકો પોતાના જન્મદિવસે અને માતા-પિતાની મેરેજ એનિવર્સરીએ એક વૃક્ષ વાવવાનો સંકલ્પ લે : આચાર્ય દેવવ્રતજી



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ એન્ડ ગાઈડના સૌ બાળકોને પોતાના જન્મદિવસે કે પોતાના માતા-પિતાની મેરેજ એનિવર્સરીએ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. ગ્લોબલ વૉર્મિંગના દુષ્પરિણામોથી માહિતગાર કરીને તેમણે બાળકોને પર્યાવરણ સંરક્ષણનું મહત્વ સમજાવ્યું હતું અને કહ્યું હતું કે, વૃક્ષ વાવ્યા પછી ત્રણ વર્ષ સુધી તમે એ વૃક્ષનું જતન કરશો તો પછી બાકીની આખી જિંદગી એ વૃક્ષ તમારું જતન કરશે. ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ ના ૧૫૬૮ બાળકો અને વર્ષ ૨૦૨૪-૨૫ ના ૧૬૧૧ બાળકોને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજ્ય પુરસ્કાર અર્પણ કર્યા હતા. ગાંધીનગરમાં રાજભવન ખાતે મહર્ષિ દયાનંદ સભામંડપમ્ માં આયોજિત ભવ્ય સમારોહમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના ૩૧ જિલ્લા પૈકી ૨૫ જિલ્લાઓમાં સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિઓ વધારે સક્રિયતાથી ચાલી રહી છે. ગુજરાતમાં સ્કાઉટ ગાઈડ સંઘે ૬૫ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ગુજરાતના વિભિન્ન જિલ્લાઓમાંથી પધારેલા સ્કાઉટ્સ ગાઈડ્સ તથા સ્કાઉટર અને ગાઈડરને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સ્કાઉટ ગાઈડ એક વિચારધારા છે જે બાળકોમાં સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે સમર્પણનો ભાવ પ્રગટાવે છે. શિક્ષણની સાથે સાથે બાળકોને સેવા સાથે જોડતા આવા સંગઠનો બાળકને આત્મનિર્ભર તો બનાવે જ છે, સાથોસાથ તેમને એક જવાબદાર નાગરિક બનાવીને સમાજમાં તેમની ઉપયોગીતાની અગત્યતા સમજાવે છે.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, વિકાસ માટેની આંધળી દોડ અને આધુનિકતાને નામે આપણે પર્યાવરણનું સંતુલન બગાડી નાખ્યું છે. હવે પાણી અને હવા પ્રદૂષિત થઈ ગયા છે. પ્રાકૃતિક સંપદાનું સંરક્ષણ કરવું દરેક નાગરિકનું કર્તવ્ય છે. તેમણે બાળકોને અનુરોધ કર્યો હતો કે, તેઓ પોતાની દૈનિક જીવનશૈલીમાં અનુશાસન અને સંયમ અપનાવે, જેથી તેઓ સ્વયં સ્વસ્થ રહી શકે અને પર્યાવરણનું રક્ષણ પણ કરી શકે. યુવાઓને જીવનમાં યોગ્ય માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમને વ્યસન, ખોટી આદતો અને સોશિયલ મિડિયાના દૂષણોથી બચવાની સલાહ આપી હતી. તેમણે માતા-પિતાના માર્ગદર્શનનું મહત્વ રેખાંકિત કરતાં બાળકોને અનુરોધ કર્યો હતો કે, કોઈપણ સમસ્યા કે સંકટ સમયે પોતાના વાલીઓ સાથે ખુલીને વાતચીત કરવી જોઈએ. તેમણે કહ્યું કે, જે બાળકો પોતાના માતા-પિતા અને ગુરુજનોનું સન્માન કરે છે, તેઓ જીવનમાં હંમેશા સફળતા પ્રાપ્ત કરે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના બાળપણની એક પ્રેરણાદાયક ઘટના બાળકોને કહેતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, શ્રી નરેન્દ્ર મોદીજીએ પોતાની નાની ઉંમરમાં જ સેવાભાવ અને નેતૃત્વ ક્ષમતા દેખાડી હતી. આ ઉદાહરણ દ્વારા તેમણે બાળકોને સમજાવ્યું કે, સમાજ સેવાની પ્રવૃત્તિ કરવા માટે કોઈ ઉંમરની અડચણ હોતી નથી. જો વ્યક્તિ બાળપણથી જ સમાજસેવાની ભાવનાને અપનાવે, તો તે જીવનમાં મહાનતા પ્રાપ્ત કરી શકે છે. અંતમાં, શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉપસ્થિત તમામ અધિકારીઓ, સ્કાઉટ્સ, ગાઈડ્સ અને આયોજકોની પ્રશંસા કરી, નવવર્ષના અવસરે સૌના સુખ, સમૃદ્ધિ અને આરોગ્યની શુભકામનાઓ પાઠવી હતી. તેમણે સૌને રાષ્ટ્રીય સેવા માટે સમર્પિત રહેવા માટે પ્રેરણા આપતાં જણાવ્યું કે, જો આપણે સૌ મળી ને પ્રકૃતિ, સમાજ અને રાષ્ટ્રની સેવા માટે સજ્જ રહીશું.

**મનુષ્ય તરીકે એને સાત જન્મ મળે છે પરંતુ અહીં જન્મ લઇ તે રામ શક્તિને જાગૃત કરી રામકામ કે સારા કર્મ કરે તો આ સાતની અવધી લંબાઇ શકે છે**

# સૂર્ય સાક્ષીએ અધ્યાત્મનું ખેડાણ કરીને મણિપુર ચક્ર એટલે કે રત્નોનાં નગરની સફરે જઈએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**રુદ્રની શક્તિ દેવી લાકિની છે, તે કાળો અથવા ઘેરા વાદળી રંગના ત્રણ ચહેરાઓ ધરાવે છે, દરેકમાં ત્રણ આંખો છે; અને ચાર શસ્ત્ર છે. લાકીની પાસે વીજળીનો અવાજ છે, અને લાકીની લાલ કમળ પર બેઠેલી છે. મણિપુરાની દસ પાંખડીઓ ઘેરા-વાદળી અથવા કાળી હોય છે, જેમ કે ભરાયેલા વરસાદી વાદળો જેવા ઘેરા-વાદળી રંગની છે.**

આજે ચૈત્રી નવરાત્રીના ચોથો દિવસે નવદુર્ગાના ચોથા સ્વરૂપ એટલે કે પૃથ્વી નામના ગર્ભમાંથી પ્રાણીમાત્રને જન્મ આપનારી કુષ્માંડા ને નમન કરીએ. મનુષ્ય પણ એક પ્રાણી જ છે, અને તેના મૂળમાં પણ અન્ય પ્રાણીની જેમ કામ જ કેન્દ્ર બિંદુ છે. એટલે તેની પ્રાણશક્તિને કામ શક્તિ માંથી રામ શક્તિ તરફ ઉર્ધ્વગમન કરાવવાની આ આધ્યાત્મિક સફરનું નામ જ કુંડલિની જાગરણ છે. મનુષ્ય તરીકે એને સાત જન્મ મળે છે, પરંતુ અહીં જન્મ લઈ તે રામ શક્તિને જાગૃત કરી રામકામ કે સારા કર્મ કરે તો આ સાતની અવધી લંબાઈ શકે છે, એટલે કે ઈશ્વરને હાથ જન્મ મૃત્યુ હોવા છતાં, મૃત્યુ સમયે તે મુક્તિ ન માંગતા ભક્તિ માંગે છે, અને નરસિંહના પદ મુજબ ભક્તિ તો ભૂતળનો પદાર્થ છે, એટલે એ ફરી અહીં જન્મ લે છે. ગર્ભાવસ્થામાં એને પૂર્વ જન્મના સંસ્કારની સ્મૃતિમાંથી ઉપર ઉઠવાનું હોય છે. પરંતુ આપણે પૂર્વ જન્મ સુધી ન વિચારીએ તો પણ આ જન્મની જ ભૂતકાળની સારી ખરાબ બંને પ્રકારની સ્મૃતિઓ આપણને આગળના ઉજ્જવળ જીવન તરફ જતા ઘણીવાર રોકી રાખે છે, અને જીવ વિષય, વાસના કે કામનાઓથી ઘેરાયેલું રહે છે, એને રામ દેખાતો નથી, અને મનુષ્ય માનવી ન બનતાં એક પ્રાણી તરીકે જ અહીંથી વિદાય લે છે. મનુષ્ય અને માનવી બંને એકબીજાના પર્યાય હોવા છતાં આ બંનેમાં આટલો તફાવત છે, એટલે કે માનવી એને જ કહેવાય જે કામ ભાવમાંથી આગળ વધી રામ નામ અને રામ કામ સુધી પહોંચી શકે, અને એ રીતે પોતાના હૃદયમાં માનવતા અર્જીત કરે. પણ તત્વતઃ રામ એમ અધ્યાત્મિક સફર વગર અંદર હોવા છતાં અનુભવી શકાય નહીં! અધ્યાત્મ એટલે આપણી અંદરનો આત્મા કે પ્રાણ, જે છે ખરો, પણ અદ્રશ્ય છે! એટલે કે તેના હોવાનાં ખૂબ બધાં પ્રમાણ રોજ મળે છે, પણ આજસુધી કોઈએ જોયો નથી! અને એ જ રીતે પરમેશ્વર તત્વ કે જે અધ્યાર છે! એટલે કે સૃષ્ટિ સંચાલન દ્વારા એનાં હોવાનાં પણ પ્રમાણ મળે છે! અધ્યાર એટલે કે કોઈને સાકાર રુપે પ્રતિતિ થઈ છે તો કોઈને નિરાકાર રુપે! માટે આ અદ્રશ્ય અને અધ્યાર તત્વ બંનેને જોડવાથી જ રામ તત્વની અનુભૂતિ થાય! અને આ આખી સફર ને આધ્યાત્મિક સફર કહેવાય કોઈ ને વર્ષો લાગી જાય, તો કોઈને પલભરમાં રામ તત્વની અનુભૂતિ થાય! આજે આપણે આ કુંડલીની જાગરણના સાત ચક્રો માંથી મહત્વનાં ત્રીજા ચક્ર એટલે કે મણીપુર ચક્રની શાસ્ત્રીય રચના જાણી તેને આપણી રીતે જાગૃત કરવાની કોશિશ કરીએ. આપણી નાભિના પાછળના હિસ્સામાં કરોડરજ્જુ પર સાતેય ચક્રમાં મહત્વનાં એવા મણિપુર ચક્રનું સ્થાન છે. જઠરાગ્નિના સ્થાન પર હોવાથી મણિપુર ચક્ર આપણાં પાચન સાથે સંકળાયેલું ચક્ર છે. અહીંથી ૭૨ હજાર નાડીઓ પસાર થતી હોવાથી નાડી પ્યૉરિફિકેશન માટે પણ આ ચક્ર મહત્ત્વનું છે. એનો શાબ્દિક અર્થ પણ એની મહત્તાને દર્શાવે છે. મણિ એટલે કે રત્નો અને પુર એટલે કે નગર. અહીં ધ્યાન કેન્દ્રિત કરવાથી આલ્હાદક આનંદની પ્રતિતિ થાય છે.મણિપુરા ચક્રને દસ પાંખડીઓ ધરાવતું દર્શાવવામાં આવ્યું છે, જેમાં સંસ્કૃત અક્ષરો દા, ધા, ના, તા, થા, ડા, ના, પા, અને ફા છે. મધ્યમાં બીજનો અવાજ રં કે રામ છે. અગ્નિ તત્વથી બનેલું આ ચક્ર લાલ ત્રિકોણ તરીકે બતાવવામાં આવ્યું છે. બીજ મંત્રનો ઉચ્ચારણ 'રં' એટલે કે રામ છે, આ ચક્રના દેવ રુદ્ર છે.તે લાલ અથવા સફેદ છે, ત્રણ આંખો સાથે, ચાંદીની દાઢી સાથે પ્રાચીન પાસું છે, અને સફેદ રાખથી ઢંકાયેલ છે. આ ચક્ર જાગૃત થાય તો ડર દૂર કરે છે, અને રૂદ્ર દેવ વાઘ ચર્મ અથવા બળદ પર બેઠો છે. રુદ્રની શક્તિ દેવી લાકિની છે, તે કાળો અથવા ઘેરા વાદળી રંગના ત્રણ ચહેરાઓ ધરાવે છે, દરેકમાં ત્રણ આંખો છે; અને ચાર શસ્ત્ર છે. લાકીની પાસે વીજળીનો અવાજ છે, અને લાકીની લાલ કમળ પર બેઠેલી છે.મણિપુરાની દસ પાંખડીઓ ઘેરા-વાદળી અથવા કાળી હોય છે, જેમ કે ભરાયેલા વરસાદી વાદળો જેવા ઘેરા-વાદળી રંગની છે, જોકે આ બધું તંત્ર સાધના માટે જરૂરી છે, આપણે તો જાગરણ માટે આ પાંખડીઓ આધ્યાત્મિક અજ્ઞાન, તરસ, ઈર્ષ્યા, વિશ્વાસઘાત, શરમ, ભય, અણગમો, ભ્રમણા, મૂર્ખતા અને ઉદાસીની વૃત્તિઓ માંથી ઉપર ઉઠવાનો સંકેત કરે છે, એટલું જ્ઞાન પણ પર્યાપ્ત છે. પાંખડીઓ દસ પ્રાણ એટલે કે જે જીવંત પ્રવાહ અને ઉર્જા સ્પંદનનું પ્રતિનિધિત્વ કરે છે, જે મણિપુરા ચક્ર દ્વારા નિયંત્રિત થાય છે. પાંચ પ્રાણ વાયુ છેઃ પ્રાણ, અપાન, ઉડાન, સામન અને વ્યાન. પાંચ ઉપપ્રાણ છેઃ નાગ, કુર્મ, દેવદત્ત, ક્રિકલા અને ધનંજય. મણિપુર ચક્ર સૂર્ય નાડી સાથે સંકળાયેલું છે, અને તેને સક્રિય કરવા સૂર્ય માંથી શક્તિ શોષવાની અને આત્મસાત કરવાની હોય છે, જો તે યથા માત્રામાં સક્રિય થાય તો સૂર્યમાંથી શક્તિ શોષણ કરી તેની જેમ તેજસ્વી અને પ્રભાવશાળી બને છે. આ ઉપરાંત શાસ્ત્રોમાં એને દશચ્છડા, દશદલા પદ્મ, દશપત્ર, દશપતરામ્બુજ, મણિપુરા, મણિપુરાકા, નાભિપદ્મા, નાભિપંકજા નામથી પણ ઓળખવામાં આવે છે, આ થઈ એની શાસ્ત્રીય વાત.

મનુષ્ય જીવનમાં માત્ર તેની શક્તિનો દસમો ભાગ જ વાપરે છે, અને એ રીતે એ માત્ર પ્રાણી બની રહી જાય છે. મેડીકલ સાયન્સ પણ માને છે કે માણસના મગજની પાછળના અને આગળના સેરીબ્રેલનો જ વિકાસ થયેલ છે પોન્સ, થેલેમસ, હાઈપોથેલેમસ, પિનિયલ અને પિટ્યુટરી ગ્રંથિનો વિકાસ નથી થયો, અને તેના કાર્યોની પણ બહુ ઓછી ખબર છે. પણ વિજ્ઞાનનો જ્યાં અંત છે ત્યાંથી જ આધ્યાત્મિક વિજ્ઞાન શરૂ થાય છે, અને એ જ આપણને મનુષ્ય નામના પ્રાણી માંથી માનવી બનાવી શકે. યોગશાસ્ત્ર મુજબ કરોડરજ્જુનાં બીજા અને ત્રીજા મણકા વચ્ચે કંદ નામનું હાડકું ઉંધા ત્રિકોણના રૂપમાં આવેલ છે. હાડકાંની ફરતે કુંડલિની પોતાના મુખથી પોતાની પૂંછડી પકડીને બેઠેલ સાપ જેમ હોય છે. આપણે આપણી અંદર ઈચ્છા નામની એક સર્પિણી પાળીએ છે, અને આપણી ઈચ્છા શક્તિ જ આપણને મનુષ્યમાંથી માનવી બનવા દેતી નથી, એ તરફ આપણું ધ્યાન કેન્દ્રિત થાય તો આ સાત ચક્રો માંથી કુંડલીની જાગરણ થાય કે ના થાય, પણ માનવી પણું થોડું થોડું આવી શકે! એટલે કે વિશેષ કર્મ થાય કે ન થાય, પણ ખોટા કામ કરવાનું બંધ થાય! ખોટા રાગ દ્વેષ, ખોટા વિચારો, અને ઈર્ષા નિંદા જ અજ્ઞાનને વધારે છે, અથવા તો જ્ઞાનને પ્રવેશવા નથી દેતી, એ તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ તો સૂર્ય શક્તિ રૂપી સકારાત્મકતા જીવનમાં આવે, અને આપણું જીવન પણ સોનેરી કે તેજસ્વી બની શકે. આ ઉપરાંત આ ચક્ર જઠર આગળ સ્થાન ધરાવે છે, અને અગ્નિ તત્વ મુખ્ય હોવાથી તેને જઠરાગ્નિ રૂપે જોઈએ, તો આપણો જેટલો જઠરાગ્નિ હોય અને જે સારી રીતે પચાવી શકે, આપણી શરીરની તાસીર અને આપણાં પ્રદેશની આબોહવા મુજબનો પૌષ્ટિક અને સાદો આહાર ગ્રહણ કરવાથી સ્વાદને નામે પોષાતાં વિકારોથી બચી શકાય છે. હવે ઉનાળો શરૂ થતો જાય છે ત્યારે વધું પડતાં ઠંડાં પદાર્થથી જઠરાગ્નિ મંદ પડી જાય, તેમજ પ્રકૃતિ એ ગરમ એવાં તેજ તીખાં પદાર્થ પણ લેવા નહીં ,નહીં તો કાયમ માટે પિત્તની તકલીફ શરૂ થઈ જાય. યોગની શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર આપણે મણીપુર ચક્રને સક્રિય કરી સૂર્ય શક્તિને આત્મસાત કરી શકીએ તો એ ઘણું ઉત્તમ છે બાકી આપણી ઈચ્છા શક્તિ કે કામના શક્તિને રામ શક્તિ તરફ વાળી શકીએ એટલે કે સ્વ માંથી સર્વ તરફ જતી દિશામાં જીવનને વાળી શકીએ, તો પણ ઘણું! બાકી ચૈત્રીના ઉગતા સૂર્યપ્રકાશનો વધુને વધુ લાભ લઈને જીવન રત્ન જેમ પ્રકાશિત કરીને સચ્ચિદાનંદ સ્વરૂપે રામને અંતરમાં જન્માવીએ. જય સીયારામ.

**ચૈત્રી પાંચમું નોરતું | આત્માનો સ્વભાવ અજર-અમર છે, એટલે આત્મ સ્વરૂપને સમજી લેવાથી માનવી સંસારના ખોટા ભય અને પ્રલોભનોમાંથી મુક્ત થઈ જાય છે**

# સાચો માનવી તે છે જે હંમેશાં પોતાની અને બીજાની ખરાબી ઓને દૂર કરતો રહેવા પ્રયત્ન કરે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**મંદિરમાં પરમાત્માનાં દર્શન કરી બહાર આવ્યા પછી દરેકમાં પરમા ત્માનાં દર્શન કરો.જે પરમાત્મા મારામાં છેતે સર્વમાં છે એ પ્રમાણે સારું જગત જેને પરમાત્મારૂપે દેખાય તેને પોતાના સ્વરૂપમાં પણ પરમાત્માનો અનુભવ થાય છે. આ જ અદ્વૈત. શ્રીકૃષ્ણની લીલાઓનું ચિંતન કરી ગોપીઓ પોતાના સ્વરૂપ માં પરમાત્માનો અનુભવ કરે છે અને બોલે છે.**

ગુજરાત સહિત કેટલાક રાજ્યમાં હવામાનમાં પલટો આવશે તેવી આગાહી વચ્ચે ચૈત્રી પાંચમું નોરતું શક્તિ ભક્તિમાં લીન થઈ પસાર થશે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ સત્કર્મ વિવિધ પૂર્વક કરવામાં આવે તો તે દિવ્ય બને છે સત્કર્મને કાળનો નિયમ નથી. સત્કાર્યને તરત કરવું. એને કદાપિ મુલતવી રાખવું નહીં. ધર્મરાજા યુધિષ્ઠિર પાસે એક યાચક દાન માગવા આવ્યો. ધર્મરાજાએ તેને બીજે દિવસે આવવા કહ્યું. આ વાત ભીમસેને સાંભળી એટલે તરત તે વિજય દુંદુભિ વગાડવા લાગ્યો. બધાને લાગ્યું કે,આ ભીમ સેનનું ખસી તો નથી ગયુંને? ભીમને કારણ પૂછ્યું અત્યારે કયો વિજય થયો છે કે તું દુંદુભિ વગાડે છે.ભીમે કહ્યું કે, આજે મોટાભાઈ એ કાળ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે.તેમની ખાતરી છેકે પોતે આવતીકાલ સુધી જીવવાના જછે તેથી તેના વિજયમાં આ દુંદુભિ વગાડું છું ધર્મરાજાને પોતાની ભૂલ સમજાઈ તેમણે યાચકને તરત પાછો બોલાવ્યો અને યથાયોગ્ય દાન આપ્યું.માટે સત્કાર્ય તરત કરો.

જીવમાત્રને રોગ થયો છે. જીવને ઈશ્વરનો,શ્રીકૃષ્ણનો વિયોગએ મોટામાં મોટો રોગ.ભાગવતએ ભવરોગની દવા છે.પણ દવામાં જેમ ચરી પાળવી જોઈએ,તેમ કથામાં તેની વિધિ જાળવવી જોઇ એ.શુભ મુહૂર્તે કથાનો પ્રારંભ કરવો જોઈએ.વક્તાનાં લક્ષણો બતાવ્યાં છે. વિરક્તપણું એ પહેલું લક્ષણ બતાવ્યું છે. શુકદેવજી પણ જગતને જોતા હતા પણ નિર્વિકાર હતા. આપણે જગતને જોઈએ, ત્યારે આંખમાં વિકાર આવે છે. શુકદેવજી દરેક સ્ત્રી-પુરુષને ભગવદ ભાવથી જોતા હતા.દરેક સ્ત્રી-પુરુષને ભગવદભાવથી જુઓ વૈરાગ્ય એટલે શું? ભોગના અનેક પદાર્થો મળે છતાં મન તેમાં ન જાય તે વૈરાગ્ય.સાચો માનવી તે છે જે હંમેશાં પોતાની અને બીજાની ખરાબીઓને દૂર કરતો રહેવા પ્રયત્ન કરે છે. આ રીતે તે સૃષ્ટિને નિર્મળ અને આનંદદાયક બનાવવા માં મદદ કરે છે, જે પરમાત્માને પ્રસન્ન કરવાનું કાર્ય છે. તેનાથી માનવી દેવત્વના ગુણો ધારણ કરવા યોગ્ય બનવા લાગે છે. તેને તે જ્ઞાન મળે છે, જેના વડે માનવી પોતાને ભૌતિક સ્વરૂપની જગાએ આત્મસ્વરૂપમાં જોવા લાગે છે. કેમ કે આત્માનો સ્વભાવ અજર-અમર છે, એટલે આત્મ સ્વરૂપને સમજી લેવાથી માનવી સંસારના ખોટા ભય અને પ્રલોભનોમાંથી મુક્ત થઈ જાય છે અને એવા માર્ગનો મુસાફર બની જાય છે જે વાસ્તવમાં શ્રેષ્ઠ પુરુષોમાં ઉપયુક્ત કહેવાય છે. વર્તમાન સમયમાં લોકોનું ધ્યાન ભૌતિક ઉન્નતિ તરફ વિશેષ રૂપથી લાગેલું છે,જે ઉચિત નથી.પ્રત્યેક માણસ પોતાની શક્તિને વધુમાં વધુ વન,વૈભવ, પ્રતિષ્ઠા,નામ મેળવવામાં લગાવે છે. આત્મિક ઉન્નતિનું મહત્ત્વ કાં તો લોકો ભૂલી જાય છે અથવા તેને અવ્યવહારિક વસ્તુ સમજે છે. પણ જો ગંભીર વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ જણાય છું કે આ ભૌતિક સફળતા સારા અથવા ખોટા. માર્ગથી મળેલી હોય તો તે સ્થાયી રહી શકતી નથી.વર્તમાન સમયમાં આપણને એવાં પરિવર્તનો મોટા ઉગ્ર રૂપમાં થતાં જોવા મળે છે,મોટા મોટા રાજા મહારાજા,સમ્રાટ બાદશાહ પોતાનાં ઊંચા પદોથી પડી જઈ અને સાધારણ સ્થિતિમાં મળતા દેખાયા છે. આવી અવસ્થામાં ભૌતિક ઉન્નતિને સર્વોપરિ મહત્ત્વ આપવું અને તેને માનવતાની કસોટી સમજી લેવી એ મોટી ભૂલ છે. આપણે સૌથી પહેલાં વિવેક, સંયમ, સત્ય, દયા,પરમાર્થ વગેરે દૈવી ગુણોને મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. પરમાત્માનો પ્રત્યક્ષ એટલે કે અપરોક્ષ સાક્ષાત્કાર થાય ત્યારે જીવન સફળ થાય છે. વેદાંતમાં સાક્ષાત્કારના બે પ્રકારો બતાવ્યા છે જેમાં પરોક્ષ જ્ઞાન અને અપરોક્ષ જ્ઞાન. ઈશ્વર વિના કાંઈ નથી. ઈશ્વર જ બધું છે, હું પણ ઈશ્વર થી અલગ નથી એવું જ્ઞાન થાય, જોનારો ઈશ્વરમય બને, ત્યારે ઈશ્વરનો અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે. ઈશ્વરનો સર્વમાં અનુભવ કરતો કરતો ઈશ્વરરૂપ બને છે, તે જ ઈશ્વરનાં પરિપૂર્ણ સ્વરૂપને જાણી શકે છે.

મંદિરમાં પરમાત્માનાં દર્શન કરી બહાર આવ્યા પછી દરેકમાં પરમા ત્માનાં દર્શન કરો.જે પરમાત્મા મારામાં છેતે સર્વમાં છે એ પ્રમાણે સારું જગત જેને પરમાત્મારૂપે દેખાય તેને પોતાના સ્વરૂપમાં પણ પરમાત્માનો અનુભવ થાય છે. આ જ અદ્વૈત. શ્રીકૃષ્ણની લીલાઓનું ચિંતન કરી ગોપીઓ પોતાના સ્વરૂપમાં પરમાત્માનો અનુભવ કરે છે અને બોલે છે.હું જ શ્રીકૃષ્ણ છું. શ્રીકૃષ્ણનો સર્વમાં અનુભવ કરતાં ગોપીઓ શ્રીકૃષ્ણમય બની જાય છે.જેને પોતાની અંદર પરમાત્મા નાં દર્શન થાય તે જીવ ઈશ્વરમય બની જાય છે.જેને પોતાની અંદર પરમાત્મા દેખાય તે પછી ઈશ્વરથી જુદો રહી શકતો નથી. તે ઈશ્વરમાં મળી જાય છે. આ જ ભાગવતનું રહસ્ય છે અને ફળ પણ એ જ છે.તીર્થયાત્રાએ જવું છે?તો જાઓ દ્વારિકાધીશ નાં દર્શન કરજો. બેટ દ્વારિકાની ભગવાનની મૂર્તિ મનોહર છે. સ્વરૂપ અદ્ભુત છે. જોતાં મન ધરાતું નથી. કાશીનું માહાત્મ્ય પણ ઘણું છે. કાશીના પ્રમુખ દેવ છે ભૈરવનાથ. વિશ્વેશં માધવં ઢુંઢિ દંડપાણિ ચ ભૈરવમ્ આ શ્લોક રોજ બોલે તો કાશીમાં રહ્યાનું ફળ મળે છે. કાશીમાં નવ માસ રહે તો પુનર્જન્મ થતો નથી. કાશીના મણિકર્ણિકા ઘાટ ઉપર આ શ્લોક લખ્યો છે. અહીં મરણ મંગલ છે.અહીં જીવન સફળ છે. સ્મશાન એ જ્ઞાનભૂમિ છે. દિવસમાં બે-ચાર વખત સ્મશાનને યાદ કરશો તો બુદ્ધિમાં ફેર પડશે. કલ્પના કરો,હું કાશીમાં છું. અહીં થી મનથી જ ગંગાજીમાં ડૂબકી મારો. કળિયુગ માં મનથી સત્કર્મ કરે તો પણ પુણ્ય મળે છે.

ગયાજીએ પિતૃગયા નામનું પ્રસિદ્ધ તીર્થ છે. ગયાજીમાં અનેક શ્રાદ્ધ કરવાં પડે છે. પહેલું શ્રાદ્ધ ફલ્ગુન નદીના કિનારે કરવું પડે છે અને છેલ્લું શ્રાદ્ધ અક્ષયવટ નીચે કરવામાં આવે છે,જ્યાં બાલકૃષ્ણ વિરાજે છે. શ્રાદ્ધ કરનારનેબ્રાહ્મણ એક વસ્તુનો ત્યાગ કરાવે છે, પછી ભગવાન પાસે કાંઈક માગવાનું છે. પહેલાં ત્યાગ કરવાનો અને પછી માગવાનું. ભગવાન જે ત્યાગ કરે તેને જ ભગવાન પાસે માગવાનો અધિકાર છે. ઘણાખરા લોકો જે ન ભાવતું હોય તે છોડવાનું નિમ લે છે.કોઈ રીંગણા ખાવાનું છોડે, કોઈ કારેલાં ખાવાનું છોડે છે. આથી કંઈ લાભ થતો નથી. પાપવિકાર છોડે તો લાભ છે. એમ કહો, કાશી વિશ્વ નાથનાં દર્શન કરી મેં કામ છોડી દીધો છે. ગોકુળ-મથુરાની જાત્રા કરી મેં ક્રોધ છોડી દીધો છે. એક-એક તીર્થમાં એક-એક પાપ છોડવાનું હોય છે, એક-એક ત્યાગ કરવાનો હોય છે.

કાશીએ જ્ઞાનભૂમિ છે. અયોધ્યા વૈરાગ્યભૂમિ છે. વ્રજભૂમિએ પ્રેમ ભૂમિ છે. નર્મદાનો કિનારોએ તપો ભૂમિ છે.નર્મદાના કિનારે તપ કરવાનું કહ્યું છે.વૈરાગ્ય અને ભક્તિ ત્રણે નર્મદા કિનારે સિદ્ધ થાય છે. તીર્થમાં ક્રોધ ન કરો, તીર્થ માં બ્રહ્મચર્ય વગેરે વ્રતો પાળવાં જોઈએ,તો જ તીર્થયાત્રાનું ફળ મળે છે.

યાત્રા કરતાં કરતાં વિદુરજી યમુના કિનારે વૃંદાવનમાં આવ્યા છે. કનૈયો વ્રજમાં ખુલ્લા પગે ફરે છે. યશોદાજી સમજાવે છે કે, વનમાં કાંટા-કાંકરા લાગશે.તું પગમાં જોડા પહેર. કનૈયો કહે છે, મા,હું તમારે ઘરે ગાયોની સેવા કરવા આવ્યો છું.ગયા જન્મમાં રામરૂપે હું રાજાને ઘરે જન્મ્યો એટલે મને કોઇએ ગાયોની સેવા કરવા દીધી નહીં. મેં નક્કી કર્યું, હવે ભવિષ્યમાં હું કોઈ ગોવાળને ત્યાં જન્મ લઇશ અને ગાયોની સેવા કરીશ.હવે તમે જ કહો,મારી ગાયો ઊઘાડા પગે ફરે છે તો હું પગમાં જોડા કેવી રીતે પહેરું? લાલાનાં અનેક નામો છે, પણ મને લાલાનું ગોપાળકૃષ્ણ ગમે છે. શ્રીકૃષ્ણ વ્રજમાં ઊઘાડા પગે ફરે છે તેથી વ્રજરજ અતિ પાવન છે. દ્વારિકામાં તેઓ તો રાજા હતા એટલે ખુલ્લા પગે ફરાય નહીં. વિદુરજી વ્રજની રમણ રેતીમાં આળોટે છે.રમણરેતીમાં ગોપી ઓની ચરણરજ પડેલી. વિદુરજી મંગલમય શ્રીકૃષ્ણની લીલાઓનું ચિંતન કરે છે કે,આ ભૂમિ અતિ શય પાવન છે.મારા શ્રીકૃષ્ણ ગાયોને લઈને આ ભૂમિમાં આવતા હતા.વ્રજની લીલા નિત્ય છે.આજે પણ ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં રોજ લીલા કરે છે. શ્રીકૃષ્ણ આનંદ રૂપ વિદુરજીને અનુભવ થયો કે, મારા શ્રીકૃષ્ણ ગાયોને લઈને યમુના કિનારે આવ્યા છે.વિદુરજીની ભાવના એવી હતી. તેને સર્વ લીલા પ્રત્યક્ષ દેખાય છે. આ કદમનું ઝાડ છે.વૈષ્ણવોઆને ટેર કદમ કહે છે. ટેર કદમ ઉપર વિરાજેલાં શ્રીકૃષ્ણ વહાલી ગાયો ને નામ દઈદઈને બોલાવે છે. ગાયો ની વચ્ચે ઊભેલા એવા ગોપાળ કૃષ્ણનું ધ્યાન ધરો. ગાયોની વચ્ચે બિરાજેલા શ્રીકૃષ્ણનું ધ્યાન ધરવાથી જલદી તન્મયતા થાય છે.

વાચક ચાહક મિત્રો, આજે ચૈત્રી નવરાત્રિનો પાંચમો દિવસ ગરમી માં થોડી વધી છે એ સુચવે છે કે જીંદગીમાં કુદરત અને કુદરતી સંપત્તિનું પૂજન અર્ચન હૃદય મનથી કરો એ ભાવના સાથે અસ્તુ.

### ઐશ્વર્યા છેલ્લે મણિરત્નમની બે પોનીયિન સેલ્વન ફિલ્મોમાં જોવા મળી હતી

# ઐશ્વર્યાની દિકરી આરાધ્યા બચ્ચનનું દેશી લુકમાં સૌન્દર્ય જોઈ ફેન્સ આકર્ષિત થયા



### ઐશ્વર્યા રાયએ તાજેતરમાં પતિ અભિષેક બચ્ચન અને પુત્રી આરાધ્યા સાથે પુણેમાં તેના પિતરાઈ ભાઈના લગ્નમાં હાજરી આપી હતી

ઐશ્વર્યા રાયએ તાજેતરમાં પતિ અભિષેક બચ્ચન અને પુત્રી આરાધ્યા બચ્ચન સાથે પુણેમાં તેના પિતરાઈ ભાઈના લગ્નમાં હાજરી આપી હતી.ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચને તેમના છૂટાછેડા અને છૂટાછેડાની અફવાઓનો સામનો કરવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે માતા રહેવું અને પોતાનું જીવન ચાલુ રાખવું. આ અભિનેતા દંપતી તાજેતરમાં પુણેમાં હતું, ઐશ્વર્યાના પિતરાઈ ભાઈના લગ્નમાં હાજરી આપીને છૂટાછેડાની અફવાઓનો અંત લાવ્યું. લગ્નમાં, તેમની સાથે પુત્રી આરાધ્યા પણ જોડાઈ હતી, જે એક નવા દેશી લુક સાથે ધ્યાનનું કેન્દ્ર બની હતી. ઐશ્વર્યાના પાપારાઝી પેજ અને ફેન એકાઉન્ટ્સ દ્વારા શેર કરાયેલા લગ્ન સમારંભોના વીડિયોમાં, આરાધ્યાએ ચમકતા સફેદ લહેંગામાં તેના માતાપિતા અને પરિવારના અન્ય સભ્યો સાથે સ્ટેજ પર પોઝ આપ્યા હતા. આરાધ્યાએ ઓછામાં ઓછા મેકઅપ સાથે પોતાનો દેશી લુક બનાવ્યો. ઐશ્વર્યા લીલા અનારકલી સૂટમાં તેની બાજુમાં હતી, જ્યારે અભિષેક તેમની પાછળ હતો. તેણે આ પ્રસંગ માટે હળવા પીચ રંગનો ઈન્ડો-વેસ્ટર્ન સૂટ પહેર્યો હતો.ઐશ્વર્યા અને પરિવાર તાજેતરમાં તેના પિતરાઈ ભાઈ શોલ્કા શેટ્ટીના ભાઈના લગ્નમાં હાજરી આપવા માટે પુણેમાં હતા.અભિષેક છેલ્લે રેમો ડિસોઝાના ડાન્સ ડ્રામા બી હેપ્પીમાં જોવા મળ્યો હતો. તે આગામી સમયમાં અક્ષય કુમાર અને રિતેશ દેશમુખ સાથે હાઉસફુલ ૫ માં જોવા મળશે. તે શાહરૂખ ખાન અને સુહાના ખાન અભિનીત ફિલ્મ કિંગનો પણ ભાગ હોવાનું કહેવાય છે. ઐશ્વર્યા છેલ્લે મણિરત્નમની બે પોનીયિન સેલ્વન ફિલ્મોમાં ૨૦૨૨-૨૩માં જોવા મળી હતી.

### લગ્ન કરીને ફસાઈ ગયો કપિલ શર્મા કોમેડી કિંગ?

# નવી ફિલ્મના ફર્સ્ટ લુકનું પોસ્ટર થયું રિલીઝ

કોમેડી કિંગ કપિલ શર્મા ફરી એકવાર મોટા પડદા પર પાછા ફરવા માટે તૈયાર છે. તેની આગામી ફિલ્મ 'કિસ કિસ કો પ્યાર કરું ૨' નો ફર્સ્ટ લુક સોશિયલ મીડિયા પર રિલીઝ કરવામાં આવ્યો છે. કપિલ શર્માએ તેને પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ કર્યુ અને કેપ્શનમાં લખ્યું, "ઈદ મુબારક." પોસ્ટરમાં, કપિલ શર્મા સફેદ શેરવાની અને સેહરો પહેરેલો જોવા મળે છે અને તેની બાજુમાં એક છોકરી ઉભી છે બ્લુ આઉટફિટમાં ઉભી છે, જેનો ચહેરો નથી દેખાતો. કપિલ શર્મા સેહરો હટાવીને આશ્ચર્યચકિત આંખોથી જોઈ રહ્યો છે, જ્યારે તેની બાજુમાં ઉભેલી છોકરી સલામ કરતી જોવા મળે છે. લોકોને ફિલ્મનો પહેલો ભાગ ખૂબ ગમ્યો હતો અને હવે ફેન્સ તેના બીજા ભાગ માટે ખૂબ જ ઉત્સાહિત છે. કપિલ શર્માના ફેન્સ અને ફોલોઅર્સ તેની પ્રશંસા કરતા જોવા મળે છે. એક સોશિયલ મીડિયા યુઝરે કમેન્ટ સેક્શનમાં લખ્યું, "અભિનંદન ભાઈ. હવે મજા શરૂ થશે. હું ઘણા સમયથી રાહ જોઈ રહ્યો હતો." એક ફેને લખ્યું, "હું પણ તમારી ફિલ્મોની આતુરતાથી રાહ જોઉં છું."તમને જણાવી દઈએ કે કપિલ શર્મા તેના કોમેડી શો માટે જાણીતો છે પરંતુ તેણે ફિલ્મ ઉદ્યોગમાં પણ ઘણું કામ કર્યુ છે. કપિલ શર્માએ પોતાની કારકિર્દીની શરૂઆતથી અત્યાર સુધી કુલ ૯ ફિલ્મોમાં કામ કર્યુ છે. કપિલ શર્માએ ૨૦૧૦માં આવેલી ફિલ્મ 'ભાવનાઓ કો સમજો' થી મોટા પડદા પર પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. પરંતુ તે ૨૦૧૫માં આવેલી ફિલ્મ "કિસ કિસ કો પ્યાર કરું" માં પહેલી વખત મુખ્ય ભૂમિકામાં દેખાયો હતો. આ પછી તેણે 'ફિરંગી' ફિલ્મ બનાવી જે ફ્લોપ રહી હરી. કપિલ શર્માએ 'ઝ્વિગાટો' નામની ફિલ્મ પણ બનાવી હતી જેમાં તેણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, આ ફિલ્મની પણ ખૂબ પ્રશંસા થઈ હતી. પરંતુ પછી કપિલ શર્માએ લાંબા સમય સુધી કોઈ કોમેડી ફિલ્મ ન કરી. હવે તે "કિસ કિસ કો પ્યાર કરું ૨" દ્વારા ફરી એકવાર મોટા પડદા પર કોમેડી કરવા પરત ફરી રહ્યો છે. કોમેડિયન તરીકે સફળ કપિલ શર્મા એક સારો અભિનેતા પણ છે.




### તેમની ઈદની તસવીરો વાયરલ થઈ

# સોનાક્ષી સિંહાએ ઝહીર સાથે લગ્ન પછીની પહેલી ઈદની પોસ્ટ શેર કરી



### અભિનેત્રીની પ્રોફેશનલ લાઈફની વાત કરીએ તો તે ટૂંક સમયમાં સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરવા જઈ રહી છે

સોનાક્ષી સિંહા અને ઝહીર તેમના લગ્નની જાહેરાતના સમયથી જ ચર્ચામાં રહ્યા છે. તેમને લગતા કોઈ પણ સમાચાર હોય તે જાણવા ચાહકો ઉત્સુક હોય છે. આ કપલ પણ પોતાના ચાહકોને નિરાશ નથી કરતું. તેઓ પોતાની દરેક ઉજવણીની તસવીરો શેર કરીને ચાહકોને અવનવી અપડેટ આપતા રહે છે, જેમાં તાજેતરમાં ઈદની પોસ્ટ શેર કરીને ચાહકોને ખુશ કરી દીધા છે.તેમના લગ્ન એટલા માટે ચર્ચામાં હતા કારણ કે બંને અલગ-અલગ ધર્મના હતા. લોકો તેમની રોમેન્ટિક તસવીરો અને ફની વીડિયોને ખૂબ પસંદ કરે છે. બી-ટાઉનના સૌથી પ્રખ્યાત કપલ્સમાંથી એક, સોનાક્ષી-ઝહીરે, તેમની પ્રથમ ઈદ પતિ અને પત્ની તરીકે ખૂબ જ ખાસ રીતે ઉજવી. આ ખાસ દિવસે તેના ચાહકોને શુભેચ્છા પાઠવતા અભિનેત્રીએ ઈન્સ્ટા પર બે તસવીરો શેર કરી છે.આ તસવીરો બોલીવુડ એક્ટ્રેસ સોનાક્ષી સિંહાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કરી છે. જેમાં તે ખૂબ જ દેશી અંદાજમાં જોવા મળી રહી છે. તેની પ્રથમ તસવીરમાં તેણે તેના ચાહકોને ગુડી પડવા, બૈસાખી, ઉગાદી, ચેટીચંદ તેમ જ નવરાત્રી અને ઈદની શુભેચ્છા પાઠવી હતી.શેર કરેલી બીજી તસવીરમાં તે તેના મિત્ર સાથે જોવા મળી હતી. તેની ઈદ ૨૦૨૫ની તસવીરો વાયરલ થઈ છે. સોનાક્ષી અને ઝહીરનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં બંને સાથે પોઝ આપતા જોવા મળી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ પર વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે સોનાક્ષી બ્લેક અને ઝહીર વ્હાઈટ-બ્લેક આઉટફિટમાં જોવા મળી રહ્યો છે. અભિનેત્રીએ નેકપીસ સાથે તેનો ઈદ લુક પૂર્ણ કર્યો હતો.

# તમારી પસંદ અને નિર્ણયો જ એક કલાકારને અન્ય સ્ટાર્સથી અલગ પાડે છે : રશ્મિકા મંદાના



**રશ્મિકાએ ઈન્ડસ્ટ્રીમાં સ્પર્ધા વિશે વાત કરી**

રશ્મિકા મંદાનાની એક પછી એક સફળ ફિલ્મ આવી રહી છે, 'છાવા'માં વિકી કૌશલ સાથે કામ કર્યા પછી હવે સલમાન ખાન સાથે તેની 'સિકંદર' રિલીઝ થઈ છે. આર મુર્ગાદોસની આ ફિલ્મ ૩૦ માર્ચે રિલીઝ થઈ છે. ત્યારે ઈડસ્ટ્રીના પડકારો અંગે એક ઈન્ટરવ્યુમાં રશ્મિકાએ વાત કરી હતી. રશ્મિકા સાઉથ ઈન્ડસ્ટ્રીમાં પણ નવા નવા પડકારો સાથેના રોલ કરતી રહે છે, તેમજ બોલિવૂડમાં પણ અલગ અલગ પ્રકારના રોલ કરે છે. સાથે તે પોતાની કેરિઅરમાં યોગ્ય નિર્ણયનું મહત્વ પણ સમજે છે. આ ઈન્ટરવ્યુમાં રશ્મિકાએ કહ્યું,"મને તાજેતરમાં જ એક સુવાક્ય ધ્યાનમાં આવ્યું છે, જેમાં કહેવાયું હતું, "તમારી પસંદગી અને નિર્ણયથી જ તમે એક સ્ટાર અને એક કલાકાર તરીકે અલગ પડી શકો છો." મેં અલગ અલગ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાનું પસંદ કર્યું છે - કન્નડા, તેલુગુ, તમિલ અને હિન્દી - મારે બહુ જલ્દી મલયાલમ ફિલ્મમાં પણ કામ કરવાની ઈચ્છા છે." રશ્મિકા પોતાની સફર વિશે કહે છે, "મારા નિર્ણયો મારા પોતાના છે અને મારી સફર અન્યોથી અલગ છે, તેથી મારી સામે કોઈ માર્ગદર્શક કે સંદર્ભ નથી. હું કૂર્ગથી આવું છું અને કન્નડા ઈન્ડસ્ટ્રીથી શરૂઆત કરી હતી અને પછી તમિલ અને હિન્દી ફિલ્મમાં કામ કર્યું હતું. હું મારી પસંદગી અને નિર્ણયો અને તેના ભવિષ્યમાં જે પરિણામ મળે તે માટે સંપુર્ણપણે જવાબદાર છું."

### એકતાએ કરેલા કેસ પર છલકાયું અભિનેત્રીનું દર્દ

# એક્ટ્રેસ એકતા કપૂર કોઈની પણ કારકિર્દી બરબાદ કરી શકેઃ બરખા



બરખા બિષ્ટે ૨૧ વર્ષ પહેલા 'કિતની મસ્ત હૈ જિંદગી' સીરિયલથી ટેલિવિઝનની દુનિયામાં પ્રવેશ કર્યો હતો

ટીવી અભિનેત્રી બરખા બિષ્ટે ૨૧ વર્ષ પહેલા 'કિતની મસ્ત હૈ જિંદગી' સીરિયલથી ટેલિવિઝનની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. તેમણે તાજેતરમાં ખુલાસો કર્યો હતો કે બાલાજી ટેલિફિલ્મ્સની સિરિયલ છોડ્યા પછી, નિર્માતા એકતા કપૂરે તેમની સામે કેસ દાખલ કર્યો હતો. તેણે આ કેસ પોતે લડ્યો અને ઘરે કંઈ કહ્યું નહીં. તેમણે આ પાછળનું કારણ પણ જણાવ્યું છે. બરખાએ એમ પણ કહ્યું કે જો એકતા ઈચ્છતી હોત તો તે પોતાનું કરિયર ખતમ કરી શકતી હતી, પરંતુ તે પાછળ હટી ગઈ. બરખા બિષ્ટે ઈન્ટરવ્યુમાં એકતા કપૂરના કેસ વિશે વાત કરી છે. તેણે કહ્યું, 'મેં ઘરે કોઈને કહ્યું નહીં.' મેં એક વકીલ રાખ્યો અને કેસ લડ્યો. સમય જતાં તેને સમજાયું કે તે નિરર્થક હતું અને હું આભારી છું કે તેણે પીછેહઠ કરી. તે સમયે એકતા પાસે તમારી કારકિર્દી બનાવવાની કે તોડવાની શક્તિ હતી, આજે પણ તે એ જ કરી શકે છે. આ કેસ લગભગ એક વર્ષ સુધી ચાલ્યો અને મેં કોર્ટની સુનાવણીમાં હાજરી આપવાની સાથે મારા નવા શોનું શૂટિંગ પણ ચાલુ રાખ્યું.બરખા બિષ્ટે વધુમાં જણાવ્યું કે તેણે આ કેસ વિશે તેના પરિવારને જણાવ્યું ન હતું. તેણે કહ્યું, 'ઘરે લડ્યા પછી અને મુંબઈ આવ્યા પછી, તમે પાછા જઈને ફરિયાદ કરી શકતા નથી.બરખાએ આગળ કહ્યું, 'હું આ ગર્વ સાથે આવી છું કે હું જે કંઈ કરીશ, તે હું જાતે કરીશ.' તેથી મારે તે જાતે જ સંભાળવું પડ્યું. એક નવોદિત, મારી કારકિર્દીનો અંત લવી શક્યો હોત, પરંતુ કોઈ દૈવી શક્તિથી, એકતા પાછળ હટી ગઈ. જો તે ઈચ્છતી હોત, તો તે મારી કારકિર્દીનો અંત લાવી શકી હોત. વર્કફ્રન્ટની વાત કરીએ તો, બરખા છેલ્લે 'પાવર ઓફ ફાઈવ'માં જોવા મળી હતી.



### તસવીરો જોઈને પ્રિયંકાના ચાહકો પણ દંગ રહી ગયા

# બ્રેકઅપના થોડા સમય બાદ જ બોલ્ડ બની અભિનેત્રી પ્રિયંકા ચહર ચૌધરી

બિગ બોસથી લોકપ્રિય થનાર અભિનેત્રી પ્રિયંકા ચહર ચૌધરી 'ઉડારિયા'માં તેના કો-એક્ટર અંકિત ગુપ્તાને ડેટ કરી રહી હતી. થોડા સમય પહેલા જ તેમના બ્રેક-અપના સમાચાર આવ્યા હતા. બ્રેકઅપના થોડા સમય બાદ જ પ્રિયંકા ચહર ચૌધરીએ સોશિયલ મીડિયા પર તેની બોલ્ડ તસવીરો શેર કરી છે. યૂઝર્સ તસવીરો જોઈને તેના પર કમેન્ટ કરી રહ્યા છે અને અમુક લોકોએ તો તેને સલાહ આપવાનું શરુ કર્યુ હતું.અંકિત ગુપ્તા અને પ્રિયંકા ચહર ચૌધરીની જોડી લોકોને ખૂબ પસંદ આવી હતી. તેમના બ્રેકઅપના સમાચારે બધાના દિલ તોડી નાખ્યા છે. તમને જણાવી દઈએ કે સલમાન ખાનના શો બિગ બોસના ઘરમાં તેમની મિત્રતા પ્રેમમાં બદલાઈ હતી. તાજેતરમાં સોશિયલ મીડિયા પરની વોઈરલ નવી તસવીરોમાં પ્રિયંકા ચૌધરી ખુશ જોવા મળી હતી.એક્ટ્રેસની તસવીરો ફેન્સને ઘણી પસંદ આવી રહી છે. અભિનેત્રીની આ તસવીરોને અત્યાર સુધીમાં ૨ લાખથી વધુ લાઈક્સ મળી ચૂકી છે. તમને જણાવી દઈએ કે પ્રિયંકા ચહર ચૌધરીની આ તસવીરો કોલ્ડપ્લે કોન્સર્ટ દરમિયાન લેવામાં આવી હતી. આ તસવીરો સાથે પ્રિયંકાએ તેનું ઘીબલી વર્ઝન પણ શેર કર્યુ છે.જ્યાં લોકો ઉડારિયા ફેમ પ્રિયંકા ચહર ચૌધરીની તસવીરો પર લાઈક કરી રહ્યા છે ત્યારે કેટલાક લોકોએ તેને રિલેશનશિપ સંબંધિત સલાહ આપવાનું શરૂ કરી દીધું છે. એક યુઝરે લખ્યું છે કે, 'પ્રિયંકા, ઠીક છે કે તારી અને અંકિત વચ્ચે અણબનાવ છે, પરંતુ તારા ઈગોને બાજુમાં રાખીને વાત કર.' અન્ય એક યુઝરે લખ્યું છે કે, 'પ્રિયંકા, અંકિત સાથે પેચ અપ કરોપ તમે બંને એકબીજા વિના અધૂરા છો.'




### સિરીઝમાં તેની સૌથી વધુ સરાહના કરવામાં આવી હતી

# 'હીરામંડી' બાદ કરિયરમાં દુષ્કાળ આવ્યાનો અદિતિ રાવનો વસવસો

### સંજયનો ડ્રીમ પ્રોજેક્ટ 'હીરામંડીઃ ધ ડાયમંડ બજાર'ને ક્રિટિક્સથી લઈને દર્શકો બધાએ ખૂબ વખાણી હતી

સંજય લીલા ભણસાલીનો ડ્રીમ પ્રોજેક્ટ 'હીરામંડીઃ ધ ડાયમંડ બજાર'ને ક્રિટિક્સથી લઈને દર્શકો બધાએ ખૂબ વખાણી હતી. સિરીઝમાં મનીષા કોયરાલા, સંજીદા શેખ, રિચા ચઢ્ઢા, સોનાક્ષી સિન્હા, ફરદીન ખાન, અદિતિ રાવ હૈદરી સહિત ઘણા પ્રતિભાશાળી અને દિગ્ગજ કલાકારો હતા. સિરીઝ અને તેમાં ભૂમિકા નિભાવનાર કલાકારોના ખૂબ વખાણ કરવામાં આવ્યા. પરંતુ અદિતિ રાવ હૈદરી ભારે લાઈમલાઈટમાં રહી હતી. ન માત્ર અભિનય પરંતુ સિરીઝમાં તેનું ગજગામિની વોક પણ ખૂબ વાયરલ થયું હતું. સિરીઝમાં તેની સૌથી વધુ સરાહના કરવામાં આવી હતી. તેને આશા હતી કે, તેને વધુ કામ મળશે, પરંતુ એવું થયું નહીં. અદિતિ રાવ હૈદરીએ કહ્યું કે, 'હીરામંડીઃ ધ ડાયમંડ બજાર'થી તેને કોઈ ફાયદો થયો નહીં, અદિતિએ ખુલાસો કર્યો કે, સિરીઝ રિલીઝ થયા બાદ તેના પ્રોફેશનલ કરિયરમાં દુષ્કાળ આવી ગયો અને તેણે એ સમયે લગ્નનો નિર્ણય કર્યો.વાતચીત દરમિયાન, ફરાહ અને અદિતિએ હીરામંડી વિશે વાત કરી હતી. અદિતિએ કહ્યું કે, હીરામંડી બાદ, જે રીતે લોકોએ તેના વખાણ કર્યા અને તેને પસંદ કરી, મને લાગ્યું હવે ઈન્ટરેસ્ટિંગ પ્રોજેક્ટ્સનો વરસાદ થશે અને પછી અચાનક... હું વિચારી રહી હતી, ખબર નહીં શું થઈ રહ્યું છે? હકીકતમાં એક દુષ્કાળ જેવું હતું.ફરાહ ખાને નવાઈ પામતા પૂછ્યું, ખરેખર? એટલે તે લગ્ન કરી લીધા! અદિતિ હસતા બોલી, સાચે! મારે કામ પરથી બ્રેક લેવો પડ્યો, લગ્ન કરવા પડ્યા અને પછી પાછું કામ પર પરત ફરવું પડ્યું, પરંતુ લગ્ન ખૂબ મજેદાર હતા. વાતચીત દરમિયાન, ફરાહે અદિતિને પૂછ્યું, એ કઈ ક્ષણ હતી, જ્યારે તેણે સિદ્ધાર્થ સાથે લગ્ન કરવાનો નિર્ણય કર્યો.અદિતિ રાવ હૈદરીએ કહ્યું, ઓહ માય ગોડ, તેમાં એક સેકન્ડ પણ લાગી નહીં... તે ખૂબ જ રમુજી અને સારો વ્યક્તિ છે.તે ક્યારેય દેખાડો કરતો નથી.જે તમે જુઓ છો એ એવો જ છે, અને તે મને ખૂબ પ્રેમ કરે છે. તેના વિશે સૌથી સારી બાબત એ છે કે, મારા, મારા પરિવાર અને જો તેને ખબર હોય કે, કોઈ મારા જીવનનો ભાગ છે અને મારી નજીક છે, તો તે બધાને એકસાથે લાવવાનો પ્રયત્ન કરે છે.



# 'એક ચાલીસ કી લાસ્ટ લોકલ'ની સિક્વલ

### આ ફિલ્મને ફક્ત દેશમાં જ નહીં પણ વિદેશમાં પણ પ્રશંસા મળી હતી

બોલિવૂડની ક્લાસિક સ્લીપર હિટ ફિલ્મ 'એક ચાલીસ કી લાસ્ટ લોકલ'નો બીજો ભાગ બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે. આ ફિલ્મને ફક્ત દેશમાં જ નહીં પણ વિદેશમાં પણ પ્રશંસા મળી. ફિલ્મનું એક ગીત એટલું લોકપ્રિય થયું કે તેનું આખું બજેટ વસૂલ થઈ ગયું.અભય દેઓલ, નવાઝુદ્દીન સિદ્દીકી અને નેહા ધૂપિયા સ્ટારર ડાર્ક કોમેડી 'એક ચાલીસ કી લાસ્ટ લોકલ' ની સિક્વલની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી અને આખરે એક ટ્વિસ્ટ સાથે તેના બીજા ભાગ માટે તૈયાર થઈ ગઈ છે. આ વખતે, આ અંધાધૂંધી મુંબઈની લોકલ ટ્રેનોમાં નહીં, પરંતુ અમેરિકન દેશ ચિલીમાં શાનદાર રાતના સીન સાથે થશે. કલ્ટ ક્લાસિક ફિલ્મના લેખોક-દિગ્દર્શક સંજય ખંડુરીએ આ સમાચારની પુષ્ટિ કરી અને કહ્યું કે આ સિક્વલ જબરદસ્ત અને ગ્લોબલ બનવાની છે.માત્ર ૩ કરોડ રૂપિયાના નજીવા બજેટમાં બનેલી મૂળ ફિલ્મે તેના બધા વર્ઝનમાં લગભગ ૭૨ કરોડ રૂપિયાની કમાણી કરીને સનસનાટી મચાવી હતી. ફિલ્મની કહાની ખૂબ જ અનોખી હતી. મુંબઈમાં હીરોની છેલ્લી લોકલ ટ્રેન ચૂકી ગયા પછી એક જ રાતમાં બનેલી રોમાંચક ઘટનાઓની કહાની વિદેશમાં વ્યાપકપણે ગુંજતી રહી. હવે, સંજય ખંડુરીએ આ કહાનીના પ્લોટને બદલવાની યોજના બનાવી છે. તેમણે કહ્યું, 'આ વખતે, જ્યારે છેલ્લી ટ્રેન ચૂકી જશે ત્યારે શું થશે, મુંબઈમાં નહીં પણ વિદેશી ભૂમિમાં, તે વાર્તામાં એક નવો રોમાંચક વળાંક લાવશે. સંજય ખંડુરીએ શરૂઆતમાં મોરોક્કોમાં શૂટિંગ કરવાની યોજના બનાવી હતી, પરંતુ ચિલી સરકાર દ્વારા સ્પોન્સર્ડ પાંચ દિવસની યાત્રા બાદ તેમણે પોતાનો પ્લાન બદલી નાખ્યો.તે દેશના સિનેમેટિક સ્થળોથી આકર્ષાયો હતો, જેમાં અટાકામા રણથી લઈને વાલ્પરાઈસોની ટેકરીઓ અને સેન્ટિયાગોની રાત્રિઓનો સમાવેશ થતો હતો. તેમણે ચિલીને ફિલ્મ મેકરનું સ્વપ્ન ગણાવ્યું. સંજય ખંડુરીએ કહ્યું, 'મોટાભાગના વાઈટ યુરોપિયનોથી વિપરીત, અહીંના લોકો ભારતીયો જેવા છે.' તેમનો રંગ, ચહેરો, કાળા વાળ અને એક અદ્ભુત સ્મિત છે. આ બોલિવૂડ માટે પરફેક્ટ છે.ચિલીમાં સિક્વલ જવાનું કોઈ સંયોગ નથી. પહેલી ફિલ્મ 'એક ચાલીસ કી લાસ્ટ લોકલ' ને 'મેક્સિકો' માં ખૂબ લોકપ્રિયતા મળી. ત્યાં ઘણા પુરસ્કારો જીત્યા અને સંજય ખંડુરીનો ઉદ્દેશ્ય સંબંધોને મજબૂત બનાવવાનો છે. તેમણે કહ્યું, 'ચિલીના યુવાનો બોલિવૂડ સંગીત અને ડાન્સને પ્રેમ કરે છે.




**માત્ર 3 કરોડ રૂપિયાના નજીવા બજેટમાં બનેલી મૂળ ફિલ્મે તેના બધા વર્ઝનમાં લગભગ ૭૨ કરોડ રૂપિયાની કમાણી કરીને સનસનાટી મચાવી હતી**

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે દહેજમાં ગુજરાત સરકારના સાહસ GACLના દેશના સૌથી મોટા ક્લોરોટોલ્યુન પ્લાન્ટનું વર્ચ્યુઅલ લોકાર્પણ

## વાર્ષિક ૩૦ હજાર ટન ક્ષમતા ધરાવતો રૂ.૩૫૦ કરોડના ખર્ચે સ્થાપિત પ્લાન્ટ અંદાજે ૧ હજાર જેટલી પ્રત્યક્ષ-પરોક્ષ રોજગારી પૂરી પાડશે

। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડના દહેજમાં સ્થપાયેલા દેશના સૌથી મોટા ક્લોરોટોલ્યુન પ્લાન્ટનું દહેજમાં GACLના સ્થાપના દિવસે વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું. ગુજરાત સરકારના આ સાહસ દ્વારા ક્લોરિનનો ઉપયોગ કરીને બેન્ઝાઈલ ક્લોરાઈડ, બેન્ઝાઈલ આલ્કોહોલ અને બેન્ઝાલડિહાઈડ જેવા મૂલ્ય વર્ધિત ક્લોરિન આધારિત ઉત્પાદનો આ નવા પ્લાન્ટમાં કરાશે. મુખ્યમંત્રીશ્રીએ લોકાર્પણ કરેલો આ નવ સ્થાપિત પ્લાન્ટ રૂ.૩૫૦ કરોડના ખર્ચે તૈયાર થયો છે. એટલું જ નહીં, વાર્ષિક ૩૦ હજાર ટનની ક્ષમતા સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ મળીને અંદાજે ૧ હજાર જેટલી રોજગારીનું સર્જન પણ કરશે. GACLનો આ નવો ક્લોરોટોલ્યુન પ્લાન્ટ યુરોપ, અમેરિકા અને દક્ષિણ એશિયામાં આ કેમિકલના એક્સપોર્ટ દ્વારા અંદાજે રૂ.૧૩૦ કરોડનું વિદેશી હૂંડિયામણ રળી આપશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે GACLના સ્થાપના દિવસ અવસરે કાર્યરત થઈ રહેલા આ નવા પ્લાન્ટ માટે અને GACLની ૫૦ વર્ષની પ્રગતિમય સફળતા માટે GACL પરિવારને અભિનંદન પાઠવીને પ્રસંશા કરી હતી. GACન્ના કાર્યકારી વહીવટી સંચાલક અને મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘે મુખ્યમંત્રીશ્રીને આ અંગે વધુ વિગતો આપતાં કહ્યું કે, રાજ્ય સરકારનું સાહસ GACL ૧૯૭૩થી કાર્યરત છે અને દહેજમાં બે તથા વડોદરામાં એક



મળીને કુલ ત્રણ ઉત્પાદન એકમોમાં કોસ્ટિક સોડા સહિત ૩૫થી વધુ ઉત્પાદનો કરે છે. GACLએ પાછલા પાંચ દાયકામાં પોતાની ઉત્પાદન ક્ષમતા વધારીને તથા નવા ઉત્પાદનો દ્વારા સતત વિસ્તરણ કર્યું છે. GACL આઠ લાખ મેટ્રિક ટનથી વધુ કોસ્ટિક સોડાના વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ધરાવે છે તથા સોડિયમ ક્લોરેટ અને હાઈડ્રેઝિન હાઈડ્રેટ-નું ભારતમાં એકમાત્ર ઉત્પાદન એકમનું ગૌરવ ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દહેજ ખાતેના GACLના નવા પ્લાન્ટનું આ વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું તે અવસરે મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી એસ.એસ. રાઠૌર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ, જી.આઈ.ડી.સી.ના એમ.ડી. સુશ્રી પ્રવિણા ડી.કે. તથા GACLના વરિષ્ઠ અધિકારીઓ અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# પ્રફુલભાઈ પાનશેરિયાના હસ્તે કામરેજ તાલુકામાં રૂ.૧.૭૧ કરોડના ખર્ચે પાંચ પુલોનું ખાતમુહૂર્ત





। (માહિતી) સુરત, તા.૧ ।

શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાના હસ્તે કામરેજ તાલુકાના સેવણી, વિહાણ, સીમડી, ડુંગર-ચીખલી ગામોમાં રૂ.૧.૭૧ કરોડના ખર્ચે ખેડૂતોને ખેતર જવા માટે જોડતા રસ્તાઓ, નોન પ્લાન રસ્તાઓને જોડતા કડીરૂપ નાના રસ્તાઓ પર બેઠા ઘાટના પાંચ પુલોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પુલોથી ખેડૂતોને ખેતરે આવવા જવા માટે સરળતા રહેશે. ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા ઉભી નહીં થાય.

# કુંવરજીભાઈ હળપતિના હસ્તે માંડવી તાલુકાના વિવિધ ગામોમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ.૩૦.૨૫ કરોડના ખર્ચે મંજૂર થયેલા ૧૨ રસ્તાઓના કામોનું ખાતમુહૂર્ત



। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે માંડવી તાલુકાના વિવિધ વિવિધ ગામોમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ.૩૦.૨૫ કરોડના ખર્ચે મંજૂર થયેલા માર્ગ અને મકાન વિભાગ-સુરતના હસ્તકના ૧૨ રસ્તાઓના કામોનું મોરીઠા ગામેથી સામૂહિક ખાતમુહૂર્ત કરાયું હતું. નિર્માણ પામનાર રસ્તાઓના કામોમાં રૂ.૫.૫૦ કરોડના ખર્ચે ગોડસંબા કરવલ્લી ટીટોઈ સાલૈયા વલારગઢ રોડનું કામ, રૂ.૪ કરોડના ખર્ચે ફેદરી ફળીયા મોરીઠા ઘંટોલી રોડ, રૂ.૩.૪૦ કરોડના ખર્ચે માંડવી મોરીઠા રેગામા રોડ, રૂ.૮૦ લાખના ખર્ચે સ્લેબડ્રેઈન ઓન સઠવાવ કલમકુવા સરકુઈ રોડ, રૂ.૫.૧૫ કરોડના ખર્ચે નરેણ ખરોલી નંદપોર રોડ જોઈનિંગ કિમ માંડવી સ્ટેટ હાઈવે રોડ, રૂ.૪.૬૦ કરોડના ખર્ચે વિસડાલીયા કિમડુંગરા દાદાકુઈ રેગામા રોડ, રૂ.૧.૬૫ કરોડના ખર્ચે ઘંટોલી ગામતળાવ રોડ, રૂ.૧.૩૫ કરોડના ખર્ચે દેવગઢ લુહારવડ રોડ, રૂ.૮૫ લાખના ખર્ચે કોલખડી એપ્રોચ રોડ, રૂ.૭૫ લાખના ખર્ચે ગોદાવાડી ગામે દાદરી ફળિયા ખરોલીગામને જોડતો રોડ, રૂ.૧.૧૦ કરોડના ખર્ચે અમલસાડીથી કાકડવા મોટા ફળિયાને જોડતા રોડ, રૂ.૧.૧૦ કરોડના ખર્ચે કમલાપોર વચલા ફળિયાથી કાકબાળી યાદેવ થઈ ઉમરસાડી ખરોલી મુખ્ય રસ્તાને જોડતા રોડનો સમાવેશ થાય છે. રસ્તાઓના નિર્માણથી માંડવી તાલુકાના ગ્રામજનો માટે સરળ અને સુગમ આવાગમનની સુવિધાઓ ઉભી થશે. મોરીઠા ગામે આયોજિત ખાતમુહૂર્ત સમારોહમાં આદિજાતિ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માંડવી વિકાસના કામોમાં હરણફાળ ભરી રહ્યું છે. માંડવીના દરેક ગામોમાં વિકાસ કરી રમણીય અને સુવિધાસભર બનાવવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. સરકારે નાનામાં નાના વ્યક્તિને કેન્દ્રમાં રાખી વિકાસકામોની ગતિ તેજ કરી છે. ગ્રામ્ય અને શહેરી નાગરિકોની સુખ-સુવિધા માટે રાજ્ય સરકારે વિકાસકામોની ગતિ અટકે નહીં એવું લક્ષ્ય સેવ્યું છે. રસ્તાઓના નિર્માણથી ગ્રામ્ય જનતાની યાતાયાતની સુવિધામાં વધારો થશે, તેમજ બાકી રહેલાં કામોને આગામી સમયમાં પ્રાથમિકતા આપી ઝડપભેર પૂર્ણ કરવામાં આવશે એમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું આ પ્રસંગે તા. પંચાયતના પ્રમુખ દિલીપભાઈ ચૌધરી, મોરીઠા ગામના સરપંચ કમલેશ ચૌધરી, એપીએમસીના ચેરમેન લલ્લુભાઈ ચૌધરી, અગ્રણી સવશ્રી અનિલ ચૌધરી, દિનેશ પટેલ, વિવિધ ગામના સરપંચો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.




દાહોદ જિલ્લાનું સિનેમા ક્ષેત્રે નામ રોશન કરનાર એકટર વિકાસ વર્માની ગુજરાતી શોર્ટ ફિલ્મ ''માવતર''ને મહારાજા ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૫, મુંબઈ દ્વારા શ્રેષ્ઠ ગુજરાતી શોર્ટ ફિલ્મ સ્ટોરીના એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે.

### નર્મદા ઉત્તરવાહિની પરિક્રમાનો દબદબાભેર પ્રારંભ

# રવિવારે રજાના દિવસે ભાવિક ભક્તો વહેલી સવારથી સાંજ સુધી પગપાળા નિરંતર નદીના પ્રવાહની જેમ માનવ મહેરામણ ચાલતો રહ્યો



। (માહિતી) નર્મદા, તા.૧ ।

નર્મદા નદીનું ઉદગમ સ્થાન મધ્યપ્રદેશના અમરકંટકથી શરૂ થાય છે અને સાતપુડા વિંધ્યાચલ પર્વતમાળાની પહાડી વચ્ચે ખળખળ વહેતી નિર્મળ પવિત્ર વિશાળ જળરાશિથી પ્રવાહિત થતી માં નર્મદા મનમોહક અને પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતી ભારતની મુખ્ય પાંચ નદીઓમાંની એક છે તેને મેકલ કન્યા, શિવપુત્રી, પુણ્ય સલિલા, રેવા જેવા અનેક નામોથી લોકો ઓળખે છે. કંકણ કંકણમાં શંકરનો વાસની અનુભૂતિ અને આધ્યાત્મ, તપ, શ્રદ્ધાની દેવી લોકોના દિલમાં રગ રગમાં જળપ્રવાહની જેમ વસે છે. લોકો તેની ભાવથી પરિક્રમા કરે છે. માર્કંડ ઋષિ દ્વારા પ્રથમ આ પરિક્રમા કરવામાં આવી ત્યારથી ભાવિકોમાં શ્રધ્ધા,આસ્થા બેવડાઈ ગઈ છે અને નર્મદા શબ્દની ઉત્પતિ નર્મ અર્થાત આનંદ અને દા અર્થાત દેનેવાલી જળદેવીના દર્શન સ્નાનથી ભાવિકો ચૈત્ર માસના પવિત્ર દિવસોમાં ૧૪ કિ.મી.ની નર્મદાની એક મહિનો ચાલનારી પરિક્રમા કરીને આખી નર્મદા પરિક્રમા જેટલું પુણ્ય અને ગંગા નદીના કુંભ મેળાના સ્નાન જેટલું જ પવિત્ર માને છે અને મોક્ષ આપનારી સુખ-શાંતિ આપનારી લોકમાતા રેવા કહેવાય છે. અપવાદરૂપ માત્રને માત્ર નર્મદા પૂર્વ થી પશ્ચિમ દિશામાં ઉલટા પ્રવાહે વહે છે એટલે તેને ઉત્તરવાહિની પંચકોષી પરિક્રમા કહેવામાં આવે છે. સ્કંદપુરાણમાં પણ તેનો ઉલ્લેખ અને જાણકારી મળે છે. નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રામપુરા ઘાટ, કીડી-મકોડી ઘાટ, રણછોડરાયના મંદિરથી પ્રારંભ થઈને માંગરોળ, ગુવાર, શહેરાવ, તિલકવાડા ઘાટ, રેંગણ-વાસણ ગામ થઈને નર્મદા નદી બોટ મારફતે પાર કરી પરત રામપુરા ઘાટ પર સ્નાન કરીને પરિક્રમા અંદાજે ૧૪ કિ.મી.ની ભક્તો પૂરી કરે છે. ''આપકી આસ્થા હમારી વ્યવસ્થાના'' ધ્યેય સાથે માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા નર્મદા નદીના ચાર ઘાટ પર હંગામી ધોરણે પણ સુંદર અને આકર્ષક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેને પરિક્રમાવાસીઓ ખૂબ જ સરાહના કરીને ખુશ-ખુશાલી વ્યક્ત કરતા નજરે પડે છે. નર્મદા વહીવટી તંત્ર દ્વારા ઊભી કરાયેલી વ્યવસ્થાને બિરદાવે છે. યાત્રાધામ બોર્ડ અને વહીવટી તંત્ર પણ પરિક્રમાવાસીઓની સેવામાં ખડે પગે દિવસ-રાત સેવા માટે તૈયાર છે. પરિક્રમાના બીજા દિવસે રવિવારની રજા હોવાથી હજારોની સંખ્યામાં નદીના પ્રવાહની જેમ માનવ મહેરામણ પગપાળા ચાલતો રહ્યો છે. આનંદ-ઉત્સાહ સાથે પરિક્રમા કરે છે. પરિક્રમાવાસીઓ ભક્તો હાથમાં લાકડી, માથે ટોપી, સફેદ ખુલ્લા વસ્ત્રોમાં, કપાળે તિલક, મોબાઈલથી સેલ્ફી-સંગીત સાથે ખભે ખુમચો, કેસરી વસ્ત્રોમાં સાધુ-સંતો, બાળકો, યુવાનો, મહિલા પોતપોતાના ગૃપ સાથે યાત્રાએ પહોંચ્યા છે. સરકારી નોકરી કરતા લોકો પણ રજા હોવાથી પરિવાર સાથે પરિક્રમામાં મોટી સંખ્યામાં પધાર્યા હતાં. નર્મદા મૈયાના હર પગલે-ડગલે ગુણલા ગાતા આસ્થા-શ્રદ્ધા આધ્યાત્મિકતાના ભાવ સાથે શરીરમાં ઊર્જા ભરીને નદી પુલ પાર કરતા નર્મદે હર નારા સાથે ઉત્તરવાહિની પરિક્રમા કરી છે અને પોતાના મોબાઈલમાં સેલ્ફી ફોટા લઈને પરિક્રમાની યાદગીરી કેદ કરી છે. નર્મદા જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે. મોદીના માર્ગદર્શન અને નેતૃત્વમાં પરિક્રમાના સમગ્ર રૂટ ઉપર લાઈટ, પાણી, બેસવાની વ્યવસ્થા, ડોમ, ચાર ઘાટ પર બેરિકેટીંગ, સીસીટીવી કેમેરા, છાયડો, આરોગ્ય, પીવાના પાણીની સુવિધા, પોલીસ બંદોબસ્ત સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સેવા કેન્દ્રો, સ્ટોલ, ટોયલેટ સુવિધા સ્નાન માટે બાથરૂમ, ફુવારા વગેરે વ્યવસ્થા પણ ગુજરાત રાજ્ય પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રૂા.૩.૮૨ કરોડના ખર્ચે ઉભી કરવામાં આવી છે આકર્ષક કમાનવાળા ગેટ, સાઈન બોર્ડની સુવિધા ટૂંકમાં પદયાત્રીને ક્યાંક મુશ્કેલી ન પડે તેવી વ્યવસ્થા તંત્ર દ્વારા ગોઠવાઈ છે. નર્મદા પોલીસ વિભાગ દ્વારા પરિક્રમાવાસીની સુરક્ષા, સલામતી માટેનો બંદોબસ્ત ચાર ઘાટ પર ગોઠવવામાં આવ્યો છે. જ્યારે આરોગ્ય વિભાગ દ્વારા પણ પરિક્રમાવાસીઓને આરોગ્ય સુવિધા તત્કાલ ઉપલબ્ધ કરાવવા સ્ટોલ તેમજ એમ્બ્યુલન્સ વાન સ્ટેન્ડબાય રખાઈ છે ફાયર બ્રિગેડ, કચરા પેટી અને નદીના પાણીના પ્રવાહને ધ્યાને લઈને એસ.ડી.આર. એફની ટુકડીઓ દ્વારા નદીમાં પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. પરિક્રમાવાસીને પીવાનું પાણી, નાસ્તો, ભોજન, વિશ્રામ, ફ્રૂટ, લીંબુ-સરબત, શેરડીનો રસ, નાસ્તાના સ્ટોલ ઠેર-ઠેર રૂટ પર ગોઠવવામાં આવ્યા છે અને આસપાસના મંદિર અને આશ્રમ અને સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા પણ સુવિધાઓ ઉપલબ્ધ છે. આમ, પરિક્રમાવાસીઓને રસ્તામાં ક્યાંય તકલીફ ન પડે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે.

# નર્મદા પરિક્રમાનો પ્રારંભ થતા પરિક્રમામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ઉમટી રહ્યાં છે

# આરોગ્યલક્ષી સેવા માટે દરેક ઘાટ પર સાત જેટલા આરોગ્ય સ્ટોલ ઉભા કરાયાં

### નર્મદા જિલ્લાના કલેકટરશ્રી એસ કે મોદીના માર્ગદર્શનમાં આરોગ્ય વિભાગની પરિક્રમાવાસીઓ માટે ૨૪ કલાક સેવા

। (માહિતી) નર્મદા, તા.૧ ।

નર્મદા જિલ્લામાં ચાલી રહેલી માં નર્મદા ઉત્તરવાહિની પરિક્રમાનો શ્રદ્ધાળુઓ લાભ લઈ રહ્યા છે શ્રદ્ધાળુઓ અનેરા ઉત્સાહ સાથે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને અન્ય રાજ્યમાં થી પણ લોકો આ પરિક્રમાનો લાભ લઈ રહ્યા છે આ વખતે તંત્ર દ્વારા તાત્કાલિક સારવાર માટે ડોક્ટર, સ્ટાફનર્સ એમ્બ્યુલન્સ વાન વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે સામાન્ય રીતે પગે બળતરા થવા તેમજ શરિરમાં કમજોરી લાગેતો સ્ટોલ પરથી ઓ.આર.એસનું પાણી મૂકવામાં આવેલું છે લેવાથી યાત્રીકોને તેમને તાત્કાલિક થાકમાંથી મુક્તિ મળે છે. નર્મદા પરિક્મામાં રણછોડ રાયના મંદર પસે ઉભા કરાયેલ મેડીકલ સ્ટોલમાં હાજર ડૉ.પ્રવીણભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, માનનીય જિલ્લા કલેકટરશ્રીના સૂચના અને માર્ગદર્શન અનુસાર અને મુખ્ય જિલ્લા અધિકારીશ્રીની સીધીદેખરેખ હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા પરિક્રમા પથ પર સાત જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં આરોગ્યલક્ષી સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. રણછોડરાય મંદિરથી લઈને શહેરાવ ઘાટ સુધી આ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જેમાં મેડિકલ કેમ્પની વ્યવસ્થા કરવામાં આવી છે. અમારો આરોગ્ય સ્ટાફ ૨૪ કલાક પરિક્રમાવાસીઓ માટે ખડે પગે ઉભો રહ્યો છે નોર્મલ બીમારી થી લઈને પગમાં દુખાવો શરદી ખાંસી થી લઈને મોટી બીમારીઓમાં છાતીમાં દુખાવો જેવી બીમારીઓ જેમાં આગળ રીફર કરવું પડે એમ હોય તો એમ્બ્યુલન્સવાન ની પણ સુવિધા કરવામાં આવી છે આ ઉપરાંત ઓક્સિજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. અંકલેશ્વરના પરિક્રમાવાસી મહિલા કે જેઓને અગાઉ બંને પગમાં કણીનું ઓપરેશન કરાવેલ હતું જેમાં આજે પરિક્રમા દરમિયાન દુખાવો થતાં જેમની પ્રાથમિક તપાસ કરવામાં આવી જેમાં પગ નીચે ચામડીનો સોજા સાથે લાલાશ અને અસહ્ય દુખાવો થતા



તાત્કાલિક પ્રાથમિક સારવાર રણછોડજી મંદિર સ્થિત મેડીકલ ટીમ દ્વારા સારવાર અને ડ્રેસિંગ કરી દવા આપવામાં આવી હતી. ભાવનગરના શ્રી હરજીભાઈ ખીમસુરીયાએ આરોગ્ય વિભાગની સેવા લેતા જણાવ્યું હતું કે, નર્મદા પરિક્રમાનો બહું મહિમાં છે એ જાણીને હું અહીંયા આવ્યો છું. અહીંની તમામ સુવિધા ખૂબ સારી છે. મને પરિક્રમા દરમિયાન પગમાં દૂખાવો થતો હતો અને એસીડીટી થઇ હતી જેની સારવાર મેં અહીના મેડીકલ કેમ્પમાંથી મેળવી છે. આ સારવા મળ્યેથી મને સારૂ થયું છે. ત્યારબાદ પરિક્રમા કરવામાં ખૂબ આનંદ મળ્યો છે. રાજપીપલાના પરિક્રમાવાસી શ્રીમતી ધર્મિષ્ઠાબેન વ્યાસે જણાવ્યું હતું કે, હું અહીં સાત વર્ષથી સતત આ ચાલતા પરિક્રમા કરવા માટે આવું છું આ વખતે સરકાર દ્વારા ખૂબ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

મને ગભરામણ થવાથી હું આ તાત્કાલિક સારવાર કેમ્પમાં આવી અને મને ગભરામણ થતી હતી જેની મેં તાત્કાલિક સારવાર કેમ્પમાં સેવા લીધી અને એસિડિટી નો મને પ્રશ્ન હતો તે પણ સોલ્વ થઈ ગયો અને હું અત્યારે સારી છું. મને એકદમ ઠીક થઇ ગયું છે. જે બદલ સરકારનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. ભરૂચ જિલ્લાના ઝનોર ગામના રામજીભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષથી હું પરિક્રમા કરવા અહીં આવું છું. પરંતુ આ વર્ષની તમામ સુવિધા જોઈ ખુબ ખુશ થયો છું. આજે બપોરે ૧ કલાકે ધસમસતા તાપમાં મે પરિક્રમાની શરૂઆત કરી હતી. જેથી ચાલતા ચાલતા તરસાલ ઘાટ ઉપર તડકો અને થાક લાગ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારા સ્વભાવને અંકુશમાં રાખો કેમ કે તેનાથી તમારા સંબંધો પર કાયમી અસર પડી શકે છે. મોકળાશભર્યું મન અને કોઈના પણ પ્રત્યે પૂર્વગ્રહ ત્યજીને તમે તેમાંથી બહાર આવી શકો છો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે એવા મુદ્દાઓ ટાળવા તમારી માટે શ્રેષ્ઠ રહેશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે ધીરજ રાખોજો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજે ઘરથી નીકળતા પહેલા વડીલોનું આશીર્વાદ લો આના થી તમને ધન લાભ થયી શકે છે. તમે માનો કે ન માનો પણ તમને કોઈક બહુ જ નિકટથી જોઈ રહ્યું છે અને તમને પોતાનો રોલ મૉડેલ ગણે છે- વખાણ થાય એવા જ કાર્યો કરો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમે તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારામાંના કેટલાકને મહત્વના નિર્ણયો લેવાની જરૂર પડશે જે તમને તાણગ્રસ્ત કરી મુકશે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. તમારી સાંજને ઝમકદાર બનાવવા માટે દિવસના ઉત્તરાધર્ધમાં કોઈ જૂના મિત્રની મુલાકાત લો. તમે તમારા બાળપણના સોનેરી સંસ્મરણો યાદ કરીને તેને ફરીથી જીવશો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. તમારી હાલત તથા તમારી જરૂરિયાત સમજતા હોય તેવા નિકટના મિત્રો સાથે બહાર જાવ. રૉમેન્ટિક મૂડમાં એકાએક પરિવર્તન તમને હતાશ કરશે. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો.

**તુલા (ર,ત) :**
આજે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો. આજના દિવસે થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. સ્વતદ્દ રહો અને નવા મૂડીરોકાણના મોરચે તમારા નિર્ણયો જાતે લો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારૂં સ્મિત હતાશા સામે શસ્ત્ર જેવું કામ કરશે. જે લોકોએ લોન લીધી છે તે લોકો ને લોન ની રકમ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. પ્રવાસને કારણે રૉમેન્ટિક સંબંધોને વંગ મળશે. તમારી કારકિર્દીની શક્યતાઓને વધારવા માટે તમારી વ્યાવસાયિક શક્તિનો ઉપયોગ કરો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમે તમારા હકારાત્મક વિચાર તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**મકર (ખ,જ) :**
આજે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા. તમે પૂરૂં કરી શકો છો એની પૂરી ખાતરી થયા બાદ જ કોઈ પણ વચન આપજો. સમય ની નાજુકતા ને સમજી ને, આજે તમે બધા થી અંતર રાખી ને એકાંત માં સમય પસાર કરવા નું પસંદ કરશો.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો તે આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દ્રઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે. બદલાતા સમય સાથે કદમ મિલાવવામાં નવી ટૅક્નોલૉજીનો સ્વીકાર મહત્વની બાબત સાબિત થશે.





નવી દિલ્હીમાં સાઉથ બ્લોક ખાતે હિન્દી મેગેઝિન 'સંવાદ' ના ખાસ અંકના વિમોચન પ્રસંગે સંરક્ષણ સચિવ શ્રી રાજેશ કુમાર સિંહ.

## ન્યૂઝ બ્રિફ

### યૂનુસે ચીન જઈને 'ચિકન નેક' પર ટિપ્પણી કરતા આસામના CM થયા ગુસ્સાથી લાલઘૂમ



। (એજન્સી) બાંગ્લાદેશ, તા.૧ ।

બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યૂનુસે ભારતના ચિકન નેક કોરિડોરને લઈને નિવેદન આપીને વિવાદ ઉભો કર્યો છે. હાલમાં જ ચીનની મુલાકાત દરમિયાન યૂનુસે ભારતના પૂર્વોત્તર રાજ્યોને લઈને ટિપ્પણી કરી હતી, જેનાથી ભારત નારાજ છે. મોહમ્મદ યૂનુસે દાવો કર્યો હતો કે બાંગ્લાદેશ ભારતના પૂર્વોત્તર રાજ્યો માટે હિન્દ મહાસાગરનું એકમાત્ર રક્ષક છે. મોહમ્મદ યૂનુસે ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોને ચારે બાજુથી લેન્ડલોક કહ્યા હતા.' જેથી આસામના મુખ્યમંત્રી હિમંતા વિશ્વ સરમાએ યૂનુસના નિવેદનની સખત નિંદા કરી અને ભારત માટે એક નક્કર વ્યૂહરચના સૂચવી, જેથી ચિકન નેક પરની નિર્ભરતા ઓછી થઈ શકે. મોહમ્મદ યૂનુસે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની મુલાકાત દરમિયાન બાંગ્લાદેશમાં રોકાણ વધારવાની અપીલ કરી હતી. આ દરમિયાન તેમણે ભારતના પૂર્વોત્તર રાજ્યોને લઈને નિવેદન આપ્યું હતું, જેને ભારત વિરોધી ઈરાદાઓ હોવાનું જોવામાં આવી રહ્યું છે. યૂનુસે કહ્યું, 'ભારતના પૂર્વ ભાગમાં આવેલા સાત રાજ્યો, જેને સેવન સિસ્ટર્સ કહેવામાં આવે છે, ચારે બાજુથી જમીનથી ઘેરાયેલા છે. તેમની પાસે સમુદ્ર સુધી પહોંચવાનો કોઈ રસ્તો નથી. બાંગ્લાદેશ આ ક્ષેત્રમાં સમુદ્રનો એકમાત્ર રખેવાળ છે.' આ નિવેદન માત્ર ભારતની ભૌગોલિક સ્થિતિ પર ટિપ્પણી કરતું નથી પરંતુ ચિકન નેક કોરિડોરના મહત્ત્વને પરોક્ષ રીતે પડકારવાનો પ્રયાસ પણ કરે છે. મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક લાંબી પોસ્ટ લખી મોહમ્મદ યૂનુસના નિવેદનની સખત નિંદા કરી છે. આ અંગે તેમણે લખ્યું હતું કે, 'બાંગ્લાદેશની વચગાળાની સરકારના મોહમ્મદ યૂનુસ દ્વારા આપવામાં આવેલ નિવેદન ખૂબ જ નિંદનીય અને અપમાનજનક છે. તેમણે ભારતના સાત ઉત્તર-પૂર્વીય રાજ્યોને લેન્ડલોક અને બાંગ્લાદેશને હિન્દ મહાસાગરનો એકમાત્ર રખેવાળ ગણાવ્યું છે. યૂનુસનું આ નિવેદન ભારતની વ્યૂહાત્મક 'ચિકન નેક' કોરિડોરની સંવેદનશીલતાને દર્શાવે છે.' CM હિમંતાએ આ અંગે વધુમાં કહ્યું કે, 'ઐતિહાસિક રીતે, ભારતની અંદરના જ ઘણા આંતરિક તત્ત્વોએ ચિકન નેક કોરિડોરને કાપી નાખવા અને ભારતના ઉત્તર-પૂર્વીય ભાગને દેશની મુખ્ય ભૂમિથી અલગ કરવા જેવા ખતરનાક સૂચનો પણ આપ્યા છે. આવા પડકારોને ધ્યાનમાં રાખીને, આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કે ચિકન નેક કોરિડોરની આસપાસ મજબૂત રેલ અને રોડ નેટવર્ક વિકસાવવું અત્યંત મહત્ત્વપૂર્ણ છે.' તેમણે કહ્યું, 'આ સિવાય ઉત્તર-પૂર્વીય ભાગને ભારતની મુખ્ય ભૂમિ સાથે જોડતા વૈકલ્પિક માર્ગોની શોધ પણ પ્રાથમિકતા હોવી જોઈએ. જો કે આ કાર્ય એન્જિનિયરિંગ પડકારોથી ભરેલું હશે.

### આરએન પાર્ટીનાં નેતા બે વર્ષ હાઉસ અરેસ્ટ રહેશે

# ફ્રાન્સનાં મરીન લે પેન ભ્રષ્ટાચાર કેસમાં દોષિત, પાંચ વર્ષ ચૂંટણી લડવા પર પ્રતિબંધ

### ૨૦૨૭ના ઈલેક્શનમાં ઈમેન્યુએલ મેક્રોન સામેની મજબૂત દાવેદાર ચૂંટણી પહેલા જ રેસની બહાર

। (એજન્સી) પેરિસ, તા.૧ ।

ફ્રાન્સની એક કોર્ટે સોમવારે નેશનલ રેલી પાર્ટીની નેતા મરીન લે પેનને યુરોપિયન સંસદના ભંડોળના ઉચાપત કેસમાં દોષિત ઠેરવ્યા હતા. આ નિર્ણયથી ફ્રાન્સના રાજકારણમાં નાટકીય વળાંક આવ્યો છે. કોર્ટના ચુકાદાની સાથે લે પેન પર પાંચ વર્ષ માટે ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તે ૨૦૨૭ની રાષ્ટ્રપતિની ચૂંટણી લડી શકશે નહીં. કોર્ટે લે પેનને ચાર વર્ષની સજા ફટકારી છે. જેમાંથી બે વર્ષ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. બાકીના બે વર્ષ હાઉસ અરેસ્ટ હેઠળ ભોગવવા પડશે. આ



સિવાય તેણે ૧,૦૮,૦૦૦ ડોલરનો દંડ પણ ભરવો પડશે. આ નિર્ણય રાજકારણમાં પ્રભાવશાળી વ્યક્તિ રહેલી લે પેન માટે આચંકા સમાન છે. ત્રણ વખત રાષ્ટ્રપતિની ચૂંટણી લડયા બાદ તે બે વખત ઈમેન્યુએલ મેક્રોન સામે ફાઈનલ રાઉન્ડમાં પહોચી હતી અને ૨૦૨૭ માટે તેને મજબૂત દાવેદાર માનવામાં આવી રહી હતી. ૨૦૨૪ની વચગાળાની ચૂંટણીમાં તેની પાર્ટી સંસદમાં સૌથી મોટી પાર્ટી બનીને ઊભરી હતી. આ આરોપો લે પેન અને યુરોપિયન સંસદના નેતાઓ અને તેમના સહાયકો સહિત ૨૪ અન્ય પક્ષોના મેમ્બર્સ સાથે સંકળાયેલી લાંબા ગાળાની સ્કીમના છે. ફરિયાદીઓએ દલીલ કરી હતી કે, આરોપીઓએ સંસદીય સહાયકો માટે ફાળવવામાં આવેલા યુરોપિયન સંસદના ૪૮ લાખ ડોલરના ભંડોળનો દુરુપયોગ કર્યો હતો અને તેને ફ્રાન્સમાં પાર્ટીના કર્મચારીઓને ચૂકવણી કરવા માટે રીડાયરેક્ટ કર્યા હતા.

### સંજય રાઉતના દાવાને ખોટો ગણાવ્યો

# પિતા જીવિત હોય ત્યારે ઉત્તરાધિકારીની ચર્ચા કરવી એ મુઘલ સંસ્કૃતિ છે : ફડણવીસ

### મોદીના ઉત્તરાધિકારીની શોધ કરવાની કોઈ જરૂર નથી, તેઓ અમારા નેતા છે અને તેઓ જ રહેશે

। (એજન્સી) નાગપુર, તા.૧ ।

મહારાષ્ટ્રમાં છેલ્લા ઘણા સમયથી અનેક મુદ્દાઓ પર રાજકારણ થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નાગપુર ખાતે RSS હેડક્વાર્ટર ખાતેની મુલાકાત બાદ શિવસેના (UBT)એ દાવો કર્યો હતો કે, 'મોદી રાજીનામું આપી દેશે અને રાજકારણમાંથી નિવૃત્તિ લેશે.' આ નિવેદન મુદ્દે રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શિવસેના પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે આ દાવાનો ખોટો ગણાવતા કહ્યું હતું કે, 'પિતા જીવિત હોય છે ત્યારે ઉત્તરાધિકારી વિશે વાત કરવી એ મુઘલ સંસ્કૃતિ છે.'શિવસેનાના સાંસદ સંજય રાઉતે



કહ્યું હતું કે, વડાપ્રધાન મોદી નિવૃત્તિ યોજનાઓની ચર્ચા કરવા માટે નાગપુરમાં RSS મુખ્યાલયની મુલાકાતે ગયા હતા. મોદીના ઉત્તરાધિકારી મહારાષ્ટ્રના હશે અને RSS તેના પર નિર્ણય લેશે.' સંજય રાઉતના નિવેદન પર ફડણવીસે કહ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં જ્યારે પિતા જીવિત હોય છે ત્યારે ઉત્તરાધિકારી વિશે વાત કરવી એ મુઘલ સંસ્કૃતિ છે. તેની ચર્ચા કરવાનો સમય આવ્યો નથી. ફડણવીસે ઉમેર્યુ હતું કે, ભાજપના સીનિયર સ્ટાર લીડર (મોદી) 'વર્ષો સુધી દેશનું નેતૃત્વ કરતા રહેશે. મોદીના ઉત્તરાધિકારીની શોધ કરવાની કોઈ જરૂર નથી. તેઓ અમારા નેતા છે અને તેઓ જ રહેશે. પીએમ મોદી રવિવારે નાગપુર ગયા હતા. ત્યાં તેમણે રેશમબાગ સ્થિત સ્મૃતિ મંદિરમાં RSSના સ્થાપક કેશવ બલિરામ હેડગેવારને શ્રદ્ધાંજલિ આપી હતી. આ દરમિયાન RSS વડા મોહન ભાગવત, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ હાજર હતા.






ચિલી પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિક ફોન્ટ ૧ એપ્રિલ, ૨૦૨૫ના રોજ દિલ્હીમાં રાજઘાટની મુલાકાત લીધી હતી.

### બોમ્બે હાઈકોર્ટે ૨૬ સપ્તાહના ભ્રૂણના ગર્ભપાતની મંજૂરી આપી

# બાળકને જન્મ આપવાનો, શારીરિક સ્વતંત્રતાનો મહિલાને હક: બોમ્બે કોર્ટ



। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

એક મહિલાને બાળકને જન્મ આપવા અંગેનો, શારીરિક સ્વતંત્રતાનો અને પસંદગીનો પૂર્ણ અધિકાર હોવાનું જણાવતાં બોમ્બે હાઈકોર્ટે ૩૨ વર્ષની એક મહિલાને ૨૬ સપ્તાહના ખામીયુક્ત ભ્રૂણનો ગર્ભપાત કરવાની મંજૂરી આપી છે. જસ્ટિસ રેવતી મોહિતે ડેરે તથા નીલા ગોખલેની બેન્ચે, મહિલાને તેની પસંદગીની ખાનગી હોસ્પિટલમાં ખામી ધરાવતા ભ્રૂણનો ગર્ભપાત કરવાની મંજૂરી આપી હતી. જોકે આ માટે સંબંધિત ખાનગી હોસ્પિટલે સોગંદનામું આપવું પડશે જેમાં તેણે એ બાબતનો ઉલ્લેખ કરવાનો રહેશ કે હોસ્પિટલ મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી (એમટીપી)એક્ટની તમામ જોગવાઈઓનું પાલન કરે છે. ઉલ્લેખનીય છે કે, એમટીપી એક્ટની જોગવાઈ, કોર્ટની મંજૂરી વગર ૨૪ સપ્તાહથી વધુના ભ્રૂણનો ખાનગી હોસ્પિટલમાં ગર્ભપાત કરવાની મંજૂરી નથી અપાતી. બેન્ચે જણાવ્યું હતું કે, અરજદારની પ્રજોત્પતિ અંગેની સ્વતંત્રતા, શારીરિક સ્વાતંત્રતા, પસંદગીનો અધિકાર તથા તેની તબીબી સ્થિતિને ધ્યાનમાં લેતાં અમે તબીબી પદ્ધતિથી ગર્ભાપત કરવાની મંજૂરી આપીએ છીએ. ઘટનાની વિગતો અનુસાર, મુંબઈની એક મહિલાને તેની ગર્ભાવસ્થાના ૨૪મા સપ્તાહ દરમિયાન કરાયેલાં ગર્ભ પરિક્ષણમાં ભ્રૂણ સ્કેલેટલ ડિસ્લેપ્સિયાગ્રસ્ત હોવાનું નિદાન થયું હતું. આ સ્થિતિમાં બાળકના મૃત્યુની શક્યતા અનેકગણી વધી જતી હોય છે. મુંબઈની જે.જે. હોસ્પિટલના મેડિકલ બોર્ડે ભ્રૂણમાં રહેલી ખામીઓને પગલે ગર્ભપાતની મંજૂરી આપી હતી. જેને પગલે મહિલાએ પોતાની પસંદગીની હોસ્પિટલમાં ગર્ભપાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ ઉપરાંત મહિલાએ પોતાની અપીલમાં એવી માગ કરી હતી કે, ભ્રૂણના હ્રદયના ધબકારા ઘટાડી દેવામાં આવે જેથી બાળક જીવીત અવસ્થામાં ના જન્મે. બેન્ચે જણાવ્યું હતું કે, નિયમો અનુસાર, જ્યારે આવશ્યક્તા હોય ત્યારે ભ્રૂણના હ્રદયના ધબકારા અટકાવવાની પ્રક્રિયા અટકાવવાની બાબતનો મેડિકલ બોર્ડની ભલામણ અથવા રિપોર્ટમાં સ્પષ્ટ ઉલ્લેખ થવો જરૂરી છે.

### એપ્રિલ-જૂન મહિના સામાન્ય કરતાં વધુ ગરમ રહેશે

# ત્રણ મહિના ભીષણ ગરમીનું એલર્ટ, ૧૬ રાજ્યોમાં હીટવેવની અસર દેખાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

એપ્રિલથી જૂન સુધી ભારતમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા હોવાથી લોકોએ ૩ મહિના સુધી તીવ્ર ગરમીનો સામનો કરવો પડશે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ આગાહી કરતા જણાવ્યું હતું કે, મધ્ય અને પૂર્વ ભારત તેમજ ઉત્તર-પશ્ચિમમાં સામાન્ય કરતાં વધુ દિવસ સુધી હીટવેવની અસર જોવા મળશે. IMDના વડા મૃત્યુંજય મહાપાત્રાએ આગાહી કરતા જણાવ્યું હતું કે, દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા વધારે રહેશે. જોકે, પશ્ચિમ અને પૂર્વ ભારતના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય રહી શકે છે. મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન પણ સામાન્યથી ઉપર રહેશે. ગરમીના દિવસોની સંખ્યા બમણી: મહાપાત્રાના જણાવ્યા અનુસાર એપ્રિલથી જૂન દરમિયાન ઉત્તર અને પૂર્વ ભારત, મધ્ય ભારત અને ઉત્તર-પશ્ચિમ મેદાનોમાં સામાન્ય કરતાં બેથી ચાર દિવસ હીટવેવની વધુ અસર જોવા મળી શકે છે. સામાન્ય રીતે આ સમયગાળા દરમિયાન ભારતમાં ચારથી સાત દિવસ તીવ્ર ગરમીનો અનુભવ થાય છે.૧૬ રાજ્યોમાં સૌથી વધુ અસર દેખાશે: અગાઉ IMDના એક અધિકારીએ પણ કહ્યું હતું કે, સામાન્ય રીતે ઉનાળા દરમિયાન ૫-૬ દિવસ



એવા હોય છે જ્યારે સૌથી વધારે ગરમી પડતી હોય છે. પરંતુ આ વખતે ઉત્તર-પશ્ચિમ ભારતમાં હીટવેવના દિવસોથી સંખ્યા બમણી થઈ શકે છે. રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, પંજાબ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, છત્તીસગઢ, તેલંગાણા, આંધ્રપ્રદેશ ઉપરાંત કર્ણાટક અને તમિલનાડુના ઉત્તરીય ભાગોમાં ગરમીના દિવસો સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે.એપ્રિલમાં ભારતના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. જોકે, દક્ષિણ અને ઉત્તરપશ્ચિમ પ્રદેશોના કેટલાક વિસ્તારોમાં સામાન્ય તાપમાન રહી શકે છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આ ઉનાળામાં ભારતમાં વીજળીની માંગ ૯થી ૧૦% વધી શકે છે, કારણ કે ગરમીના દિવસોની સંખ્યા વીજળીના વપરાશમાં વધારો કરશે. ગયા વર્ષે ૩૦ મેના રોજ દેશની વીજળીની માંગ ૨૫૦ ગીગાવોટ (GW)થી વધુ પહોંચી ગઈ હતી, જે અપેક્ષા કરતા ૬.૩% વધુ હતી.

### સુનિતા વિલિયમ્સે પિતાને યાદ કર્યા

# અંતરીક્ષથી અદ્ભૂત છે ભારતનો નજારો, હું જલ્દી જ આવીશ: સુનિતા

### ભારતીય મૂળના અમેરિકન અંતરીક્ષયાત્રી સુનિતા વિલિયમ્સે અંતરીક્ષથી પરત આવ્યા બાદ પહેલીવાર પત્રકાર પરિષદ યોજી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ભારતીય મૂળના અમેરિકન અંતરીક્ષયાત્રી સુનિતા વિલિયમ્સે અંતરીક્ષથી પરત આવ્યા બાદ પહેલી વાર પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્કનો આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું હતું કે ધરતી પર પરત આવીને સારું લાગી રહ્યું છે. સુનિતા વિલિયમ્સ જલ્દી જ ભારત પણ આવશે. તેમણે કહ્યું છે, કે ' મને આશા છે કે મારા પિતાના દેશ અને આગામી એક્સીઓમ મિશન પર જનારા ભારતીય નાગરિકો સાથે જલ્દી જ મુલાકાત કરીશ. અને મારા અનુભવ વર્ણવીશ. ભારત એક મહાન દેશ છે અને એક અદ્ભુત લોકતંત્ર છે જે અંતરીક્ષ ઉદ્યોગ ડગલાં ભરી રહ્યું છે. અમે તેનો હિસ્સો બની મદદ કરવાનું પસંદ કરીશું.' તેમણે એમ પણ જણાવ્યું હતું કે અંતરીક્ષથી હિમાલય અને ભારતના અન્ય ભાગોના રંગ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. દિવસ અને રાત બંને સમયે ભારતને જોવું એક અવિશ્વસનીય અનુભવ હતો. વિલિયમ્સે જણાવ્યું હતું કે પૃથ્વી પર પરત આવ્યા બાદ સૌથી પહેલા તેમણે પોતાના પતિ અને પાલતુ કૂતરાઓને



ગળે લગાવ્યા. સૌથી પહેલા ગ્રીલ્ડ સેન્ડવીચનો સ્વાદ માણ્યો અને પિતાને યાદ કર્યા. ગયા વર્ષે સુનિતા વિલિયમ્સ અને બુચ વિલમોર આઠ દિવસના એક મિશન પર સ્ટારલાઈનરમાં સવાર થઈને અંતરીક્ષમાં ગયા હતા. જોકે ટેકનિકલ સમસ્યાના કારણે તેમણે ૯ મહિના સુધી અંતરીક્ષમાં જ રોકાવવું પડ્યું હતું. જે બાદ ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સે એક સ્પેશિયલ મિશન લોન્ચ કર્યું હતું. નોંધનીય છે કે સુનિતા વિલિયમ્સ મૂળ ભારતીય અમેરિકન અંતરીક્ષયાત્રી છે. તેમનો જન્મ ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૫ના રોજ અમેરિકામાં થયો હતો. તેમના પિતા દિપક પંડ્યાનું મૂળ વતન ગુજરાતનાં મહેસાણા જિલ્લામાં સ્થિત ઝુલાસણ ગામ છે. તેઓ ૧૯૫૭માં મેડિકલના શિક્ષણ માટે અમેરિકા ગયા હતા.

# વ્યાયામ શિક્ષકોની સચિવાલય બહાર ઉગ્ર રજૂઆતઃ બે શિક્ષક ઈજાગ્રસ્ત

## વ્યાયામ શિક્ષકોની ગાંધીનગરમાં સચિવાલય જઈ ઉગ્ર રજૂઆત કરી હતી આ દરમિયાન પોલીસ સાથે ઘર્ષણ થતાં બે શિક્ષકોને ઈજા પહોંચી







। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી પર ૧૬માં દિવસે વ્યાયામ શિક્ષકોનું આંદોલન યથાવત છે. વ્યાયામ શિક્ષકોની ભરતી ન થવાના મુદ્દે શિક્ષકોએ અંગકસરત કરીને અનોખી રીતે વિરોધ નોંધાવી રહ્યા છે. ત્યારે મંગળવારે (પહેલી એપ્રિલ) વ્યાયામ શિક્ષકોની ગાંધીનગરમાં સચિવાલય જઈ ઉગ્ર રજૂઆત કરી હતી. આ દરમિયાન પોલીસ સાથે ઘર્ષણ થતાં બે શિક્ષકોને ઈજા પહોંચી હતી, જેમને હોસ્પિટલ ખસેડાયા છે, જ્યારે અન્ય શિક્ષકોને ટિંગાટોળી કરી પોલીસ વાનમાં લઈ જવાયા હતા. ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ૫૦૦થી વધુ વ્યાયામ વીરો ૧૧ મહિનાના કરાર આધારીત ખેલ સહાયકની ભરતી બંધ કરવા અને કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવે તેવી માગ સાથે આંદોલન કરી રહ્યા છે. ગાંધીનગર ખાતે વ્યાયામ શિક્ષકો વિરોધ નોંધાવી રહ્યા છે. ત્યારે વ્યાયામ શિક્ષકોની ગાંધીનગરમાં સચિવાલય જઈ ઉગ્ર રજૂઆત કરી હતી. આ દરમિયાન પોલીસ સાથે ઘર્ષણ થતાં બે શિક્ષકોને ઈજા પહોંચી હતી. જ્યારે અન્ય શિક્ષકોને ટિંગાટોળી કરી પોલીસ વાનમાં લઈ જવાયા હતા મળતી માહિતી મુજબ, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી દ્વારા સ્પોર્ટ્સ એપ્ટિટ્યુડ ટેસ્ટની પરીક્ષા યોજાઈ હતી. જેમાં ૫,૦૦૦ જેટલી ખાલી જગ્યાઓમાં બેચલર ઑફ ફિઝિકલ એજ્યુકેશન(BPE), BPED, MPED-MPEનો અભ્યાસ પૂર્ણ કરેલા લાયક ઠરતાં ૧,૭૦૦ ઉમેદવારો પરીક્ષામાં પાસ થયા હતા. ૧૪૬૫ ખેલ સહાયકોને રિન્યુ કર્યા હતા. જ્યારે ૩૧૦૦થી વધુ જગ્યાઓ ખાલી હોવાનું સામે આવ્યું છે. આ દરમિયાન રાજ્યમાં કરાર આધારિત વ્યાયામ શિક્ષકની ભરતી બંધ થાય અને કાયમી વ્યાયામ શિક્ષકોની સત્વરે કાયમી ધોરણે ભરતી કરવામાં આવે તેવી માંગ સાથે વ્યાયામ શિક્ષકો આંદોલન કરી રહ્યા છે.

# વેપારી બન્યો હનીટ્રેપનો શિકાર, લાખો રૂપિયાની માંગણી કરાતા નોંધાવી ફરિયાદ

। (એજન્સી) ભાવનગર, તા.૧ ।

મહિલાઓ પુરુષોને હનીટ્રેપ માં ફસાવીને બ્લેકમેલ કરતી હોવાના ગુનાઓ સમયાંતરે પોલીસ સ્ટેશનમાં નોંધાતા રહે છે. આવી જ એક ઘટના ભાવનગર શહેરના એક વેપારી સાથે બનવા પામી હતી. જેમાં એક મહિલા અને તેના સાગરિતોએ વેપારીને હનીટ્રેપમાં ફસાવવાની ધમકી આપી રૂપિયા પડાવ્યા હતા. બાદમાં ભોગ બનનાર વેપારીએ નિલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને આ મામલે પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ભાવનગરમાં રહેતી વેપારી થોડા સમય પહેલા એક મહિલાના સંપર્કમાં આવ્યા હતાં. જે બાદ મહિલાએ વેપારીને હનીટ્રેપ માં ફસાવવાની ધમકી આપી અને ૧૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી. આરોપી અંકિતા પટેલ અને તેના પતિ ભાર્ગવ પટેલ અને શક્તિસિંહ નામના વ્યક્તિએ હનીટ્રેપ નું કાવતરું ઘડ્યું હતું. જે બાદ અંકિતા પટેલે કામના બહાને વારંવાર વેપારીને ફોન કરીને વિશ્વાસ જીત્યો હતો. તેમજ શારીરિક સંબંધો બાંધ્યા બાદ અંકિતા પટેલે બળાત્કારની ફરિયાદ કરાવવાનું કહી ડરાવી રૂપિયા ૧૦ હજાર રૂપિયા પડાવ્યા હતાં. આરોપી અંકિતા, તેના પતિ ભાર્ગવ પટેલ અને શક્તિ સિંહ નામના શખ્સોએ સમગ્ર મામલો રફેદફે કરવા માટે ૧૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી. ઝઘડા બાદ આખરે ૫ લાખ રૂપિયા આપવાનું નક્કી થયું અને જો પૈસા નહીં આપવામાં આવે તો આરોપીએ વેપારી સામે બળાત્કાર નો કેસ દાખલ કરવાની ધમકી આપી હતી. જે બાદ એ પણ સામે આવ્યું છે કે આરોપીએ વેપારીને માર માર્યો હતો. ઉપરાંત, આરોપી ભાર્ગવ અને શક્તિસિંહ પણ પૈસા લેવા માટે વારંવાર વેપારીની દુકાને ગયા હતા. આખરે આરોપીઓના ત્રાસથી કંટાળીને વેપારી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને પોલીસને સમગ્ર વિગત જણાવી ગુનો નોંધ્યો હતો. નિલમબગ પોલીસે તાત્કાલિક આરોપી અંકિતા પટેલ, ભાર્ગવ પટેલ અને શક્તિ સિંહ વિરુદ્ધ ગુનો નોંધીને તેમની શોધખોળ આદરી છે.

# ગાંધી રોડ પાસે SMCના દરોડા, લાખોની ઈ-સિગારેટ કરાઈ જપ્ત

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ગુજરાતમાં કેટલીક વાર પ્રતિબંધિત ઈ – સિગારેટનો જથ્થો ઝડપાતો હોય છે. ત્યારે ફરી એક રાજ્યમાંથી ઈ-સિગારેટનો જથ્થો ઝડપાયો છે. ગાંધી રોડ નજીક "અરિહંત ગિફ્ટ એન્ડ કી ચેઈન" શોપમાં સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડા પાડીને ૪૮૯ ઈ-સિગારેટ વેપ જપ્ત કર્યા છે.જેની કિંમત ૯ લાખ ૧૧ હજાર રૂપિયા જેટલી છે. ઈ-સિગારેટના જથ્થા સાથે સ્ટેટ મોનિટરિંગ સેલે ૩ આરોપીની ધરપકડ કરી છે. દુકાનમાં ઈ-સિગારેટનું વેચાણ થતું હોવાનું સામે આવ્યું છે. આરોપી મુંબઈથી ઈ સિગારેટનો જથ્થો મગાવ્યો હોવાનું સામે આવ્યું છે.ઈ સિગારેટ મોકલનારા અને મંગાવનારા સહિત ૧૧ આરોપીઓ વોન્ટેડ જાહેર કરાયા છે. સ્ટેટ મોનિટરિંગ સેલે આ કેસની તપાસ કાલુપુર પોલીસને સોંપી છે. મહત્તવનું છે કે ઈ – સિગારેટનો જથ્થો ઝડપ ાયો છે. ત્યારે ઈ – સિગારેટનો જથ્થો ગિફ્ટની દુકાનમાંથી ઝડપાયો છે. જો કે સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડા પાડીને ૪૮૯ ઈ-સિગારેટ જપ્ત કરવામાં આવી છે. તેમજ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ૧૦ એપ્રિલના રોજ દ્વારકા ખાતે રૂકમિણીજી અને ભગવાન શ્રીકૃષ્ણનું ભવ્ય સ્વાગત થશે

# માધવપુર ઘેડ મેળાનું ૬ એપ્રિલના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે થશે ઉદ્દઘાટન

। (એજન્સી) પોરબંદર, તા.૧ ।

ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણી વિવાહ ઉત્સવ અંતર્ગત માધવપુર ઘેડના મેળાની તૈયારી રાજ્ય સરકારના વિવિધ વિભાગો અને સ્થાનિક પ્રશાસન દ્વારા કરવામાં આવી રહી છે. પોરબંદર જિલ્લા કલેકટર શ્રી એસ. ડી. ધાનાણીએ માહિતી આપતાં જણાવ્યું કે, તા.૬ એપ્રિલના રોજ સાંજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે માધવપુર ઘેડ મેળા કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવશે અને ઉત્તરપૂર્વ રાજ્યોના મહાનુભાવો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે તેવો સૂચિત કાર્યક્રમ આયોજિત થઈ રહ્યો છે.

મેળામાં દરરોજ ગુજરાતના ખ્યાતનામ કલાકારો દ્વારા દરરોજ સાજે ડાયરાઓ યોજવામાં આવશે તેમજ સ્ટેડિયમ ટાઈપ ગ્રાઉન્ડમાં ગુજરાત સહિત ઉત્તરપૂર્વના રાજ્યો ૧૬૦૦ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવશે. આ વર્ષનો મેળો વિશેષ ગૌરવ રૂપ રહેશે. વિશાળ સંખ્યામાં કલાકારોની પ્રસ્તુતિને ધ્યાનમાં રાખીને મેળાનું ગ્રાઉન્ડ કાર્યક્રમની અનુરૂપ તૈયાર કરવામાં આવ્યું છે. જે પણ આકર્ષણનું કેન્દ્ર રહેશે. કલેકટર સહિતના અધિકારીઓએ મેળામાં થઈ રહેલી તૈયારી અને ગ્રાઉન્ડની વિશેષતાની માહિતી પણ આપી હતી.

આ વર્ષે માધવપુર ઘેડ મેળાની ઉજવણી સમગ્ર ગુજરાતમાં કરવામાં આવશે. પોરબંદર ઉપરાંત, અમદાવાદ, વડોદરા, સુરત, સોમનાથ ખાતે પણ આ મેળાની ઉજવણીના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા છે. આ મેળાના સાંસ્કૃતિક કાર્યક્રમો ૧ એપ્રિલ, ૨૦૨૫થી જ શરૂ થઈ જશે. ૧ એપ્રિલે સુરતમાં ઈનડોર સ્ટેડિયમ ખાતે, ૨ એપ્રિલે વડોદરામાં અકોટા સ્ટેડિયમ ખાતે, ૩ એપ્રિલે અમદાવાદના ટ્રાન્સ્ટેડિયા ખાતે, ૫ એપ્રિલે સોમનાથ મંદિર ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, આ વર્ષે માધવપુર ઘેડ મેળા વિવિધ રમત-ગમત પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. માધવપુર બીચ ખાતે બીચ વોલીબોલ, બીચ ફૂટબોલ, ૧૦૦ મીટર બીચ રન, કોકોનટ થ્રો, બીચ હેન્ડબોલ જેવી બીચ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતની સાથે સાથે મેળામાં પૂર્વોત્તર રાજ્યોની હસ્તકળા અને વાનગીના સ્ટોલ્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે. કે,શ્રીકૃષ્ણ અને રૂકમણીજીના લગ્ન આયોજનમા આ વર્ષે ૬ એપ્રિલના રોજ મંડપ આરોપણ કરવામાં આવશે. ત્યારબાદ તા.૬, ૭ અને ૮ એપ્રિલ દરમિયાન માધવરાયજી મંદિરથી બ્રહ્મકુંડ સુધી દરરોજ ફુલેકા યાત્રા કાઢવામાં આવશે. તેમજ તા.૯ એપ્રિલના રોજ લગ્નની વિધિઓ કરવામાં આવશે અને તા.૧૦ એપ્રિલના રોજ જાન કન્યાને લઈને રૂકિમણી મંદિરથી નીકળશે અને સાંજે ૪.૦૦ વાગે માધવરાયજી મંદિર પહોંચશે.

### અકસ્માતમાં થાર ચાલકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું

# કપડવંજ-નડિયાદ હાઈવે પર ST બસ સાથે થાર ગાડીની ભયાનક ટક્કર

## તમામને સારવાર અર્થે સામુહિક આરોગ્ય કેન્દ્ર પર ખસેડવામાં આવ્યા હતા હાલમાં પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી છે અને તપાસ શરૂ કરી છે

। (એજન્સી) ખેડા,તા.૧ ।

કપડવંજથી એસટી બસ નીકળી નડિયાદ તરફ જવા રવાના થઈ હતી. ત્યારે બપોર દરમિયાન ફત્યાવાદ નજીક નર્મદા નહેરના પુલ પાસે થાર કાર અને એસટી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતમાં થાર ચાલકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું છે. જ્યારે બસમાં સવાર ડ્રાઈવર, કંડક્ટર અને ૧૫થી વધુ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. તમામને સારવાર અર્થે સામુહિક આરોગ્ય કેન્દ્ર પર ખસેડવામાં આવ્યા હતા. હાલમાં પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી છે અને તપાસ શરૂ કરી છે. ખેડા જિલ્લાનાં કપડવંજ-નડિયાદ હાઈવે પર ફત્યાબાદ ગામથી પસાર થતી કેનાલ નજીક થાર કાર અને એસ.ટી. બસ વચ્ચે ટક્કર થઈ હતી. પૂરઝડપે આવતી થાર ST બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં બસનાં ડ્રાઈવર, કંડક્ટર અને મુસાફરો સહિત ૧૫ જેટલાં લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. થાર કારમાં સવાર ૪ લોકો પૈકી એકનું ઘટનાસ્થળે મૃત્યુ નિપજ્યું હતું. હાલમાં તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે કપડવંજની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી અને કાર્યવાહી હાથ ધરી છે.

### પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકો માટે ખુશખબર

# ૧૬ એપ્રિલે જિલ્લા ફેર બદલી કેમ્પ યોજાશે, ૪ એપ્રિલે અગ્રતા યાદી જાહેર થશે

## શિક્ષણ વિભાગે અગાઉ સ્થગિત કરાયેલા આ કેમ્પ માટે નવી તારીખો જાહેર કરી છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

લાંબા સમયથી બદલીના રાહ જોઈ રહેલા મુખ્ય શિક્ષક માટે એક સારા સમાચાર સામે આવી રહ્યા છે. નવા નાણાકીય વર્ષની શરૂઆત થતાં જ રાજ્ય સરકારે આ શિક્ષકોને ખુશખબર આપી છે. આગામી ૧૬ એપ્રિલે રાજ્યની પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકો માટે જિલ્લા ફેર બદલી કેમ્પ યોજાશે. શિક્ષણ વિભાગે અગાઉ સ્થગિત કરાયેલા આ કેમ્પ માટે નવી તારીખો જાહેર કરી છે. શિક્ષણ વિભાગે ૨૮ માર્ચ, ૨૦૨૫ના સુધારા ઠરાવ દ્વારા જિલ્લા ફેર બદલીના નિયમોમાં ફેરફાર કર્યા બાદ હવે તેને અમલમાં મૂકવાનો નિર્ણય લીધો છે. જેથી આગામી ૪ એપ્રિલે મુખ્ય શિક્ષકોની અગ્રતા-શ્રેયાનતા યાદી જાહેર કરવામાં આવશે, જે બાદ ૧૬ એપ્રિલે શાળા પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થશે અને મુખ્ય શિક્ષકો શાળાની પસંદગી કરી શકશે.અગ્રતા યાદી એટલે કે, જે શિક્ષકા કે શિક્ષક વિધુર/વિધવા હોય, દિવ્યાંગ હોય, દંપતી શિક્ષક જ હોય અથવા દંપતીમાંથી એકને અન્ય અન્ય કોઈ સરકારી નોકરી હોય તે લોકોને આ યાદીમાં સ્થાન મળે છે, જ્યારે શ્રેયાનતા યાદીમાં સિનિયોરિટીને આધારે સ્થાન મળે છે, દા. ત. જે વ્યક્તિએ શિક્ષકની નોકરી શરૂ કરી એ ખાતામાં દાખલ થયાની તારીખ અને જો કોઈ કિસ્સામાં બે કે ત્રણ શિક્ષકોની આ તારીખ સરખી થાય તો, બાદમાં જન્મ તારીખ ધ્યાને લેવાય છે.ગયા વર્ષે ૩૧ ડિસેમ્બરના રોજ પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીએ જિલ્લાના ફેર બદલી કેમ્પ માટે સૂચના આપી હતી. જે બાદ ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ શિક્ષણ વિભાગે વિવિધ કારણોસર કેમ્પ સ્થગિત કર્યો હતો. જોકે હવે ૩ દિવસ અગાઉ ૨૮ માર્ચ ૨૦૨૫ના રોજ એક સુધારા ઠરાવ દ્વારા શિક્ષણ વિભાગે નવી માર્ગદર્શિકા જાહેર કરી અને કેમ્પ યોજવાનો નિર્ણય કર્યો છે.લાંબા સમયથી બદલીની રાહ જોઈ રહેલા મુખ્ય શિક્ષકો માટે આ નિર્ણય મહત્વપૂર્ણ છે. બદલીની પ્રક્રિયા સ્પષ્ટ અને સુનિશ્ચિત બનાવવા માટે શિક્ષણ વિભાગે ઑફલાઈન પદ્ધતિ અપનાવી છે. કેમ્પમાં જિલ્લા ફેર બદલી માટે અરજી કરનારા મુખ્ય શિક્ષકોને માત્ર શ્રેયાનતા યાદી મુજબ જ શાળાની ફાળવણી આપવામાં આવશે, જેથી ન્યાયસંગત અને પારદર્શક પદ્ધતિથી બદલી પ્રક્રિયા પૂર્ણ થઈ શકે તથા શાળાની ફાળવણીમાં કોઈ ગરબડ ન થાય. આ નિર્ણયથી રાજ્યના શિક્ષકોમાં હર્ષ છે, કારણ કે લાંબા સમયથી તેઓ તેમના ગામ અથવા નજીકના જિલ્લામાં બદલીની રાહ જોઈ રહ્યા હતા જે હવે શક્ય બનશે.

### ડીસા આગકાંડ

# ફરાર માલિકને શોધવા પોલીસ ટીમ રાજસ્થાન રવાના, CM દ્વારા વળતરની જાહેરાત

। (માહિતી) ડીસા, તા.૧ ।

ડીસામાં ફટાકડાના ગોડાઉનમાં વિસ્ફોટો બાદ લાગેલી આગને Deesa fire incident કારણે ઓછામાં ઓછા ૧૮ માણસોએ જીવ ગુમાવ્યા છે ત્યારે આ આગકાંડ બાદ ગોડાઉનનો માલિક ફરાર થઈ ગયો છે અને તેને શોધવા પોલીસે ચક્રો ગતિમાન કર્યાં છે.

પોલીસની બે ટીમ બે અલગ અલગ દિશામાં તેને શોધવા રવાના થઈ છે. દરમિયાન, રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે આ ઘટના અંગે પ્રતિભાવ આપ્યો હતો અને સાથે જ મૃતકોના પરિવાર તેમજ ઘાયલો માટે વળતરની જાહેરાત કરી હતી.

આ અગાઉ આજે સવારે બનાસકાંઠાના ડીસામાં ફટાકડાના ગોડાઉનમાં ભીષણ આગની દુર્ઘટના બની હતી. ડીસામાં ઢુંવા રોડ પર ફટાકડાના એક ગોડાઉનમાં આગ લાગવાની ઘટનામાં બપોર સુધીમાં મૃત્યુઆંક ૧૮ થયો હતો. આ ઘટનાની જાણ થતાં જ ડીસા નગરપાલિકાના ફાયર ફાઈટરો અને ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ ડીસાના ફટાકડાના ગોડાઉનમાં લાગેલી આગ એટલી ભયાનક હતી કે, ઘટનાસ્થળે ભારે અફરાતફરી મચી ગઈ હતી. ફાયર વિભાગના કર્મચારીઓ આગને કાબૂમાં લીધી હતી. દરમિયાન એસપી અક્ષયરાજ મકવાણાએ માહિતી આપી હતી કે, ગોડાઉનનો માલિક ખૂબચંદ સિંધી ફરાર છે અને તેને ઝડપી લેવા બે ટીમોને સક્રિય કરવામાં આવી છે. તેમના જણાવ્યા મુજબ એમ ટીમ રાજસ્થાન રવાના કરવામાં આવી છે જ્યારે બીજી ટીમ અમદાવાદ પહોંચી છે.

# મુંદ્રામાં વિશ્વના સૌથી મોટા કચ્છ કોપર સ્મેલ્ટરનું કાઉન્ટડાઉન શરૂ!

## તાંબાની આયાત ઘટાડી આત્મનિર્ભરતા તરફ પ્રયાણ

। અમદાવાદ, તા.૧ ।

અદાણી જૂથની ફ્લેગશીપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝ હેઠળની કચ્છ કોપર લિમિટેડનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે! આગામી અઠવાડિયાઓમાં કોપર સ્મેલ્ટરનું કામકાજ શરૂ થતાં મુન્દ્રા સ્થિત કોપર સ્મેલ્ટર વિશ્વના સિંગલ લોકેશન સૌથી મોટા સ્મેલ્ટરમાંનું એક બનશે. આ પ્રોજેક્ટ અંતર્ગત કોપર વિસ્તરણ ખર્ચ આશરે $700-800 મિલિયન થવાની ધારણા છે, જે યુનિટનો કુલ ખર્ચ આશરે $2 બિલિયન સુધી થશે.

કચ્છ કોપર હાલમાં લેટિન અમેરિકન દેશોમાંથી તેના કોપર કોન્સન્ટ્રેટનું સોર્સિંગ કરશે પરંતુ કોન્સન્ટ્રેટ માટે વધારાના સ્રોતોનો ઉપયોગ કરવા માટે ઓસ્ટ્રેલિયા અને આફ્રિકાના સપ્લાયર્સ સાથે પણ ચર્ચા-વિચારણા જારી છે. નજીકના ક્વાર્ટરમાં અપેક્ષિત ૫,૦૦,૦૦૦ ટન યુનિટ પહોંચ્યા બાદ તેની ક્ષમતા વધારીને દસ લાખ ટન કરવામાં આવશે.

વિશ્લેષકોના મતે આગામી નાણાકીય વર્ષ દરમિયાન સંપૂર્ણ વૃદ્ધિની ધારણા રાખીને કોપર સ્મેલ્ટર કામગીરી વાર્ષિક ધોરણે $250-300 મિલિયનની રેન્જમાં વ્યાજ, કર, ઘસારો અને એમોર્ટાઇઝેશન (EBITDA) પહેલાં કમાણી કરી શકે છે. કચ્છ કોપર સંપૂર્ણપણે અદાણી ગ્રુપની ઈન્ક્યુબેટર અદાણી એન્ટરપ્રાઈઝિસની માલિકીની કંપની છે. એકવાર તે શરૂ થયા બાદ ભારતની તાંબાની આયાતમાં મોટા પાયે ઘટાડો થવાની અપેક્ષા છે.

ઉત્પાદિત તાંબાના લગભગ ૪૦% ભાગનો ઉપયોગ અદાણી ગ્રુપના કેપ્ટિવ હેતુઓ માટે કરવામાં આવશે જેમાં નવીનીકરણીય ઉર્જા અને ટ્રાન્સમિશન વ્યવસાયોનો સમાવેશ થાય છે. તાંબાનો ઉપયોગ અદાણી ગ્રુપના વાયર અને કેબલ વ્યવસાયમાં પણ થશે જેની તાજેતરમાં શરૂઆત કરવામાં આવી છે.

સ્મેલ્ટર માટેનો બીજો તબક્કો પ્રારંભિક ૫,૦૦,૦૦૦ ટન થાય બાદ જ શરૂ થશે, તે હાલની કામગીરીમાંથી ઉદ્ભવેલા રોકડ પ્રવાહનો ઉપયોગ કરે તેવી શક્યતા છે. ભારતમાં, રિફાઈન્ડ કોપરની માંગ દર ક્વાર્ટરમાં ૨,૦૧,૦૦૦-૨,૧૮,૦૦૦ ટન વચ્ચે રહી છે, જેમાં ઓછામાં ઓછી એક ચતુર્થાંશ માંગ આયાત દ્વારા પૂરી કરવામાં આવે છે.

ભારત તાંબાનો આયાતકાર દેશ છે અને તેની પાસે તાંબાના અયસ્કના ખૂબ જ મર્યાદિત સંસાધનો છે. ભારતનો માથાદીઠ તાંબાનો વપરાશ આશરે ૦.૬-કિલો છે. ૨૦૩૦ સુધીમાં સ્થાનિક તાંબાની માંગ બમણી થવાની ધારણા છે. તેવામાં કચ્છ કોપર દેશને આત્મનિર્ભરતા તરફ લઈ જવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
CNN CHANNEL NINE NETWORK GUJARAT Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...